
વર્ષ : ૪૧ ♦ અંક : ૧૨
ડિસેમ્બર - ૨૦૧૭

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



ઘંટિયા પહાડ - ઈડરમાં સાત મુનિઓ પર
બોધામૃત વરસાવતા શ્રીમદ્ રાજચંદ્રજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થામાં યોજાયેલ ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર વેળાની તસવીરો
(તા. ૧-૧૨-૨૦૧૭ થી તા. ૩-૧૨-૨૦૧૭)


શ્રી જિનાભિષેક


પૂજ્યશ્રી પાવન નિશ્રા


બા.બ્ર.પૂ. ગોકુળભાઈ


પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ


બા.બ્ર. સુરેશજી


ભક્તિસંગીત વેળાએ

## સંસ્થા આયોજિત બોડી પ્રોફાઈલ (પેથોલોજી) તપાસ કેમ્પ દરમિયાનની તસવીરો (તા. ૩-૧૨-૨૦૧૭)





-: પ્રેરક :-
શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-
શ્રી મિતેશ એ. શાહ
ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-
ભારતમાં
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
પરદેશમાં
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) જગતની વિસ્મૃતિ અને સત્‌ના ચરણમાં વાસ ........... ...................... પૂજ્યશ્રી આત્માનંદજી ...... ૬
(૩) સુષુપ્ત અવસ્થા, સ્વપ્નાવસ્થા અને આનંદાવસ્થા ...... ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૮
(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ............... ..................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૧
(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન... પૂજ્ય બહેનશ્રી .... ૧૩
(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી..શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૫
(૭) શ્રાવકાચાર ..............બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૦
(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૩
(૯) આત્માની નિયતપ્રદેશત્વશક્તિ.. શ્રી વલભજી હીરજી .... ૨૮
(૧૦) શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્યમાં આધ્યાત્મિક મૂલ્યો ...... ................ શ્રી ગુણવંતભાઈ બરવાળિયા .... ૨૯
(૧૧) વાણીની પ્રભુતા ......... શ્રી વિભાબેન મહેતા .... ૩૫
(૧૨) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૭

વર્ષ : ૪૧ ડિસેમ્બર, ૨૦૧૭ અંક - ૧૨

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank** : Kotak Mahindra Bank
**Branch** : Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No.** : 08390020000044 • **IFS Code** : KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

અનંત ચોવીશી વીતી ગઈ છે. વર્તમાન ચોવીશીના પણ શ્રી આદિનાથથી શ્રી વીરપ્રભુ સુધીના તીર્થંકરો હવે રહ્યા નથી. "તીર્થંકરનો જોગ પૂર્વે થયો છે" એવું શાસ્ત્રવચન છે, છતાં પણ જીવને અત્યાર સુધી 'સત્' સમજાયું નથી, તે આપ પ્રભુએ અલ્પકાળમાં સમજાવી દીધું. તે આપના યોગબળનો અપૂર્વ પ્રભાવ છે ! અનંતકાળથી આથડતા અમને આપ સમર્થ સ્વામી અને સાચા રાહબર મળ્યા છો.

અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુરૂપ થતું હતું, તેને સમયમાત્રમાં જાત્યાંતર કરી ભવનિવૃત્તિ રૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને આપે નમસ્કાર કર્યા છે, તેમ અનંતકાળથી આથડતા અમને ધર્મ અને કર્મનો મર્મ સમજાવીને, સાચો મોક્ષમાર્ગ બતાવ્યો એવા કરુણામૂર્તિ અને કૃપામૂર્તિ આપને અમે અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરીએ છીએ. અમારા જીવનમાં આત્માના સનાતન ધર્મની આદિ કરનાર હોવાથી આપ અમારા માટે આદિનાથ જેવા છો અને શ્રમણભગવંત મહાવીર પ્રભુનો બોધ, શુદ્ધ સ્વરૂપમાં અમને પહોંચાડનાર હોવાથી આપ અમારા પરમગુરુ છો. વધારે શું કહીએ ?


અનંત ચોવીશી વહી ગઈ, થયો ન અમ ઉદ્ધાર,
આ ભવમાં તરણતારણ મળ્યા, રાજ નામ અવતાર.

શતાબ્દિ પછી આવશે શતાબ્દિ,
સહસ્ત્રાબ્દિ પછી સહસ્ત્રાબ્દિ,
તોયે ન ભૂલાય આવા ઉપકારી,
પરમપ્રભાવક કૃપાવતારી.

**પરમપ્રેમે આપને ફરી ફરી નમસ્કાર !**

# શ્રી સદ્ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક ૫૭૨

**મુંબઈ, ફાગણ વદ ૭, રવિ, ૧૯૫૧**

સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે, તેને શ્રી જિને તીવ્રજ્ઞાનદશા કહી છે. જે દશા આવ્યા વિના કોઈ પણ જીવ બંધનમુક્ત થાય નહીં, એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે; જે અખંડ સત્ય છે.

કોઈક જીવથી એ ગહન દશાનો વિચાર થઈ શકવા યોગ્ય છે, કેમ કે અનાદિથી અત્યંત અજ્ઞાન દશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે, તે પ્રવૃત્તિ એકદમ અસત્ય, અસાર સમજાઈ, તેની નિવૃત્તિ સૂઝે, એમ બનવું બહુ કઠણ છે; માટે જ્ઞાનીપુરુષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાની પુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી, જેથી ફરીફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે. જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે.

જ્ઞાનીપુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચવિષયાદિ દોષો છે. તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહેવું, અને પ્રાપ્તસાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહં-બુદ્ધિ છોડી દઈ, રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. અનાદિ દોષનો એવા પ્રસંગમાં વિશેષ ઉદય થાય છે. કેમ કે આત્મા તે દોષને છેદવા પોતાની સન્મુખ લાવે છે કે, તે સ્વરૂપાંતર કરી તેને આકર્ષે છે, અને જાગૃતિમાં શિથિલ કરી નાંખી પોતાને વિશે એકાગ્રબુદ્ધિ કરાવી દે છે. તે એકાગ્રબુદ્ધિ એવા પ્રકારની હોય છે કે, 'મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહીં થાય, હું અનુક્રમે તેને છોડીશ; અને કરતાં જાગૃત રહીશ;' એ આદિ ભ્રાંતદશા તે દોષ કરે છે; જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી, અથવા તે દોષ વધે છે, તેનો લક્ષ તેને આવી શકતો નથી.

એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઈ શકે છે : એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ; બીજો પ્રકાર વિચારથી કરી તેનું તુચ્છપણું સમજાવું.

વિચારથી કરી તુચ્છપણું સમજાવા માટે પ્રથમ તે પંચવિષયાદિના સાધનની નિવૃત્તિ કરવી વધારે યોગ્ય છે, કેમ કે તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય છે.

તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ સર્વથા કરવાનું જીવનું બળ ન ચાલતું હોય ત્યારે, ક્રમે ક્રમે, દેશે દેશે તેનો ત્યાગ કરવો ઘટે; પરિગ્રહ તથા ભોગોપભોગના પદાર્થનો અલ્પ પરિચય કરવો ઘટે. એમ કરવાથી અનુક્રમે તે દોષ મોળા પડે, અને આશ્રયભક્તિ દૃઢ થાય; તથા જ્ઞાનીનાં વચનોનું આત્મામાં પરિણામ થઈ તીવ્રજ્ઞાનદશા પ્રગટી જીવન્મુક્ત થાય.

જીવ કોઈક વાર આવી વાતનો વિચાર કરે, તેથી અનાદિ અભ્યાસનું બળ ઘટવું કઠણ પડે, પણ દિનદિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે અને પ્રવૃત્તિ પ્રવૃત્તિએ ફરી ફરી વિચાર કરે, તો અનાદિ અભ્યાસનું બળ ઘટી, અપૂર્વ અભ્યાસની સિદ્ધિ થઈ સુલભ એવો આશ્રયભક્તિ-માર્ગ સિદ્ધ થાય. એ જ વિનંતી.

■ ■ ■

# જગતની વિસ્મૃતિ અને સત્‌ના ચરણમાં વાસ

(આધાર : વચનામૃત પત્રાંક - ૨૯૯)

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



"ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું. અને એ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે, અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે, સમજાતું જાય છે."

**– શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક - ૨૯૯**

આ વચનો મુનિ અને શ્રાવક બધાને લાગુ પડે છે. આપણે શું ઇચ્છીએ છીએ ? જો આપણે સાધક, મુમુક્ષુ કે સમ્યક્‌દૃષ્ટિ હોઈએ તો મોક્ષને ઇચ્છીએ છીએ. અને જો અંતરમાં કોઈપણ પ્રકારની સાંસારિક એવા રાજા, મહારાજા, ઈન્દ્રાદિ પદોની ઇચ્છા હોય તો તે સાચો મુમુક્ષુ નથી. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે આ જગતમાં એક સોંય મૂકી શકાય તેટલી પણ જગ્યા એવી નથી કે જ્યાં સુખ હોય - એટલે કે દુઃખરૂપ ન હોય. માટે જ્ઞાની ધર્માત્માઓ હંમેશાં મોક્ષની જ ઇચ્છા રાખે છે. મોક્ષ એટલે અનંત શાશ્વત સુખની પ્રાપ્તિ. અનંત સુખ એટલે દુનિયા જેમાં સુખ માને છે તે સુખ નહીં પરંતુ અતીન્દ્રિય સુખ કે જે કોઈ પણ વસ્તુ કે ઇન્દ્રિયની સહાયતા વિના મળે છે, જે પોતાના આત્મામાં જ છે. જીવનો પ્રથમ મોક્ષ તો અહીં જ અરિહંત અવસ્થામાં આ ધરતી પર જ થાય છે. ત્યારબાદ દેહ છોડે ત્યારે સિદ્ધલોકમાં જાય છે. ભગવાનનો મોક્ષ થયો એટલે કે તેમણે રાગ, દ્વેષ અને અજ્ઞાનનો સંપૂર્ણ નાશ કર્યો. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે કે,

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ."

મોક્ષમાર્ગની પ્રાપ્તિ અર્થે આપણે જુદી જુદી ધર્મક્રિયાઓ કરીએ છીએ. જેમ કે અત્યારે આપણે સ્વાધ્યાયરૂપી ધર્મક્રિયા કરી રહ્યા છીએ, અન્ય પણ પૂજા, દાન, તીર્થયાત્રાદિ જેવા અનેક પ્રકારના ભાવો કરીને પણ અંતમાં તો આપણે એક જ ધ્યેય સિદ્ધ કરવાનું છે તે છે "જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું."

**ज्ञानक्रियाभ्यां मोक्षः ।**

જ્ઞાન અને ક્રિયાના સમન્વયથી સંવર-નિર્જરાની વૃદ્ધિ થાય છે અને અંતે સર્વ કર્મથી રહિત એવા મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ થાય છે. આવા અનંતસુખની પ્રાપ્તિ અર્થે જ ઋષભદેવ ભગવાને સંસારનો સમસ્ત વૈભવ ત્યાગી દીક્ષા અંગીકાર કરી આત્મધ્યાનમાં લીન થયાં. તેમના ૯૮ પુત્રો પણ તે જ માર્ગે ચાલ્યા; એટલે કે એમને સંસારમાં કોઈ પણ જગ્યાએ, કોઈ પણ પદાર્થમાં સુખ લાગ્યું નહીં. જો તેમાં સુખ હોત તો તેવા વૈભવનો તેમને ત્યાં તોટો ન હતો પરંતુ તે સમસ્ત ભૌતિક સુખોનો ત્યાગ કરી તેમણે શાશ્વત સુખ પ્રાપ્ત કરવાની સાધના કરી. આપણને પણ તેમના દિવ્ય જીવનનું અવગાહન કરતાં પ્રેરણા મળે છે કે ઉત્કૃષ્ટ આનંદ બહારમાં નથી પણ સ્વયં આપણા આત્મતત્ત્વમાં જ છે. હવે પરમ કરુણા કરીને શ્રી સદ્‌ગુરુદેવ તે આનંદને પ્રાપ્ત કરવા માટેના ઉપાયો - સાધનો અને તેની ઉપયોગિતા આપણને જણાવે છે;

(૧) **જપ** : તે મનને એકાગ્ર કરવાનું સારું

સાધન છે. જપ કરવાથી અન્ય વિકલ્પો ચિત્તમાંથી સહજ જ દૂર થાય છે અને ચિત્ત એકાગ્ર બને છે, નિર્મળ થાય છે. આપણે ચિત્તવિશુદ્ધિ અર્થે આ જપ રૂપી સાધના પણ કરવી જોઈએ.

(૨) **તપ :** તપના બાર પ્રકાર છે - છ બહિરંગતપ અને છ અંતરંગ તપ. આ બાર પ્રકારના તપ આત્માના લક્ષે કરવાથી પ્રથમ તો ઊંચા સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તપ કરતાં સમયે જેટલો સકામભાવ હોય તેટલું હલકા પ્રકારનું પુણ્ય બાંધી જીવ સ્વર્ગમાં જાય છે અને જો જીવ નિષ્કામભાવથી આત્મલક્ષપૂર્વક તપ કરે તો તેનાથી સંવર-નિર્જરા થાય છે અને ક્રમશઃ સર્વ કર્મરહિત એવા મોક્ષને પામે છે.

(૩) **શાસ્ત્રવાંચન :** એટલે સ્વાધ્યાય. વાંચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ આ પાંચ પ્રકારે ભગવાને સ્વાધ્યાય કહ્યો છે. સ્વ + અધિ + આય = સ્વાધ્યાય. એટલે પોતાના આત્મામાં રહેવાથી ઉપજતી શુદ્ધિની આવક. સ્વાધ્યાય શ્રાવક અને મુનિ બંને કરે છે. પરંતુ મુનિ માટે તો બે જ સાધન મુખ્ય કહ્યાં છે : (૧) સ્વાધ્યાય અને (૨) તપ (ધ્યાન મુખ્યરૂપથી).

આ બધા સાધન કરીને મુખ્ય તો એક જ વસ્તુ સાધ્ય કરવાની છે અને તે છે સર્વ કર્મોની નિર્જરા અને મોક્ષની પ્રાપ્તિ, પરંતુ દેશકાળ વિપરીત હોવાથી અને આપણી શક્તિ અલ્પ હોવાથી અહીંથી સીધો મોક્ષ મળે એવી કોઈ વ્યવસ્થા આ ક્ષેત્રે નથી પરંતુ મોક્ષમાર્ગની પ્રાપ્તિ તો આ કાળે, આ ક્ષેત્રે આજે પણ થઈ શકે છે. મોક્ષ તે આત્માની એક અવસ્થા છે. પોતાના આત્મામાંથી જ ઊપજેલો આનંદ છે અને તે આનંદ પ્રાપ્ત કરવાની શક્તિ માત્ર મનુષ્યભવમાં જ પ્રાપ્ત થાય છે. ગમે તેવો તાકાતવાળો સિંહ કે હાથી હોય કે મોટો દેવેન્દ્ર હોય તો પણ તે ભવે તે મોક્ષપ્રાપ્તિ કરી શકે નહીં, તેમને પણ જો મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો સૌ પ્રથમ મનુષ્યભવ ધારણ કરી મોક્ષમાર્ગની વ્યવસ્થાનું અનુસરણ કરવું પડે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ અમૂલ્ય તત્ત્વવિચારમાં કહ્યું છે,

"બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો."

આપણે જેને સુખ માનીએ છીએ તે તો સુખાભાસ માત્ર છે. એટલે જ કૃપાળુદેવે આગળ કહ્યું,

"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?"

આવા અમૂલ્ય અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ કરવા માટે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.

સત્‌ના ચરણમાં રહેવું એટલે સ્વાધ્યાય - ધ્યાનમાં રહેવું. સત્‌ના કાંઈ ચરણ હોતા નથી. પરંતુ અહીં અલંકારિક ભાષામાં લખ્યું છે કે સત્‌ના ચરણમાં રહેવું એટલે કે સત્‌માં સ્થિર થવું. સત્ એટલે પોતાનો શુદ્ધ ચૈતન્ય આત્મા. સાધક માટે તે જ શરણ છે. તેને પ્રાપ્ત કરવા માટે સાધક ભલે પંચપરમેષ્ઠિ ભગવાનનું શરણ લે પરંતુ તે પણ શુભભાવ છે. વાસ્તવમાં જો તે જ્યારે પોતાના આત્મામાં લીન થાય અને ઉત્તમ પ્રકારનું શુકલધ્યાન પ્રાપ્ત કરી સર્વકર્મોનો નાશ કરે અને અનંત આનંદરૂપ થાય તે જ ખરી રીતે સત્‌ના ચરણમાં રહેવું છે. સમ્યક્દષ્ટિ ધર્માત્મા જ્ઞાન અને વૈરાગ્યના અવલંબનથી પોતાના આત્માની શુદ્ધિ-વૃદ્ધિ કરે છે.

આપણે પણ આવા શુદ્ધાત્માને જેમણે પૂર્ણ પ્રગટ કર્યો છે તેવા પરમાત્મા તથા આંશિક પ્રગટ કર્યો છે તેવા સદ્‌ગુરુદેવના ચરણનું શરણ લઈ તેમના ચરણકમળના સેવનથી તેમણે જે મોક્ષપદ ઇચ્છ્યું છે તે પદ પ્રાપ્ત કરવા અર્થે તેમની આજ્ઞાનું આરાધન કરી રાગ-દ્વેષ, અજ્ઞાન ઘટાડવાની સાધના કરી તે શાશ્વત સુખ તરફ આગળ વધીએ એવી પ્રભુ-ગુરુને પ્રાર્થના.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

પરમનો સ્પર્શ - ૯૨

# સુષુપ્ત અવસ્થા, સ્વપ્નાવસ્થા અને આનંદાવસ્થા

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

ભક્તિભાવથી પૂર્ણ જગતને અને ભૌતિકતાથી સભર જગતને ક્યારેય મેળ ખાધો નથી.

ભક્તનું બેફીકરાઈથી ભરેલું નિઃસ્પૃહ જીવન અર્થલાભની દૃષ્ટિએ વિચારતું વ્યવહારકુશળ જગત સમજી શકતું નથી, એને એથી સાંખી શકતું નથી. આથી જ એને ખામોશ કરવા કાં ફાંસીના ફંદા પર ચડાવે છે અથવા તો એની સામે ઝેરનો કટોરો ધરે છે.

સંત મન્સૂર ફાંસીના ફંદા તરફ ઊંચે ચડતો જતો હતો, પણ સાથોસાથ એ મુક્ત મને ખડખડાટ હસતો હતો. મન્સૂરના વિરોધીઓ મૂઠીઓ વાળીને ને હાથ ફંગોળીને કાનમાં કીડા ખરી પડે તેવાં અપશબ્દો એને સંભળાવતા હતા, કોઈ કાંકરા કે પથ્થરોનો મારો ચલાવતા હતા, પણ આ બધાની સામે મન્સૂરનો તો એક જ જવાબ - બસ, મોજીલું ખડખડાટ હાસ્ય !

ફાંસી આપનારો જલ્લાદ ખુદ વિચારમાં - વિમાસણમાં પડ્યો. આ તે કેવો આદમી ! આજ સુધી એણે કેટલાયને ફાંસીએ ચડાવ્યા હતા. કોઈને થરથર ધ્રૂજતા જોયા હતા, કોઈને કાકલૂદી કરતાં કે ફાંસીના ફંદા પર ચડતા પહેલાં મોતના ભયથી મૃતવત્ જોયા હતા, કોઈને ભયથી બહાવરા કે બેબાકળા, અથવા તો કોઈને સૂનમૂન જોયા હતા, પણ આજ સુધી કોઈને બેફિકરાઈથી હસતા જોયા ન હતા !

એણે મન્સૂરને પૂછ્યું, ''અલ્યા, આટલું બધું ખડખડાટ હસે છે શાને ? તું સાવ વિચિત્ર લાગે છે. પાગલ તો નથી ને ?''

મન્સૂરે કહ્યું, ''પ્યારા જલ્લાદ, તને ખબર નથી ? આખરે આજે મારો વિજય થયો છે.''

જલ્લાદ કહે, ''તારો વિજય ? શાનો ? તને તો મોતની સજા મળી છે. આ લટકતો ફાંસીનો ફંદો તને દેખાતો નથી ?''

મન્સૂરે કહ્યું, ''જો ને, આખી જિંદગી મેં આ લોકોને ઊંચે જોવાનું કહ્યું. ખૂબ સમજાવ્યા કે જરા ઉપર ઊઠીને જુઓ તો ખરા. ખેર ! આજે ફાંસીને ફંદે લટકતા મન્સૂરને જોવા માટે કેટલું ઊંચે જુએ છે. વાહ ! મન્સૂર ! આખરે તું સફળ થયો.'' મન્સૂરનું આ કથન જલ્લાદને સહેજે સમજાયું નહિ, પરંતુ મન્સૂરના આ કથન પાછળ ગહન મર્મ છુપાયો હતો.

માણસ ક્યારેય ઊંચે જુએ છે ખરો ? માનવી માત્ર પોતાના શરીરને જુએ છે. ફક્ત પોતાના સુખ-સગવડ અને સુવિધાનો જ અહર્નિશ વિચાર કરે છે. એના સઘળા વિચાર અને વર્તન શરીરની આસપાસ ફેરફૂદરડી ફરતાં હોય છે. એને પાર જાય છે ખરો ? આપણા વ્યક્તિત્વને કેટલું બધું દેહસુખમાં ઓગાળી દીધું છે ! કદાચ ભક્તિનો તંતુ પકડીએ, તો પણ તેને એક યા બીજા પ્રકારે દેહમાં દાટી દઈએ છીએ. કોઈ શક્તિનો અણસાર મળે તો આસક્તિમાં ડૂબાડી દઈએ છીએ. નવજાગરણની કોઈ વિરલ ક્ષણ કે ચેતનાની નવીન ઉષ્મા શરીરની ચીલાચાલુ ઉપાસનાને પસંદ નથી. શરીરમાં લપેટાયેલો માનવી ક્યારેય સ્વજીવ કે સ્વસુખથી ઊંચે જોઈ શકતો નથી.

માનવી બ્રહ્માંડના વિરાટ સ્વરૂપનો વિચાર કરે છે, પરંતુ એ ખુદ પોતાના સ્વ-રૂપને જાણતો નથી. એ એમ માને છે કે આ શરીર છે એ જ હું

છું. એનાથી અન્ય બીજું કશું નથી. એને પરિણામે શરીરની આસપાસ એની સઘળી ક્રિયા-પ્રતિક્રિયાઓ જોડાયેલી રહે છે.

જો શરીરને સુખ મળે તો એ તરત કહેશે કે આજે તો ભારે મજા આવી હોં ! અને જો શરીરમાં વેદના થાય તો એ દુઃખભરી ચીસો પાડશે. એની આખીય વિચારસૃષ્ટિ એના દેહની ચોપાસ ભ્રમણ કરતી હોય છે અને તેથી પોતાના શરીર સાથે એ માત્ર આત્મીયતા જ અનુભવતો નથી, પરંતુ એનું સમગ્ર અસ્તિત્વ એની સાથે ઓળઘોળ કે આત્મસાત્ થઈ જાય છે. એનું શરીર દોડે છે, તો માને છે કે પોતે દોડે છે, એનું શરીર ખાય છે તો માને છે કે પોતે ખાય છે. મીઠાઈ ખાય છે, ત્યારે મિષ્ટાન્નનું મધુર પાન કરતો હોય તેવો ભાવ અનુભવે છે. એના શરીરને રોગ થાય છે એટલે માને છે કે મને રોગ થયો છે. આમ, માણસ એનું કામ ઇન્દ્રિયો દ્વારા કરે છે, છતાં એ માને છે કે હું જ કામ કરું છું અને એટલે 'હું' એટલે શરીર અને 'હું' એટલે એ વ્યક્તિ.

આવે સમયે એને શરીરની સુખ-દુઃખની ચંચળ સ્થિતિનો કે ક્ષણભંગુરતાનો ખ્યાલ આવતો નથી. શરીરથી પર એવું કોઈ તત્ત્વ એનામાં નિહિત છે, એનો લેશમાત્ર અણસાર પણ હોતો નથી. એના શરીરના કોઈ એક ભાગમાં પીડા થાય એટલે એ સમગ્ર શરીરમાં પીડા થઈ હોવાનું અનુભવે છે, એટલું જ નહીં, પણ વ્યક્તિ સ્વયં એ પીડાથી ચિંતાગ્રસ્ત બની જાય છે. શરીરની પાછળ દોટ મૂકતો માનવી એની બધી ઇન્દ્રિયોને એની આસપાસ કામે લગાડે છે અને ધીરે ધીરે ઇન્દ્રિયોના સુખને શરીરસુખ સાથે જોડી દે છે. એનું મન પણ શરીરમાં જ ધબકતું, જીવતું અને ડૂબેલું હોય છે.

આવી વ્યક્તિ જ્યારે નિદ્રાધીન બને છે ત્યારે એ સ્વપ્નની લીલા જોતી હોય છે. એ પોતે પલંગમાં પોઢ્યો હોય છતાં દુનિયા આખીમાં ઘૂમી વળે છે. એ સ્વપ્નની દુનિયામાં ક્યાંય ક્યાંય લટાર મારી આવે છે અને સ્વપ્ન અવસ્થા સમયે એ બધી વાત સાચી માને છે. હકીકતમાં એનું અજાગ્રત મન દૂર દૂર સુધી ફરી આવતું હોય છે અને એટલે જ્યારે એની જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય શાંત પડી ગઈ હોય, ત્યારે નિદ્રા સમયે એ શરીરથી નહીં, બલ્કે મનથી સતત કાર્ય કરતો હોય છે. અહીં બે પરિસ્થિતિ ઊભી થાય છે. વ્યક્તિનું શરીર નિદ્રાને કારણે શાંત છે અને એનું મન પ્રવૃત્ત છે. એનો અર્થ એ કે એની પાસે શરીર ઉપરાંત મન પણ છે.

હવે જો વ્યક્તિને અતિ ગાઢ નિદ્રા આવી જાય એટલે કે એની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો તો શાંત થઈ ગઈ હોય, પણ એની સાથોસાથ એનું સમગ્ર ચિત્ત પણ શાંત થઈ જતું હોય છે. આ ગાઢ નિદ્રા સમયે એ એની આસપાસનું વાસ્તવ જગત સદંતર ભૂલી જાય છે. એની નજીકમાં જ સાપ ફેણ માંડીને બેઠો હોય, તો પણ એને એ દેખાતો નથી. એટલે કે વ્યક્તિના માત્ર શ્વાસ(પ્રાણ) જ ચાલતા હોય છે. માત્ર પ્રાણ પૂરતું જ જીવન છે એમ લાગે અને એનો અર્થ એ થયો કે વ્યક્તિ ગાઢ નિદ્રામાં હોય ત્યારે પણ એના પ્રાણ ચાલે છે.

આ જ ગાઢ નિદ્રા અને મૃત્યુની અવસ્થા વચ્ચેનો ભેદ છે. ગાઢ નિદ્રામાં વ્યક્તિની સઘળી ઇન્દ્રિયો શાંત હોય છે, તેથી એ આસપાસના કોઈ પ્રતિભાવ ઝીલતી નથી. ઘણીવાર વ્યક્તિ ખૂબ ઊંઘ્યા પછી એમ કહેતી હોય છે કે હું તો એવો ઊંઘ્યો કે મને કશી ખબર જ ન પડી. આવી ગાઢ નિદ્રા આવી ગઈ તેના અનુભવનો સાક્ષી તો કોઈ હશે જ, કારણ કે વ્યક્તિ એવો તો અનુભવ કરતી જ હશે કે આ ગાઢ નિદ્રા વખતે બહારની દુનિયા ભૂલી ગયો હતો, એ સ્વપ્નલોકમાં પણ ગયો નથી.

એનો અર્થ એ કે જ્યારે વ્યક્તિ ગાઢ નિદ્રામાં

ડૂબેલો હતો, ત્યારે એની સાથે એનું શરીર નહોતું. એના શરીરની ચિંતા જોડાયેલી નહોતી. ઇન્દ્રિયોની કોઈ બાહ્ય લોલુપતા નહોતી. મન આમ તેમ ભટકતું નહોતું. એનો અર્થ જ એ કે એ શરીરથી, ઇન્દ્રિયોથી અને મનથી પર છે. ગાઢ નિદ્રાનો એ અનુભવ પામે છે અને અનુભવનો સાક્ષી તો કોઈ હોવો જોઈએ ને ! આવા અનુભવની સાક્ષી ઇન્દ્રિયો હોતી નથી, કારણ કે ઇન્દ્રિયોથી એને સમજી શકાતી નથી. મનમાં તો સંકલ્પ, વિકલ્પ જાગતા હોય છે, પરંતુ આ ગાઢ નિદ્રાના સાક્ષી બનનાર તો સંકલ્પ, વિકલ્પ રહિત હોય છે. એ નિર્લેપ અને નિરંજન હોય છે અને તેથી જ શરીરને ડર લાગે છે. મન ભ્રમણ કરે છે, જ્યારે સાક્ષી આ શરીર અને મનથી જુદો હોવાથી નિર્ભય છે.

એ ભયથી રહિત છે અને સાથોસાથ સુખ-દુઃખથી પણ રહિત છે. શરીર કે મનને સુખ કે દુઃખનો ભાવ થતો હોય છે, પરંતુ આ સાક્ષી તો એ બધાથી પર હોય છે અને તે પર હોવાને કારણે સુખ-દુઃખથી રહિત છે. શરીર, મન અને ઇન્દ્રિય એ ત્રણેય કાળમાં એકસરખા રહી શકતા નથી, માટે એ અસત્ છે. જ્યારે સાક્ષી એ ત્રણેય કાળમાં એકસરખો રહી શકે છે, માટે સાક્ષી એ સત્ છે. શરીરને જન્મવાનું હોય છે અને મૃત્યુ પામવાનું હોય છે, જ્યારે સાક્ષી તો અજર અને અમર હોય છે.

આ રીતે સાક્ષી એ અનુભવની એક અવસ્થા છે, જે અવસ્થા શરીર, મન અને ઇન્દ્રિયથી પર છે. એને પામવા માટે પણ એ બધાથી ઊંચે ઊઠવું જોઈએ. આથી જ ગ્રંથોમાં આવા સાક્ષીનું માર્મિક વર્ણન મળે છે. એની વિશેષતાઓ જ એના સ્વરૂપને પ્રગટ કરે છે. જેમકે આ સાક્ષી નિરાકાર, નિરંજન, નિર્ભય, અજર-અમર, સંકલ્પ-વિકલ્પ રહિત હોય છે. ભગવાન મહાવીર કે મહાત્મા બુદ્ધના સાધનાજીવનમાં ક્યારેય કોઈ વિકલ્પ જાગ્યા નહોતા. આનું કારણ એ કે તેઓ સાક્ષીભાવમાં ડૂબેલા હતા. આ સાક્ષીભાવ જગાડવા માટે ઘણા લક્ષણોનું પાલન કરવાનું હોય છે અને વ્યક્તિ એ લક્ષણોનું પાલન કરીને જ્ઞાન પ્રાપ્ત કરે છે.

હકીકતમાં આવાં લક્ષણો ઉપનિષદ્‌ના ઋષિઓએ પણ બતાવ્યા છે અને એમણે બ્રહ્મની ઓળખ આપતી વખતે આ બધાં વિશેષણો પ્રયોજ્યાં છે, એવી જ રીતે ‘શ્રીમદ્ ભગવદ્‌ગીતા’માં પણ આ જ્ઞાનસ્વરૂપની ઓળખ આપવામાં આવી છે. ભક્તો અને સંતોએ પણ પોતાની રીતે ઈશ્વરની ઓળખ આપી છે. પ્રત્યેક વ્યક્તિની ઈશ્વરની ઓળખ એના સાધનામાર્ગમાંથી પ્રગટ થઈ રહી છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોર ઈશ્વરને કહે કે ‘ઈશ્વર મોટા મોટા સામ્રાજ્યથી વિમુખ થઈ શકે છે, પણ નાનાં-નાનાં પુષ્પોથી નહીં.’ એનો અર્થ એ કે આ કવિને પુષ્પોનાં સૌંદર્યમાં ઈશ્વરનો અણસાર સાંપડે છે, તો એ જ ઈશ્વરને જોવા માટે ગાંધીજી શ્રદ્ધાનાં તત્ત્વનું મહત્ત્વ કરે છે. એમના મતે ઈશ્વર નિરાકાર છે અને એનું દર્શન આંખથી નહીં, પણ શ્રદ્ધાથી થઈ શકે. સ્વયં મહાત્મા બુદ્ધે કહ્યું છે કે ‘જે ઈશ્વર સંબંધે પૂછે છે તે ભૂલ કરે છે અને એનો જે ઉત્તર આપે છે તે પણ ભૂલ કરે છે.’

આ ઈશ્વર શાસ્ત્રો કે ધર્મગ્રંથોમાં છુપાયેલો નથી અને એથી તો રામકૃષ્ણ પરમહંસ જેવા પરમ ભક્ત એમ કહે છે કે માત્ર ધર્મગ્રંથો કે શાસ્ત્રો વાંચીને ઈશ્વરને જાણવો તે તો એવી વાત છે કે જેમ નકશામાં બનારસ શહેર જોઈને એનું વિવરણ સાંભળવું. તો કોઈ જ્ઞાનયોગી એમ કહેશે કે ઈશ્વર એ તો સુખ-દુઃખરહિત, આનંદસ્વરૂપ અને સાક્ષીરૂપ છે. આ જ્ઞાનમાર્ગનો પ્રવાસી આ સાક્ષીને પરમાત્મા કે પરબ્રહ્મ કહેશે. ઈશ્વર કે ‘ગૉડ’ જે કહેવું હોય તે કહો, પણ એ સાક્ષી જ છે. એકસરખા લક્ષણોવાળી

**(અનુસંધાન પાના નં. ૧૯ પર...)**

### શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત
# સમાધિતંત્ર - અમૃતરસપાન
### (ક્રમાંક - ૫૧)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સકલજગત હિતકારક, સંસારભવાબ્ધિતારક, નિજ વૈભવમાં સદા કેલિધારક એવા પરમકૃપાળુદેવની અધ્યાત્મગિરામાં પત્રાંક-૧૬૬માં આલેખિત થયું કે "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે ? નીચેનાં વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને મેં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી મંગળરૂપ માન્યાં છે, મોક્ષનાં સર્વોત્તમ કારણરૂપ માન્યાં છે : (૧) માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું." અર્થગંભીર દિવ્યધ્વનિમાં એ જ આશય પ્રગટ થાય છે કે બાહ્ય ઈન્દ્રિયોનો રસ છોડ્યા વિના છૂટકો નથી. સરળતા, વિશાળતા મધ્યસ્થતા અને જિતેન્દ્રિયપણું એ સદ્‌ગુણો પ્રથમ ભૂમિકામાં જ કહ્યાં છે. પછી જીવની વિશેષ અધ્યાત્મ યોગ્યતા ઘડાતી જાય છે.

ગતાંકમાં વિશેષાર્થમાં એક પદનો અર્થ વિચાર્યો હતો.

(૨) **मां विशेषेभ्यो प्रच्याव्य** - મારા આત્માને પાંચ ઈન્દ્રિયોના વિષયોથી હટાવીને - દૂર કરીને - વૃત્તિમાંથી મુક્ત થઈને. પૂ. પૂજ્યપાદ આચાર્ય કહે છે કે બાહ્ય ઈન્દ્રિયોના વિષયોથી મારા આત્માને મુક્ત કરીને, મારા આત્માને મારામાં સ્થિત કરીને જ્ઞાન સ્વરૂપ આત્માને હું અનુભવું છું. નિજાશ્રયથી આત્મા પ્રાપ્ત થાય છે તેવી અત્યંત ગહન અધ્યાત્મ ગરિમાને આચાર્યશ્રી ફરમાવે છે. બીજા પદના વિશેષાર્થનો અભ્યાસ કરીએ.

(૩) **मया एव मयि स्थितं** - મારા વડે, મારામાં. આ શ્લોકમાં પૂ. આચાર્યદેવે આ બે શબ્દો અર્થસૂચક મૂક્યાં છે. આ બે શબ્દો અધ્યાત્મ શુદ્ધમાર્ગના દ્યોતક છે. અધ્યાત્મ અસ્મિતાને ઉજાગર કરનારા આ બે શબ્દોમાં અધ્યાત્મ સોપાનપંક્તિનો આધાર છે.

પરમાત્મપદ मयि स्थितं મારામાં સ્થિત છે. અન્ય સ્થાનેથી મળવા યોગ્ય નથી. હું સ્વયં આત્મા સન્મુખ ઉપયોગને વાળું તો મારામાંથી સ્વવેદન કરી શકું છું. બીજા કોઈ બાહ્ય સાધનથી આત્મસંવેદન થઈ શકે તેમ નથી. અંશે પણ બીજાનો આધાર મળી જાય તો આત્મસાક્ષાત્કાર થાય અને આત્મવેદન થોડું સહેલું પડી જાય. કાં તો શાસ્ત્રનું અવલંબન હોય, અથવા સદ્‌ગુરુનું અવલંબન હોય, કાંતો વ્રત-તપનું અવલંબન હોય તો આત્માનો અનુભવ થાય. આ અભિપ્રાયથી જીવ જીવતો હોય તે સાધકને આ શ્લોકના અભ્યાસથી સ્વ-દોષ દર્શન થાય છે અને मयि एव मयि स्थितं આ વાત સમજાય છે.

એકવાર વાત સમજાઈ જાય તો જીવ સીધા માર્ગે ચાલ્યો જાય છે. કોઈને પ્રશ્ન થાય કે કોઈના સહારા વિના, સદ્‌ગુરુની કૃપા વિના, મંત્રજાપ કે ભક્તિ ન હોય તો આત્મજ્ઞાન કાંઈ થઈ શકે ? આ બધું તો જોઈએ જ. આ અભિપ્રાય અંતરમાં પડ્યો હોય તો પૂ. આચાર્યદેવ કહે છે કે પરમાત્મપદની પ્રાપ્તિ નિજાશ્રયે થાય છે. मयि एव मयि स्थितं આ વાતને દૃઢ કરવી, અંતરમાં ઉતારવી પરમ આવશ્યક છે.

પણ કથાનુયોગમાં આવે છે કે ભગવાનના

દર્શન થતાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. વળી, દિવ્યધ્વનિ સાંભળી સમ્યગ્દર્શન થયું. પૂ. બેનશ્રી અનુભવ પહેલા પદો બોલતા હતા કે 'કંચન વરણો નાહ રે મને કોઈ મિલાવો.' અહીં સમજણ અને અભિપ્રાય સ્પષ્ટ કરવો આવશ્યક છે કે જે જીવને સ્વસંવેદનની ભાવના છે તેને ફિલ્મના કે નાટક ચેટકના ભાવ નહિ આવે. તે આત્મા પ્રથમ તો સદ્ગુરુને શોધશે. પછી आणाए धम्मो, आणाए तवो તે પ્રમાણે સદ્ગુરુબોધનો આશય સમજી આત્મસાધના કરશે. પણ અભિપ્રાયમાં સાધકને સદ્ગુરુએ બોધ દીધો છે કે વત્સ ! જ્યારે સ્વસંવેદન - આત્મ અનુભવ થશે તે તારા આત્માને આશ્રયે થશે. પુરુષાર્થ તારે કરવાનો છે અને શ્રદ્ધામાં આત્માને ઘૂંટવાનો છે. આતમભાવના તું ભાવતો રહેજે. તારામાં ગુપ્ત રહેલા ખજાનાને તારે જ ખોજવાનો છે. આત્મસામર્થ્યથી આત્મવેદન થાય છે એવું પૂ. આચાર્યદેવે આ શ્લોકમાં દર્શાવ્યું છે.

'યમ નિયમ સંજમ આપ કિયો' આ પદમાં પરમકૃપાળુદેવની દિવ્ય સરસ્વતી કહે છે,

"કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલ સેં,
જબ સદ્ગુરુચર્ન સુપ્રેમ બસેં.
તનસેં, મનસેં, ધનસેં, સબસેં
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં."

જ્યારે ગુરુદેવની આજ્ઞાનો સ્વીકાર થાય ત્યારે પાત્રતા કેળવાય છે ને તે આજ્ઞાનો આશય - સ્વ - આત્મ બસેં - નિજાશ્રયમાં જીવનો પુરુષાર્થ પ્રારંભાય ત્યારે मया एव मयि स्थितं બને છે. પરમકૃપાળુદેવની સરસ્વતી અતિ ગહન અને ગંભીર છે. मया एवं - મારા વડે મારામાં સ્થિત છે, તે પ્રાપ્તિ મારા વડે થાય છે. સાધન ભિન્ન નથી, તે જ છે.

'आर्हत् भाष्यम्'માં પૂ. વિદ્યાસાગરજી મહારાજ કહે છે. इसी अवस्था में निश्चयनय के विषयवाली निश्चय षट्कारको की व्यवस्था होती है। मैं कर्ता रूप से प्राप्त हुआ अनन्त शक्तिमान चैतन्य स्वभाववाला कर्मकारक रूप से शुद्ध अनन्त शक्ति ज्ञान सम्पन्न आत्मा को करणकारक रूप से शुद्ध नय के विषयभूत अनन्त शक्ति ज्ञानरूप परिणत होने से अनन्त दर्शन, अनन्त ज्ञान, अनन्त वीर्य, अनन्त सुख से युक्त अपने अधिकरण, में ही ठहरतां हूँ। इसलिए हंमेशा सभी प्रकार से निश्चयमोक्षमार्ग ही उपादेय है ।

ક્યાંય પણ એકાન્તનો અભિપ્રાય બંધાય જાય તો મોક્ષમાર્ગથી ચ્યુત થાય છે. અનેકાન્તદર્શન પણ એકાન્ત એવા નિજપદને માટે છે. જો નિજપદ પ્રાપ્ત ન થાય તો અનેકાન્ત દર્શન - જૈન દર્શન - આત્મ દર્શનનો હેતુ સિદ્ધ થતો નથી. સહુ જ્ઞાનીઓ જીવને ઉપરની ભૂમિકાની પ્રાપ્તિનો માર્ગ બતાવે છે. જે ભૂમિકામાં સાધના ચાલે છે તેને નીચેની ભૂમિકાનો હેતુ હોય નહિ. આ સૂક્ષ્મતાને અંતરમાં સમજવી આવશ્યક છે.

(૩) **परमानन्दनिवृत्तं** - પરમાનંદથી રચાયેલા પૂ. આચાર્યદેવ અહીં સ્પષ્ટ કરે છે કે આત્મા અને ઈન્દ્રિયોના વિષયોને ભિન્ન કરવાના સાધન જુદાં નથી. પ્રજ્ઞા એ જ સાધન છે. તેનાથી બંનેને ભિન્ન કરી શકાય છે. ગ્રંથાધિરાજ સમયસારે મોક્ષ અધિકાર ગાથા ૨૯૪થી ૨૯૯ સુધી આ ભાવને ઘૂંટાવ્યા છે.

(હરિગીત)

"જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણી થકી છેદતા બન્ને જુદા પડી જાય છે. (૨૯૪)

જીવ-બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ લક્ષણે,
ત્યાં છોડવો એ બંધને, નિજ ગ્રહણ કરવો શુદ્ધને. (૨૯૫)

**(અનુસંધાન પાના નં. ૨૨ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૧૫)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૧૫)**

**मेरे न चाह कछु और इश,**
**रत्नत्रयनिधि दीजे मुनीश ।**
**मुझ कारज के कारण सुआप,**
**शिव करहु हरहु मम मोहताप ॥**

**શબ્દાર્થ :** હે પ્રભો ! મારા હૃદયમાં બીજી કોઈ ઇચ્છા નથી. મને રત્નત્રયરૂપી નિધિ આપી દો. મારા પરમકલ્યાણનું કારણ આપ જ છો. મારા મોહ રૂપી તાપનો નાશ થઈ જાય અને હું પરમપદ-મોક્ષપદને પ્રાપ્ત કરું એ જ મારી ભાવના છે.

**વિશેષાર્થ :**

ભક્ત વિચક્ષણ છે. તેણે ભગવાનને દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી જાણ્યા છે અને તેથી પોતાના આત્માને પણ જાણી, શ્રદ્ધી અને અનુભવી લીધો છે. આવા અપરંપાર ઉપકારને લીધે પરમાત્મા સિવાય તેને કાંઈ ગમતું નથી. તેના મોહનો અંશે નાશ થઈ જાય છે.

"જે જાણતો અરિહંતને ગુણ દ્રવ્યને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે."

**– શ્રી પ્રવચનસાર - ૮૦**

હે પ્રભો ! તમે મારો આત્મા બતાવી દીધો, હવે રત્નત્રયનિધિ એટલે પૂર્ણ મોક્ષ પણ આપી દો. પરમાત્મા, સદ્ગુરુ અને તેમની વાણી સાધકને મોક્ષની પ્રાપ્તિ માટે ઉત્કૃષ્ટ નિમિત્ત છે. યથાઃ -

- સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
  સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.

  **– શ્રી આત્મસિદ્ધિ**

- "કેવળજ્ઞાન ઉત્પન્ન થવાના છેલ્લા સમય સુધી સત્પુરુષના વચનનું અવલંબન વીતરાગે કહ્યું છે..." **– શ્રી રા. વ. પત્રાંક ૭૫૧**

- "જે સ્વરૂપજિજ્ઞાસુ પુરુષો છે, તે પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા ભગવાનના સ્વરૂપમાં પોતાની વૃત્તિ તન્મય કરે છે; જેથી પોતાની સ્વરૂપદશા જાગ્રત થતી જાય છે અને સર્વોત્કૃષ્ટ યથાખ્યાતચારિત્રને પ્રાપ્ત થાય છે."

  **– શ્રી રા.વ.પ. ૭૫૩**

- પ્રભુવાણી ! તું મંગલમયી
  મુજ શારદા હું સમજતો,
  વળી ઈષ્ટવસ્તુ દાનમાં,
  ચિંતામણી હું ધારતો;
  સુબોધને પરિણામ શુદ્ધિ
  સંયમ ને વરસાવતી,
  તું સ્વર્ગના દિવ્ય ગીત સુણાવી
  મોક્ષલક્ષ્મી અર્પતી.

  **– શ્રી અમિતગતિ સામાયિકપાઠ**

- "માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે."

  **– શ્રી રા.વ.પ. ૨૧૩**

સાધક ધર્માત્મા ભગવાનને 'મુનીશ' કહે છે - એટલે મુનિઓના સ્વામી ગણધરદેવ છે અને ભગવાન ગણધરના પણ સ્વામી છે. સાધકને પરમ વિનય પ્રગટી ગયો છે. તે કહે છે કે મારે હવે એક

જ કાર્ય કરવાનું છે - તે છે મોક્ષની પ્રાપ્તિ. તે મારા કાર્યને પૂરું આપ જ કરી શકશો તેવો મને પૂર્ણ વિશ્વાસ છે. આવી સાચી ભક્તિ પ્રગટે તો અવશ્ય મોક્ષ સહજ પ્રાપ્ત થઈ જાય.

- "શુભ શીતળતામય છાંય રહી,
  મનવાંછિત જ્યાં ફળ પંક્તિ કહી;
  જિનભક્તિ ગ્રહો, તરુકલ્પ અહો,
  ભજીને ભગવંત ભવંત લહો."

**– શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ-૧૫**

પરમકૃપાળુ દેવ વ. ૫. ૨૮૩માં પૂજ્ય શ્રી સોભાગભાઈને લખે છે,

"ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે, એમ લાગે છે. એવો ભગવતને લોભ શા માટે હશે ?"

આ અલૌકિક પત્રમાં પરમકૃપાળુદેવે ભક્તિનું રહસ્ય સમજાવ્યું છે. સાચી ભક્તિ કરવી તે ખાંડાના ખેલ છે.

- ભૂતળ ભક્તિ પદારથ મોટું
  બ્રહ્મલોકમાં નાહિ રે;
  પુણ્ય કરી અમરાપુરી પામ્યા
  અંતે ચોરાશી માંહી રે.

**– ભક્તકવિ નરસિંહ મહેતા**

સાચા ભક્તની ધીરજની ઘણી કસોટી થાય છે. શબરીબાઈએ ઘણાં વર્ષો ધીરજ રાખી અને અંતે તેમની ભક્તિને વશ થઈ ભગવાન રામ પધાર્યા. ચંદનબાળાની ધીરજ ખૂટી ગઈ, આંખમાં આંસુ આવી ગયા અને ભગવાન મહાવીરે આહાર લીધો.

- "મહાત્મા કબીરજી તથા નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્ભુત, અને સર્વોત્કૃષ્ટ હતી, તેમ છતાં નિઃસ્પૃહા હતી."

**– શ્રી રા.વ. ૨૩૧**

સુદામાજીને શ્રીકૃષ્ણ પ્રત્યે અનન્ય પ્રેમ હતો. ભગવત્ભક્તિ સિવાય તેમની બીજી કોઈ ઇચ્છા નહોતી.

**પરમાર્થ :**

આપણે પણ પરમાત્માના સાચા ભક્ત બનીએ. ભગવાનને આપણા હૃદયના સિંહાસન પર બિરાજમાન કરીએ અને આપણે તેમના ચરણોમાં રહીએ.

- "તુજ ચરણકમળનો દીવડો,
  રૂડો હૃદયમાં રાખજો,
  અજ્ઞાનમય અંધકારનો
  આવાસ તુરત બાળજો;
  તદ્રૂપ થઈ તે દીવડે
  હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
  તુજ ચરણયુગ્મની રજમહીં
  હું પ્રેમથી નિત્ય ડૂબતો."

**– શ્રી અમિતગતિ સામાયિકપાઠ**

આપણી ભક્તિ કેવી હોવી જોઈએ - તે માટે પૂજ્યશ્રી આત્માનંદજી વ્યાખ્યા આપે છે -

"Total Unilateral unconditional enlightened surrender."

એટલે આપણી ભક્તિ સંપૂર્ણ, એકતરફી, બિનશરતી, પ્રજ્ઞાયુક્ત (પ્રબુદ્ધ) અને સમર્પણ સહિતની હોવી જોઈએ. આવા ભક્તને ભગવાન મોક્ષનું દાન કરી દે છે કારણ કે ભગવાન તો મોક્ષના દાતા છે.

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

**કોણ કરશે કામ મારું, પૂછે સ્વયં રવિ,**
**સાંભળી જગત છે સ્તબ્ધ, નિરુત્તર છવિ;**
**માટીનું કોડિયું ત્યારે બોલ્યું શીશ નામી,**
**મારી જેટલી શક્તિ, તે પ્રમાણે હું કરીશ સ્વામી.**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથ જિન સ્તવન

ગણિશ્રી દેવચંદ્રજીએ શ્રી સુમતિનાથ સ્તવનની શરૂઆતની ગાથાઓ દ્વારા વીતરાગ પરમાત્માનાં સૈદ્ધાંતિક, સ્યાદ્‌વાદયુક્ત પણ વિસ્મયકારક સ્વરૂપનું દર્શન કરાવ્યું. પ્રયોજન તો એક જ છે કે કોઈ ભવ્ય જીવ જિનપદ સમજીને નિજપદને પામે. દેહથી માંડીને અનેકાનેક પૌદ્‌ગલિક પર વસ્તુઓની મોહાસક્તિમાં જીવ પોતાના જ મૂળ સ્વરૂપથી અપરિચિત રહ્યો છે. તે મોહપાશમાંથી છોડાવવા શ્રી દેવચંદ્રજી હવે કૃપા કરીને પુદ્‌ગલથી ભિન્ન જીવના સ્વરૂપનો પરિચય કરાવે છે :

**જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા,**
**પુગ્ગલાધાર નહિ તાસરંગી;**
**પરતણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા,**
**વસ્તુધર્મે કદા ન પરસંગી. અહો૦ ૬**

**શ્રીમદ્‌ રાજચંદ્રજીએ કરેલ આ ગાથાનો અર્થ :**

આપણા પરમ સદ્‌ભાગ્યે પરમકૃપાળુદેવે પત્રાંક - ૩૨૦માં આ ગાથાનો ઉલ્લેખ કરીને પત્રાંક - ૩૨૨માં તેનો સંક્ષેપ અર્થ કરેલ છે. તે સૌ પ્રથમ અવલોકીએ : " *'જીવ એ પુદ્‌ગલી પદાર્થ નથી, પુદ્‌ગલ નથી, તેમ પુદ્‌ગલનો આધાર નથી, તેના રંગવાળો નથી; પોતાની સ્વરૂપસત્તા સિવાય જે અન્ય તેનો તે સ્વામી નથી, કારણ કે પરની ઐશ્વર્યતા સ્વરૂપને વિષે હોય નહીં. વસ્તુત્વધર્મે જોતાં તે કોઈ કાળે પણ પરસંગી પણ નથી.' એ પ્રમાણે સામાન્ય અર્થ 'જીવ નવિ પુગ્ગલી' વગેરે પદોનો છે."* (પત્રાંક-૩૨૦-શ્રી સૌભાગ્યભાઈ પર - તેમાં માત્ર આ ગાથા લખી છે અને તેથી એમ અનુમાન કરી શકાય કે શ્રી સૌભાગ્યભાઈએ ગાથાના અર્થ માટે વિનંતી કરી હશે, જેથી કૃપાળુદેવે કૃપા કરી પત્રાંક-૩૨૨માં તેમને આ અર્થ લખી મોકલ્યો છે) (નવિ = નથી; પુગ્ગલી = પૌદ્‌ગલિક પદાર્થ; નૈવ = એમ પણ નથી; કદા = કદાપિ; તાસરંગી = તેના રંગવાળો; ઈશ = સ્વામી, ઈશ્વર; અપર = પરનું નહિ; વસ્તુધર્મે = વસ્તુના સ્વભાવથી)

**વિશેષાર્થ :** અનાદિકાળથી આ જીવને પુદ્‌ગલનો સંયોગ રહ્યો છે, જેમાં મુખ્ય છે પુદ્‌ગલનો પીંડ એવો આ દેહ. તેનો જીવ સાથેનો સંબંધ એટલો બધો ગાઢ, ક્ષીર-નીરવત્‌ એકક્ષેત્રાવગાહ છે કે જીવ પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલીને 'હું દેહ છું' એવો ભ્રમ અનાદિથી સેવતો આવ્યો છે. વળી, તે દેહના સંપર્કમાં આવતાં ધન, વૈભવ, ઘરબાર આદિ પૌદ્‌ગલિક પદાર્થો તેમજ સ્ત્રી-પુત્રાદિમાં અહં-મમત્વ કરી તે ભ્રમ વધુ દૃઢ થાય છે. પરિણામે કર્મબંધનથી અનંત જન્મ-મરણના દુઃખ ભોગવે છે. તે પુદ્‌ગલની ચુંગલમાંથી છોડાવવા શ્રી દેવચંદ્રજી ચાર પ્રકારે અહીં જીવ અને પુદ્‌ગલના વસ્તુસ્વરૂપની સમજણ આપે છે : (૧) **"જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા."** જીવ તે પુદ્‌ગલ નથી તેમજ પુદ્‌ગલના સ્કંધરૂપ પૌદ્‌ગલિક પદાર્થ પણ નથી, કારણ કે જીવ તે ચૈતન્યસ્વરૂપ છે, જેનું અસાધારણ લક્ષણ જ્ઞાન છે; જ્યારે પુદ્‌ગલ તો જડસ્વરૂપ છે, જેનું અસાધારણ લક્ષણ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ છે. ચૈતન્ય-લક્ષણવાળો જીવ તે જડત્વ લક્ષણવાળા પુદ્‌ગલરૂપ કદાપિ ન બની શકે. "કોઈ કોઈ પલટે નહિ છોડી આપ સ્વભાવ" એમ શ્રીમદ્‌જી કહે છે. આટલું અંતરમાં સમજાય તો 'હું દેહ છું' એવો ભ્રમ દૂર થઈ જાય. (૨) **"પુગ્ગલાધાર નહિ, તાસરંગી"** જીવ એક સ્વતંત્ર દ્રવ્ય છે. તેના 'અસ્તિત્વ' ગુણને લીધે સ્વભાવથી જ તે અનાદિ અનંત ટકવાવાળો નિત્ય

પદાર્થ છે. તેથી પોતાના અસ્તિત્વને ટકાવવા તેને કોઈ ધન, વૈભવ આદિ પદાર્થની કે પુદ્‌ગલરૂપ દેહની કે સ્ત્રી-પુત્રાદિ પરસંયોગના આધારની જરૂર નથી. "તેના વિના હું કદાપિ જીવી ન શકું" — એ માત્ર જીવનો ભ્રમ છે. અનાથી મુનિની ચરિત્રકથા આ વાત સિદ્ધ કરે છે કે ભયંકર રોગ આવતાં માતા,પિતા, સ્ત્રી, પુત્ર કોઈ આધારરૂપ ન બન્યું, માત્ર ધર્મ જ શરણરૂપ બન્યો. બીજું કહે છે **"નહિ તાસરંગી"** — આત્મા તે પુદ્‌ગલના રંગવાળો નથી, કારણ કે આત્મા તો અરૂપી જ્ઞાનસ્વરૂપ પદાર્થ છે. તેથી 'હું ગોરો, હું કાળો' એવું દેહાભિમાન પણ તજવા યોગ્ય છે. મેક-અપ, hair-dye આદિથી માત્ર શરીર પર રંગ ચઢે, તે કંઈ આત્મામાં ન જાય - હા, જીવ ઉપર માત્ર તે વડે મોહ-મમત્વનો કષાયરંગ ચઢે ! (૩) **"પર તણો ઈશ નહીં, અપર ઐશ્વર્યતા."** નિશ્ચયનયથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ ન કરી શકે એ દ્રવ્ય-સ્વાતંત્ર્યના ત્રિકાળ અબાધિત જગત-નિયમ પ્રમાણે જીવ પરનો ઈશ કે પરનો સ્વામી ન બની શકે. ઘર-નગર આદિનો માત્ર ઉપચારથી માલિક કહેવાય. પુણ્યોદયથી મળેલ અઢળક સંપત્તિ, મહેલ, પોતાના પ્રાઈવેટ પ્લેન આદિથી જીવ પોતાનું ઐશ્વર્ય માને છે. પણ તે સર્વ ક્ષણભંગુર હોવાથી ખરેખર ઐશ્વર્ય નથી. પોતાની ચૈતન્યસત્તા અને તેની સાથે શાશ્વત રહેતા અનંત ગુણો, તે જ જીવનું ઐશ્વર્ય છે. વળી, ઐશ્વર્યયુક્ત 'કહેવાતા' પર પદાર્થો - જેમ કે સોના, ચાંદી, હીરા, મોતીનો એક પરમાણુ પણ જીવમાં પ્રવેશી શકતો નથી, તેથી "અપર ઐશ્વર્યતા" — તેમ છતાં તેની આસક્તિ કરી જીવ બંધનમાં પડે છે. અને (૪) **"વસ્તુધર્મે કદા ન પરસંગી"** - વસ્તુનો સ્વભાવ જ એવો છે કે જીવના સ્વચતુષ્ટય (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ) જુદા અને પરના સ્વચતુષ્ટય જુદા - તેથી જીવ કદાપિ તાદાત્મ્યપણે પરનો સંગી ન થઈ શકે. જીવ અને શરીરનો સંગ માત્ર સંયોગે કરી છે તેથી જ બન્ને મરણ સમયે છૂટાં પડે છે. આમ, ચાર પ્રકારે નાસ્તિરૂપ કથનથી શ્રી દેવચંદ્રજીએ જીવ-પુદ્‌ગલ સંબંધની તત્ત્વદૃષ્ટિ આપી આપણને પુદ્‌ગલના મોહપાશમાંથી છોડાવવાની કૃપા કરી. આવી જ તત્ત્વદૃષ્ટિથી શ્રી સુમતિનાથ આદિ તીર્થંકરોએ તેમજ સર્વ જ્ઞાની પુરુષોએ કઈ રીતે આત્મકલ્યાણ કર્યું તે હવે કહે છે :

**સંગ્રહે નહીં, આપે નહીં પરભણી,**
**નવિ કરે આદરે ન પર રાખે;**
**શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગી જિકે,**
**તેહ પરભાવને કેમ ચાખે ! અહો૦ ૭**

**શબ્દાર્થ :** (જ્ઞાની પુરુષો) પરવસ્તુનો સંગ્રહ કરે નહીં, તેમજ અન્યને આપે પણ નહીં. તેઓ પરવસ્તુને કરે નહીં, આદરે નહીં કે રાખે પણ નહીં. શુદ્ધ સ્યાદ્‌વાદમય નિજભાવના, અર્થાત્ સ્વરૂપના જે ભોગી થાય છે, તે પછી પરભાવોને શા માટે ચાખે ?

**વિશેષાર્થ :** શ્રી સુમતિનાથ પ્રભુ તેમજ સર્વ જ્ઞાનીપુરુષોએ સ્યાદ્‌વાદમય અર્થાત્ શરૂઆતમાં કહ્યું તેમ નિત્યતા - અનિત્યતા, અસ્તિતા - નાસ્તિતા, સ્વ-પર પ્રકાશક એવું અનેકાંતયુક્ત દેહથી ભિન્ન શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે અને તે વડે નિજભાવમાં રમણતા કરી જ્ઞાનાનંદ આદિ અનંત ગુણોરૂપ ઐશ્વર્યને ભોગવી રહ્યા છે. એવા અચિંત્ય આત્મસ્વરૂપનો આસ્વાદ માણ્યા પછી અને તેનાથી કૃતકૃત્ય થયા પછી શા માટે તુચ્છ એવા પરદ્રવ્ય અને પરભાવનો સ્વાદ લેવા જાય ? પૂજ્યશ્રી રાકેશભાઈ કહે છે તેમ જેને અંદરમાં જ ઠંડક વર્તતી હોય તેને ice-creamની શી જરૂર ! તાત્પર્ય એ કે તેમને "આત્માથી સૌ હીન" લાગે છે અને તેથી હવે પરપદાર્થનો નથી સંગ્રહ કરતા કે નથી ત્યાગ કરતા; નથી પરનું કર્તાપણું; નથી તેનો મહિમા કે આદરભાવ કે નથી તેને રાખવાની અલ્પ પણ ઇચ્છા.

આત્મા 'પરનો ઈશ', સ્વામી જ નથી તો તેનો શું સંગ્રહ કે શું ત્યાગ ? જ્ઞાનીની આવી દશાને 'અદ્ભુત દશા' કહીને શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક ૩૨૫માં તે દશા વર્ણવતો શ્રી બનારસીદાસજીનો સમયસાર નાટકનો દોહો ટાંક્યો છે અને પત્રાંક ૩૨૮માં તેનો અર્થ લખ્યો છે તેનાથી શ્રી દેવચંદ્રજીની આ ગાથા વધુ સ્પષ્ટ થશે.

*જબહીતેં ચેતન વિભાવસોં ઉલટિ આપુ,*
*સમૈ પાઈ અપનો સુભાવ ગહિ લીનો હૈં;*
*તબહીતેં જો જો લેનેજોગ સો સો સબ લીનો,*
*જો જો ત્યાગજોગ સો સો સબ છાંડી દીનો હૈ;*
*લેવેકોં ન રહી ઠોર, ત્યાગીવેકોં નાહીં ઓર,*
*બાકી કહા ઉબર્યો જુ, કારજ નવીનો હૈ;*
*સંગત્યાગી, અંગત્યાગી, વચનતરંગ ત્યાગી,*
*મનત્યાગી, બુદ્ધિત્યાગી, આપા શુદ્ધ કીનો હૈ.*

પાંચમી અને છઠ્ઠી પંક્તિ જે સ્તવનની ગાથાને અનુરૂપ છે તેનો અર્થ પરમકૃપાળુદેવ કરતાં કહે છે કે : *"સ્વરૂપનું ભાન થવાથી પૂર્ણ કામપણું પ્રાપ્ત થયું. ... અર્થાત્ જેમ થવું જોઈએ તેમ થયું ત્યાં પછી બીજી લેવાદેવાની જંજાળ ક્યાંથી હોય ? એટલે કહે છે કે, અહીં પૂર્ણકામતા પ્રાપ્ત થઈ."*

પ્રભુની આવી અદ્ભુત દશા પ્રત્યે માત્ર આશ્ચર્ય કરી દેવચંદ્રજી સંતુષ્ટ થતા નથી પરંતુ તેનાથી પોતાની પ્રભુભક્તિ પુષ્ટ થતાં પોતામાં શું પરિવર્તન આવ્યું અને દરેક સાધકમાં તેમ થવું જોઈએ તેનો ઈશારો કરતાં કહે છે :

**તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી,**
**ઉપજે રુચિ તેણે તત્ત્વ ઈહે;**
**તત્ત્વરંગી થયો દોષથી ઊભગ્યો,**
**દોષ ત્યાગ્યે ઢલે તત્ત્વ લીહે. અહો૦ ૮**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! તારી શુદ્ધતાનું આશ્ચર્યસહિત ભાવભાસન થવાથી સાધકને તેની રુચિ ઉપજે છે અને તેને તત્ત્વ (જાણવાની) ઈચ્છા થાય છે. તે તત્ત્વથી રંગાયેલો દોષોથી મુક્ત થવા લાગે છે અને દોષત્યાગથી તે નિજતત્ત્વમાં રમણતા કરવા તરફ ઢળે છે. (ભાસ = ભાસન, ભાસવું; તત્ત્વ = શુદ્ધાત્મતત્ત્વ; ઈહે = ઈચ્છે છે; ઊભગ્યો = મુક્ત થયો, નિવૃત્ત થયો; ઢલે = તરફ ઢળે છે; તત્ત્વ લીહે = તત્ત્વમાં રમણતા કરે છે)

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી પ્રભુને સંબોધતાં કહે છે કે હે પ્રભુ ! તારી શુદ્ધતા, તારા શુદ્ધ સ્વરૂપ પ્રત્યે મને જે આશ્ચર્ય થયું હતું (જેની વાત શરૂઆતની ગાથાઓમાં થઈ) અને તેનાથી તારા પ્રત્યે જે અત્યંત બહુમાન જાગ્યું હતું તેના ફળ સ્વરૂપે મને તેનું ભાવભાસન થવા લાગ્યું છે. હવે તારી પ્રતિમાના દર્શન કરતી વખતે તારી શુદ્ધતાના જ દર્શન થાય છે. તારી ભક્તિથી સર્વ સાધકના ભક્તહૃદયમાં આવું જ ભાસન થતું હશે. અર્થાત્ પ્રભુ જેવા કેટલાક ગુણો જેમ કે, શાંતિ, સમત્વ, પરિતૃપ્તપણું, પ્રસન્નતા, નિરાકુળતા - એવા ગુણોનો આંશિકપણે સાધકને સ્વયં અનુભવ થવા લાગે છે. અને તેથી હવે તેને પ્રભુ જેવા થવાની **"ઉપજે રુચિ"** — અંતરંગ રુચિ ઉપજે છે અને **'તત્ત્વ ઈહે'** - પ્રભુ જેવા જ પોતાના શુદ્ધાત્મતત્ત્વને પ્રગટાવવાની પ્રબળ ઈચ્છા, 'માત્ર મોક્ષ અભિલાષ' જાગે છે. આવો પ્રબળ સંવેગ હવે તેને **'તત્ત્વરંગી'** બનાવે છે. સત્દેવ-ગુરુ-ધર્મની પ્રેમભક્તિથી રંગાયેલા આ સાધક ઉપર હવે કદી ન ઊતરે એવા આત્મિક સદ્ગુણોનો રંગ ચઢતો જાય છે. *"સાચો રંગ તે ધર્મનો, બીજો રંગ પતંગ રે."* — એવો તત્ત્વરંગી બનતો જાય છે. હવે તેને સંસારના બધા રંગ ફીક્કા લાગે છે અને તે મેલા રંગને વૈરાગ્યજળથી ધોઈને, આત્માને સત્યનો રંગ ચઢાવે તેવા સત્સંગથી જિનેશ્વર પ્રરૂપિત તત્ત્વજ્ઞાન પામી તે તત્ત્વરંગી થતો જાય છે. 'રુચિ અનુયાયી વીર્ય' હવે તેને સમ્યક્ચારિત્રના માર્ગે આગળ વધારે છે જ્યાં **'દોષથી ઊભગ્યો'** - તેના સ્વચ્છંદ, અહંકાર,

આસક્તિ, પ્રમાદ, વિષયલોલુપતા આદિ દોષો વિલીન થવા લાગે છે અને **"દોષ ત્યાગ્યે ઢલે તત્ત્વ લીહે"** – દોષોનો ત્યાગ કરી આ સાધક પ્રભુપ્રેમમાં વધુ ને વધુ રંગાતો, પ્રભુની વધુ ને વધુ નિકટતા સાધતો જિનપદમાંથી નિજપદ તરફ 'ઢલે', ઢળવા લાગે છે અને એક ધન્ય પળે 'તત્ત્વ લીહે' – નિજતત્ત્વમાં લીન થઈ સ્વરૂપમાં રમણતા કરવા લાગે છે. એટલું જ નહિ, તે પરમ સમાધિદશા તરફ કેવો આગળ વધે છે તે હવે કહે છે :

**શુદ્ધ માર્ગે વધ્યો, સાધ્ય સાધન સધ્યો;**
**સ્વામી પ્રતિછંદે સત્તા આરાધે;**
**આત્મનિષ્પત્તિ તિમ સાધના નવિ ટકે,**
**વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે. અહો૦ ૯**

**શબ્દાર્થ :** સાધક હવે શુદ્ધ મોક્ષમાર્ગે આગળ વધતો જાય છે. બધા સાધન દ્વારા સાધ્યની સિદ્ધિ થઈ રહી છે. (સુમતિનાથ) સ્વામી જેવા જ પોતાની આત્મસત્તાને આરાધે છે. આત્મપ્રાપ્તિ થયા પછી સાધના સમાપ્ત થાય છે અને વસ્તુઓનો ત્યાગ થઈ આત્મા સમાધિને પામે છે. (સ્વામી પ્રતિછંદે = પ્રભુના પ્રતિબિંબરૂપ, પ્રભુના જેવું; સત્તા =આત્મસત્તા, ચૈતન્યસત્તા; આત્મનિષ્પત્તિ = આત્માની સિદ્ધિ થવી; ઉત્સર્ગ = ત્યાગ)

**વિશેષાર્થ :** જેમ જેમ સાધકમાં પ્રભુભક્તિનો અને શુદ્ધાત્મતત્ત્વની શ્રદ્ધાનો રંગ જામતો જાય છે, સ્વરૂપની રુચિ વધતી જાય છે, દોષો નાશ પામતા જાય છે, તેમ તેમ તે શુદ્ધ માર્ગે અર્થાત્ નિશ્ચય મોક્ષમાર્ગમાં આગળ વધતો જાય છે. તેનાં ભક્તિ, પૂજા, સત્સંગ, જ્ઞાનાભ્યાસ, જપ, તપ આદિ સર્વ સાધનો હવે પારમાર્થિક અને સ્વ-લક્ષી હોવાથી દિનપ્રતિદિન સાધક અને તેના સાધન આત્મપ્રાપ્તિના સાધ્યની સિદ્ધિ કરવા તરફ જ આગળ વધે છે. વળી **'સ્વામી પ્રતિછંદે'** સુમતિનાથ સ્વામીમાં સાધક પોતાનું જ પ્રતિબિંબ જુએ છે; અર્થાત્ મારો આત્મા તેમના જેવો જ શક્તિ અપેક્ષાએ છે - 'સહજાત્મ-સ્વરૂપ પરમગુરુ' - એવી ભાવના કરી **'સત્તા આરાધે'** સ્વામીના દર્શનમાં નિજ ચૈતન્યસત્તાનું દર્શન કરી તે સત્તાનું ભાવભાસન અને વેદન કરવાનો નિરંતર અભ્યાસ આરાધે છે. (જિનમંદિરમાં અરીસા વડે પ્રભુનું પ્રતિબિંબ જોવાની ક્રિયા પાછળ આ જ આશય છે.) આ અભ્યાસથી જ્યારે **'આત્મનિષ્પત્તિ'** આત્માની સિદ્ધિ થાય છે ત્યારે **'સાધના નવિ ટકે'** - પછી કોઈ સાધના કરવાની બાકી રહેતી નથી. જેમ મધમાખી ફૂલ ઉપર જ્યાં સુધી બેસે નહિ, ત્યાં સુધી ગણગણ અવાજ કરે પણ જેવી ફૂલ પર બેસીને રસ ચૂસવા લાગે કે ગણગણાટ બંધ ! તેમ સાધ્યની પ્રાપ્તિ થતાં સર્વ સાધનાનો અવાજ બંધ ! સર્વ 'વસ્તુઓનો ઉત્સર્ગ' એટલે ત્યાગ કરી, અર્થાત્ સર્વ સાધન, સાધનાના વિકલ્પોનો ઉત્સર્ગ કરી, તે શુભ વિકલ્પોને પણ વિરામ આપી સાધક-સાધન-સાધ્ય એકરૂપ થઈ **'આતમ સમાધે'** - સાધક પરમાનંદરૂપ નિર્વિકલ્પ આત્મસમાધિને પામે છે. જુઓ, પ્રભુના ગુણાનુરાગથી શરૂ થયેલ યાત્રા કેવા સર્વોત્તમ સ્થાને પહોંચી જાય છે ! આવી 'આત્મનિષ્પત્તિ' થતાં પ્રભુના ઉપકારનું વેદન કરતાં શ્રી દેવચંદ્રજી અંતિમ ગાથામાં કહે છે :

**માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા,**
**તેહનો હેતુ પ્રભુ તુંહિ સાચો;**
**દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો,**
**તત્ત્વ ભક્તે ભવિક સકળ રાચો. અહો૦ ૧૦**

**શબ્દાર્થ :** મારી શુદ્ધ આત્મસત્તાની પૂર્ણતાનું સાચું કારણ તો હે પ્રભુ ! તું જ છો. તેથી જ દેવેન્દ્રો તેમજ આ દેવચંદ્રે આપની સ્તુતિ કરી છે અને નિર્ગ્રંથ મુનિ ભગવંતોએ તો આપનો અનુભવ કર્યો છે. હે સર્વ ભવિકજનો ! તમે પણ પ્રભુની તાત્ત્વિક ભક્તિમાં રાચો. (હેતુ = કારણ; સ્તવ્યો = સ્તુતિ કરી; ભવિક = ભવ્ય જીવો)

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી સ્તવનની પૂર્ણાહુતિ પ્રભુનો ઉપકાર માન્યા વિના કરી જ ન શકે ! કહે છે, મને જે શુદ્ધ ચૈતન્યસત્તાની ઉપલબ્ધિ થઈ તેનો હેતુ, તેનું સાચું કારણ, હે પ્રભુ ! તું જ છે. કોઈ અપેક્ષાએ વિદ્વાનો ભલે કહેતા કે કાર્ય ઉપાદાનથી થાય છે. પરંતુ હે પ્રભુ ! તારા વિના મારું અનાદિકાળથી અજ્ઞાનમાં સૂતેલું ઉપાદાન કઈ રીતે જાગૃત થાત ? તેથી હે પ્રભુ ! તું નિમિત્ત અને હું ઉપાદાન એવો ભેદ પાડવો મને તો જરાય પોષાય એમ નથી. મારી આત્મસિદ્ધિનું મને તો માત્ર ને માત્ર એક જ સાચું કારણ દેખાય છે. અને તે છે મારા સુમતિનાથ પ્રભુ ! આ જ તો વિનયગુણની પરાકાષ્ઠા છે, જ્યાં રહ્યો સહ્યો અહંકાર પણ નષ્ટ થઈ જાય છે. વળી, મારી આત્મસિદ્ધિની પૂર્ણતા અર્થાત્ કેવળજ્ઞાન સુધી પણ પ્રભુ તું જ સાચો હેતુ રહેવાનો કારણ કે ૧૨મા ગુણસ્થાનના અંત સુધી મારે જિનવચનોનું અવલંબન રહેવાનું છે. (જુઓ શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક - ૫૭૫)

આવા પરમ ઉપકારી, પરમ હિતકારી શ્રી સુમતિનાથ પ્રભુની સ્તુતિ દેવેન્દ્રોએ કરી છે, આ પ્રભુનો સેવક દેવચંદ્ર પણ કરે છે અને સર્વ નિર્ગ્રંથ મુનીશ્વરોએ પણ પ્રભુભક્તિનો અનુભવ કરી આત્માનુભવ કર્યો છે એમ કહી શ્રી દેવચંદ્રજી સર્વ ભવિક જનોને આહ્‌વાન કરે છે કે હે ભવ્યાત્માઓ ! તમે સર્વે પણ પ્રભુની આવી તાત્ત્વિક ભક્તિમાં રાચો, તેમાં લીન થાઓ તો તમે પણ અમારી જેમ જ્ઞાનાનંદમય સમાધિદશાને પામશો એમ પ્રેરણા કરી "સવી જીવ કરું શાસનરસી"ની ભાવના સહિત ગણિશ્રી સ્તવનની પૂર્ણાહુતિ કરે છે.

જેમ શ્રી દેવચંદ્રજી પ્રભુનો ઉપકાર વેદે છે, તેમ આપણે સૌ શ્રી દેવચંદ્રજીનો ઉપકાર માનીએ કે તેમણે આ સ્તવન દ્વારા પ્રભુની એક તાત્ત્વિક, સૈદ્ધાંતિક, વિસ્મયકારક, અનેકાંતમય, નવીનતાભરી ઓળખાણ કરાવી. વસ્તુધર્મ બતાવી પુદ્‌ગલના મોહથી છોડાવ્યા, પ્રભુ જેવા બનવાની રુચિ ઉપજાવી 'તત્ત્વરંગી' બનાવ્યા. તે માટે તેમને કોટિ કોટિ વંદન કરી આ સ્તવનની વિચારણા અહીં સમાપ્ત થાય છે. સ્તવનના અર્થઘટનમાં શ્રી દેવચંદ્રજીના અભિપ્રાયથી કંઈ પણ વિપરીત લખાયું હોય તો સર્વ જ્ઞાની પુરુષોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

## પરમનો સ્પર્શ - ૯૨ : સુષુપ્ત અવસ્થા, સ્વપ્નાવસ્થા અને આનંદાવસ્થા

**(પાના નં. ૧૦ પરથી ચાલુ...)**

બે વસ્તુઓ જેમ ન હોય અને હોય તો એ બંને એક જ ગણાય, તેથી સાક્ષી તે જ પરમ બ્રહ્મ છે.

જ્ઞાનમાર્ગના ગ્રંથોમાં બ્રહ્મનું રહસ્ય આપવામાં આવ્યું છે. જો કે એમ કહેવાય છે કે એનું સ્વરૂપ એવું છે કે જે વાણીથી વર્ણવી શકાય નહીં. એ એવી પરમ આનંદમય અવસ્થા છે કે જે અવસ્થાને જીવનની બીજી કોઈ અવસ્થા સાથે સરખાવી શકાય નહીં.

માનવી જાગતો હોય તો એ જાગ્રત અવસ્થામાં છે, સુષુપ્તિમાં હોય તો એ સુષુપ્ત અવસ્થા છે અને મીઠાં મધુરાં-ડરામણાં કે વિચિત્ર સ્વપ્નોમાં ડૂબેલો હોય તો એ સ્વપ્નાવસ્થા છે, પરંતુ ઈશ્વરનું - પરમનું - જે તત્ત્વ છે તે સાવ જુદું છે અને તે આનંદાવસ્થા છે. અંતઃકરણના આનંદરૂપે એની પ્રતીતિ થાય છે અને આવા આનંદ સાથે શરીરનો કોઈ સંબંધ હોતો નથી, તેમાં ઇન્દ્રિયોની કોઈ લીલા હોતી નથી, મનના વિચારોથી એ પર હોય છે. આવા અંતઃકરણના આનંદને જ્ઞાનીઓ શુદ્ધ સત્ત્વ કહે છે, અને આવા શુદ્ધ સત્ત્વ અથવા આનંદમય અવસ્થાનો જે સાક્ષી, જે તત્ત્વ છે તે જ સાક્ષી છે, એ જ બ્રહ્મ છે.

• • •

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
**(ક્રમાંક - ૧૧)**

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

### ★ ચાર શિક્ષાવ્રત ★

જેનાથી મુનિવ્રત પાળવાની શિક્ષા મળે છે તેને શિક્ષાવ્રત કહે છે. અર્થાત્ શિક્ષાવ્રત મુનિવ્રતોને પાળવાનો પૂર્વાભ્યાસ છે. તેને પાળવાથી ધીરે ધીરે મુનિવ્રતોને પાળવાની યોગ્યતા આવે છે તેથી તેને શિક્ષાવ્રત કહે છે. તેની સંખ્યા ચાર કહી છેઃ-

### (૧) સામાયિક શિક્ષાવ્રત :

સામાયિક શબ્દ મૂળરૂપથી 'સમય' શબ્દથી બન્યો છે. 'સમય' માં 'ઇક' પ્રત્યય લગાવવાથી સામાયિક બન્યો છે. 'સમય' શબ્દ પણ સમ + અય આ બે અવયવોથી બન્યો છે. 'સમ' ઉપસર્ગ છે, જેનો અર્થ 'એકરૂપ' છે તથા 'અય' નો અર્થ ગમન કે થઇ જવું છે. અર્થાત્ **'એકરૂપ થઇ જવું'** એવો સમય શબ્દનો અર્થ છે અને એકરૂપ થઇ જવું જ જેનું પ્રયોજન છે તેને સામાયિક કહે છે. આ તેનો વ્યુત્પત્તિ અર્થ છે અથવા સર્વ પદાર્થો પરથી રાગ-દ્વેષનો ત્યાગ કરીને નિયત સમય માટે સમત્વભાવમાં સ્થિર રહેવું 'સામાયિક' છે અથવા સર્વ આરંભ - પરિગ્રહ, સર્વ પાપો અને સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરીને મન, વચન, કાયના યોગને સ્થિર કરીને ઉપયોગને સ્વરૂપમાં અથવા સ્વરૂપ ચિંતનમાં અથવા તત્ત્વચિંતનમાં લગાવીને નિયત સમય સુધી રાગ-દ્વેષ રહિત થવું સામાયિક કહેવાય છે. ઉપરોક્ત સ્વરૂપવાળા સામાયિકને પ્રતિદિન બે કે ત્રણવાર પ્રતિજ્ઞાપૂર્વક કરવું તે સામાયિક નામનું શિક્ષાવ્રત છે. સામયિકનો મૂળ ધ્યેય આત્મસ્થિરતા છે. આસ્રવનિરોધ વિના આત્મસ્થિરતા થઇ શકતી નથી. માટે સર્વ પ્રકારના આહાર, આરંભ-પરિગ્રહ આદિ પાપાસ્રવના કારણોના ત્યાગનું વિધાન કર્યુ છે તથા મન, વચન, કાયાના યોગને સ્થિર કરીને મનોવૃત્તિ નિરીહ કરી રાગ-દ્વેષ રહિત અવસ્થા પ્રાપ્ત થતાં પાપ અને પુણ્ય બન્ને પ્રકારના આસ્રવોનો નિરોધ થઇ જાય છે. આ જ સામાયિકનું મૂળ પ્રયોજન છે. અર્થાત્ પાપપ્રવૃત્તિઓનો ત્યાગ તથા સમત્વભાવ આ બન્ને મળીને સામાયિકનું પૂર્ણ ફળ પ્રદાન કરે છે.

★ **સામાયિકની વિધિ :** આમ તો ભિન્ન ભિન્ન દેશકાળ અને પોતાની ગુરુપરંપરા અનુસાર સામાયિકની વિધિમાં ભિન્નતા હોઇ શકે છે, પરંતુ પ્રયોજનમાં ભિન્નતા કદાપિ થઇ શકે નહીં. તેથી પોતાનું મૂળ પ્રયોજન સધાય એવી સર્વ સામાન્ય આગમોક્ત વિધિનો અહીં ઉલ્લેખ કરીએ છીએ.

સામાયિક લેનાર સાધકે સર્વ પ્રથમ કાયોત્સર્ગ મુદ્રામાં ઊભા રહીને નવ વાર નમસ્કારમંત્રનો ભાવપૂર્વક જાપ કરવો જોઇએ. પછી વર્તમાનમાં વિહરમાન તીર્થંકરો, અરિહંતો તથા સાધુઓ અને અઢી દ્વીપમાં જેટલા કૃત્રિમ - અકૃત્રિમ જિનચૈત્ય - ચૈત્યાલય છે તેમને વિશેષ નમસ્કાર કરવા માટે ચારે દિશાઓમાં એક-એક વાર ત્રણ ત્રણ આવર્ત તથા એક શિરોનતિ સાથે ત્રણ-ત્રણ વાર નમસ્કારમંત્રનો જાપ કરવો જોઇએ. અર્થાત્ એક દિશા તરફ મુખ કરીને પ્રથમ કાયોત્સર્ગ મુદ્રામાં ત્રણ વાર નમસ્કાર મંત્ર જપવો, પછી બન્ને હાથ જોડીને કાંડા સુધી હથેળીઓને ફેરવીને ફેરવતા ફેરવતા વંદન કરવા તેને આવર્ત કહેવાય છે. એવું એક દિશામાં ત્રણ વાર ઊભા-ઊભા જ કરવું. પછી ગવાસન કે અન્ય અનુકૂળ આસનમાં તે દિશામાં એકવાર બેસીને મસ્તક નમાવીને શિરોનતિ કરવી, આ રીતે ચારે

દિશાઓમાં કરવું. ફરી ઊભા-ઊભા જ એકવાર સર્વ પૂજ્યપદોને ભાવપૂર્વક નમસ્કાર કરવા. પછી ઊભા-ઊભા જ સર્વ જીવોથી વૈરભાવનો ત્યાગ કરીને સર્વઆરંભ, પરિગ્રહ, આહાર અને પાપોનો ત્યાગ જઘન્ય બે ઘડી, મધ્યમ ચાર ઘડી તથા ઉત્કૃષ્ટ છ ઘડી માટે પ્રતિજ્ઞાપૂર્વક કરવો. પછી પોતાના માટે અનુકૂળ આસનમાં શાંતભાવે બેસી જવું જોઇએ. પછી મનને એકાગ્ર તથા નિર્મળ કરવા માટે મૈત્રી આદિ ચાર ભાવનાઓ કે અનિત્યાદિ બાર ભાવનાઓ, પંચ પરમેષ્ઠિ ભગવંતોનું સ્વરૂપ અથવા જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ અથવા ક્ષમાદિ દશધર્મો કે રત્નત્રયનું સ્વરૂપ અથવા પોતાનું સ્વરૂપ આદિનું અત્યંત શાંતભાવથી ચિંતન કરવું જોઇએ. એની સાથે જ સર્વ પ્રકારના અજ્ઞાત ભયો, સંદેહો, ચિંતાઓ આદિનો સર્વથા ત્યાગ કરી દેવો જોઇએ. આ રીતે વિધિપૂર્વક તથા ઉપયોગપૂર્વક એકાગ્ર શાંતભાવથી સામાયિક કરવાથી અનંત કર્મોની નિર્જરા થાય છે તેમાં અલ્પ પણ સંશય કરવો જોઇએ નહીં અને અપૂર્વ આહ્લાદપૂર્ણ આત્મિક આનંદ તેનું સાક્ષાત્ ફળ છે.

### ★ સામાયિક શિક્ષાવ્રતના અતિચાર :

**"योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थानानि ॥"**

અર્થાત્ મનોયોગ દુષ્પ્રણિધાન, વચનયોગ દુષ્પ્રણિધાન, કાયયોગ દુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃત્યનુપસ્થાન આ પાંચ સામાયિક શિક્ષાવ્રતના અતિચાર છે.

**(૧) મનોયોગ દુષ્પ્રણિધાન :** દુષ્પ્રણિધાનનો અર્થ છે અન્યથાપ્રવૃત્તિ, મનની અન્યથા પ્રવૃત્તિ મનોયોગ દુષ્પ્રણિધાન કહેવાય છે. અર્થાત્ સામાયિકના સમયે ક્રોધાદિ કષાયરૂપ થવું કે સાંસારિક વિકલ્પ થવા તે મનોયોગ દુષ્પ્રણિધાન અતિચાર છે. આનાથી સામાયિકવ્રતનો એકદેશભંગ થયો મનાય છે. તેથી સામાયિકના સમયે અન્ય વિચાર આવે તો આત્મજાગૃતિ, ભેદજ્ઞાન, શરણાગતિ, પ્રાર્થના આદિ ઉપાયોથી તેને તરત જ રોકવા જોઇએ.

**(૨) વચનયોગ દુષ્પ્રણિધાન :** સામાયિકપાઠ કરતા સમયે જોર-જોરથી અર્થ રહિત શબ્દોનું ઉચ્ચારણ કરવું અથવા અપલાપ કરવો તે વચનયોગ દુષ્પ્રણિધાન છે. આનાથી પણ સામાયિક વ્રતભંગ થઇ જાય છે. સામાયિકના સમયે સંપૂર્ણ મૌન થઇ ચિંતન કરવું તે સર્વોત્તમ છે.

**(૩) કાયયોગ દુષ્પ્રણિધાન :** સામાયિક લઇને શરીરથી ભિન્ન-ભિન્ન ચેષ્ટાઓ કરવી અથવા આસન સ્થિરતા ન રહેવી તે કાયયોગ દુષ્પ્રણિધાન છે. કાયા સાથે મનનો સંબંધ હોય છે. જો કાયા અસ્થિર હોય તો મન પણ ચંચળ થાય જ છે. માટે આત્મસ્થિરતા માટે કાયસ્થિરતા અનિવાર્ય છે. તેના માટે આસનસિદ્ધિ કરવી જોઇએ. સામાયિક માટે પદ્માસન, સિદ્ધાસન અને સુખાસન આ આસન સર્વોત્તમ મનાય છે. તેમને સિદ્ધ કરવા જોઇએ.

**(૪) અનાદર :** સામાયિકના સમયે મન લાગવું નહીં તે અનાદર કહેવાય છે. આનાથી સામાયિકનો સમય પસાર કરવો ભારે પડી જાય છે અને તેના પ્રત્યે અવિનયનો ભાવ આવી જાય છે, જે મોટો દોષ કહેવાય છે. માટે મનને સદાય ઉત્સાહિત રાખવું જોઇએ. તેના માટે ચિંતનના વિષયોને બદલતા રહેવું જોઇએ. ક્યારેક - ક્યારેક એક જ પ્રકારના પાઠ તથા ચિંતન કરવાથી ઉદાસી આવી જાય છે, જેથી સામાયિક ભારરૂપ લાગવા લાગે છે. તેનો સર્વોત્તમ ઉપાય ચિંતનમાં વિવિધતા લાવવી છે. ધ્યાનના વિવિધ પ્રકારો, ચારે અનુયોગરૂપ શ્રુત, સત્પુરુષોના ચરિત્રોનું ચિંતન આદિનો આધાર લેવાથી મન ફરી ઉત્સાહિત થઇ જાય છે.

**(૫) સ્મૃત્યનુપસ્થાન :** સામાયિકપાઠનું વિસ્મરણ થઇ જવું અથવા ઉપયોગ વિના ફરી ફરી

તેને જ બોલવું અથવા હું સામાયિક વ્રતમાં છું એ ભૂલી જવું તે સ્મૃત્યનુપસ્થાન અતિચાર કહેવાય છે. તેનું મુખ્ય કારણ અન્ય માનસિક ચિંતા થવી તે છે. તેથી સામાયિકમાં બેસતા પહેલાં અન્ય સર્વ ચિંતાઓનો ત્યાગ કરી દેવો જોઇએ. તેનો ઉત્તમ ઉપાય કોઇ એકાન્ત જગ્યાએ જઇને સામાયિક કરવી તે છે, જેથી ઘર-શેરી આદિના પરિવેશથી જે વિકલ્પ ઉત્પન્ન થાય છે તે થતા નથી.

અભિપ્રાય એ છે કે સર્વવ્રતોમાં સર્વાધિક ફળદાયી આ સામાયિક વ્રત છે કારણ કે આ સાક્ષાત્ સ્વાત્મોપલબ્ધિનું કારણ છે. એવું જાણીને તેની સિદ્ધિ તરફ વિશેષ ધ્યાન આપવું જોઇએ. તેની સિદ્ધિ માટેના થોડા પ્રાયોગિક ઉપાય છે, જેનો ઉલ્લેખ પ્રસંગવશ કરીએ છીએ :

**(૧) નિયમિતતા :** ભલે મન લાગે કે ન લાગે પણ રોજ નક્કી કરેલા સમયે વિધિપૂર્વક સામાયિક કરવાથી એક દિવસ અથવા થોડા સમયમાં તેની સિદ્ધિ અવશ્ય થશે.

**(૨) ઉપયોગી અધ્યાત્મશ્રુતને કંઠસ્થ કરવું :** આનાથી સામાયિકના સમયે ચિંતન કરવામાં ઉત્સાહ રહે છે તથા મન એકાગ્ર રહે છે. ઉપયોગી શ્લોકો, ગાથાઓ, વચનામૃતો, ભાવનાઓ, પદો આદિને કંઠસ્થ કરવા જોઇએ.

**(૩) સૂક્ષ્મ ચિંતન કરવાનો સ્વભાવ બનાવવો :** એક વિષયને લઇને તેની ગહન વિચારણા કરવાથી અન્ય વિકલ્પ સહજમાં જ ચાલ્યા જાય છે તથા મન અત્યંત એકાગ્ર થઇ જાય છે.

**(૪) બ્રહ્મચર્યનું પાલન કરવું :** મનની તથા કાયાની સ્થિરતા માટે બ્રહ્મચર્ય અત્યંત પ્રભાવશાળી સાધન છે. માનસિક તથા શારીરિક દુર્બળતાથી ચંચળતા વધે છે. બ્રહ્મચર્યના પાલનથી શક્તિ સંચિત થાય છે તેથી આસનસિદ્ધિ, તત્ત્વચિંતન તથા લાંબા સમય સુધી સૂક્ષ્મ ચિંતન આદિ બ્રહ્મચર્યના પાલનથી સિદ્ધ થાય છે. **(ક્રમશઃ)**

■ ■ ■

---

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૨ પરથી ચાલુ...)**

પ્રજ્ઞાથી ગ્રહવો - નિશ્ચયે જે ચેતનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર જાણવું."
(૨૯૭)

પરમાનંદથી રચાયેલા આત્માને સ્વપ્રજ્ઞાથી પ્રપન્નો અસ્મિ પ્રાપ્ત થયો છું. અહીં સાધ્ય-સાધન એક છે. ભિન્ન ભિન્ન નથી એવો ભાવ પ્રગટ થયો છે.

પરમાનંદથી રચાયેલા આત્માની પ્રાપ્તિ માટે આપણે આપણા ઉપયોગને સ્વસન્મુખ કરવો પડે છે. જેવી રીતે જંગલમાં ગાય ચારો ચરવા જાય છે પણ તેનો ઉપયોગ તેની ગમાણમાં તેનો વાછરડો છે ત્યાં હોય છે. તેના અન્ય ઉદાહરણો છે. "મનાજિ તું તો જિનચરણે ચિત્ત લાવ" તે પદમાં કહે છે. ચિત્તને બેફામ ફરવા દે તે સાધનાની સિદ્ધિને પામી શકતો નથી. જેમ નટવો દોરી પર ચાલે છે. નીચે ભિન્ન ભિન્ન અવાજ થાય છે પણ તેનું ચિત્ત દોરડી પર જ છે. બહેનો- પનિહારી પાણી ભરવા જાય - પાછી ફરે, માથે પાણી ભરેલું બેડું છે. તે સખીઓ સાથે વાત કરે છે પણ તેનું ચિત્ત પાણી ભરેલી હેલ - બેડા ઉપર છે. એમ સાધકની સાધના થાય ત્યારે ઉપયોગ - ઉપયોગ સ્વરૂપ એવા આત્મા પ્રતિ વર્તતો હોય તો આત્મા સ્થિત આત્માને અનુભવે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં મન ભમતું હોય તો આત્મસિદ્ધિ થતી નથી. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી વૃત્તિને હટાવીને સદ્‌ગુરુના બોધના આશયને સમજીને, સ્વ-ઉપયોગને અન્ય સાથે વારંવાર જતો હોય તો સ્વ-સામર્થ્યથી પાછો વાળીને, નિજ સ્વરૂપનો મહિમા લાવીને મહિમાવાન એવા નિજાત્માને ધ્યાવીએ. આત્મ એકાગ્રતામાં લવલીન થઈને સ્વ-આશ્રયે આત્મા વેદાય છે, સ્વ-સંવેદન સધાય છે. **(ક્રમશઃ)**

■ ■ ■

# શ્રી ભક્તામર સ્તોત્ર

(ક્રમાંક - ૩૫)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## ભયભંજક પ્રભુ આશ્રય

## ૩. અગ્નિભયભંજક

**● મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**कल्पान्तकाल पवनोद्धत वह्निकल्पं,**

**दावानलं ज्वलितमुज्जवलमुत्स्फुलिंगम् ।**

**विश्वं जिघत्सुमिवसंमुखमापतन्तं,**

**त्वन्नामकीर्त्तनजलं शमयत्यशेषम् ॥४०॥**

**● શબ્દાર્થ :** कल्पान्तकाल - પ્રલયકાળ(તે સમય)ના, पवन - મહાવાયુથી, उद्धत - ઉત્કટ(ઉગ્ર) બનેલા એવા, वह्नि - અગ્નિના, कल्पं - જેવો, दावानलं - દાવાનળ, ज्वलितम् - ભડભડાટ સળગી રહેલો, उज्जवलम् - ઊંચે જ્વાળા પ્રસરાવતો, उत्स्फुलिंगम् - ચારે બાજુ તણખા ઉડાડતો, विश्वं - વિશ્વને, जिघत्सुम् - ભરખી જવા ઇચ્છતો, इव - જેવો, सम्मुख(सन्मुख) - સામે, आपतन्तं - આવી રહેલો એવો, त्वत् - તમારું, नामकीर्त्तन - નામ કીર્તન રૂપી, जल - જળ, शमयति - શમાવી દે છે, अशेषम् - પૂરેપૂરો, સંપૂર્ણ.

**● સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**કલ્પો કેરા સમય પરના વાયરાથી અતિશે,**
**ઉડે જેમાં વિવિધ તણખા અગ્નિકેરા ય મિષે;**
**એવો અગ્નિ સમીપ કદીએ આવતો હોય પોતે,**
**તારા નામ-સ્મરણ-જળથી થાય છે શાંત તો તે. (૪૦)**

**● ભાવાર્થ :** (હે ભગવન્ !) તમારું નામ કીર્તનરૂપ જળ, પ્રલયકાળના મહાવાયુથી ઉગ્ર બનેલા, ભડભડાટ સળગી રહેલા, ઉજ્જવળ પ્રકાશ ફેલાવતા, ઊંચે જ્વાળા પ્રસરાવતા, ચારે બાજુ તણખા ઉડાડતા અને જાણે વિશ્વને ભરખી જવાની ઇચ્છાથી સામે ધસી આવતા દાવાનળ (અગ્નિ)ને સંપૂર્ણ રીતે શાંત કરી દે છે, પૂરેપૂરો ઓલવી નાંખે છે.

**● વિશેષાર્થ / પરમાર્થ :** ભગવાનના પવિત્ર નામનો - મંત્રનો આશ્રય લેવાથી જેમ મદોન્મત્ત હાથી (શ્લોક-૩૮) તથા વિકરાળ સિંહ (શ્લોક-૩૯)નું આક્રમણ પણ અટકી જાય છે, તેમ પ્રચંડ અગ્નિનું આક્રમણ (આ શ્લોક-૪૦) પણ અટકી જાય છે. હાથી અને સિંહ પછીની ત્રીજા પ્રકારની વિકટ પરિસ્થિતિ (ભભૂકતો અગ્નિ)નું ચિત્ર આપી તેમાંથી કઈ રીતે (પ્રભુ નામ-સ્મરણ-કીર્તનથી) પાર ઉતરાય તે આપણને માનતુંગાચાર્ય સમજાવે છે.

પ્રસ્તુત શ્લોક - ૪૦માં અગ્નિની ચારે બાજુ ફેલાતી જ્વાળા દ્વારા માયાની ફેલાતી જાળનું વર્ણન અભિપ્રેત છે. ક્યાંક અગ્નિને ક્રોધ કષાયની કે લોભ કષાયની પણ ઉપમા આપેલ છે. આમ, ચારેય કષાય (ક્રોધ-માન-માયા-લોભ)ની ચંડાળ ચોકડી સાથે જ હોય છે - તફાવત પ્રાધાન્યતા અને ગૌણતાનો હોય છે.

દાવાનળ ભયાનક તો હોય જ છે પરંતુ જેણે જોયું હોય તેને જ તેની ભયાનકતાનો ખ્યાલ આવે છે. આચાર્યશ્રીએ કાવ્યમય ભાષામાં દાવાનળની ભયંકરતાનું શબ્દચિત્ર ખડું કર્યું છે કે જેની કલ્પના કરતા રૂંવાડા ઊભા થઈ જાય. અહીં પ્રલયકારી દાવાનળનું સ્વરૂપ બતાવ્યું છે. દાવાનળનો સહાયક પ્રચંડ વાયુ હોય છે. એક તો યુગાંતકારી વાયુ સ્વયં વિનાશકારી છે, તેમાંય જ્યારે તે દાવાનળની સાથે જોડાય છે ત્યારે આ પ્રકોપ બેવડી શક્તિ પ્રગટ કરી

વિનાશને વેરે છે. અગ્નિ અને વાયુ જ્યારે પોતાની મર્યાદા ઉલ્લંઘે છે ત્યારે પૃથ્વી કંપાયમાન બની જાય છે અને આકાશ પણ જાણે સળગી ઉઠે છે. આવી પરિસ્થિતિમાં સર્વ જીવની અપાર ભયજનક સ્થિતિ સીમા પાર કરી જાય છે. સ્થળચર અને ખેચર (નભગામી), મનુષ્ય કે તિર્યંચ, બધા પ્રાણીઓ આ પ્રકોપના શિકાર બને છે. આ અવસરનું ચિત્ર સ્પષ્ટ કરી માનતુંગાચાર્ય પ્રભુના નામનું રહસ્ય પ્રગટ કરે છે. આ ભક્તિસ્તોત્રમાં આચાર્યશ્રી કહે છે કે પ્રલયકારી ભયંકર અગ્નિકાંડથી બચવાનો ઉપાય પ્રભુનું નામ-સ્મરણ-કીર્તન છે.

જે અગ્નિ વિશ્વનું પોષણ કરે છે, વિશ્વના લગભગ બધા કાર્યો જેનાથી સંપાદિત થાય છે, તે જ અગ્નિ અત્યારે વિફર્યો છે. સંપૂર્ણ વિશ્વને ભરખી જવા ઇચ્છતો હોય તેવું વિરાટરૂપ ધારણ કર્યું છે. હે પ્રભો ! આપના નામનું સંકીર્તન (સમ્યક્ પ્રકારે કીર્તન) એવા પાણીનું રૂપ ધારણ કરે છે કે જે મૂળથી અગ્નિકાંડને શૂન્ય કરી નાંખે છે. જે પ્રચંડ સંતાપરૂપ અગ્નિ હતો તે હવે શાંત થઈ ગયો છે.

સામાન્ય રીતે જંગલમાં જે દાવાનળ પ્રગટે છે, તે કોઈ સામાન્ય ઉપાયોથી ઓલવાતો નથી. તે માટે મહામેઘનું આગમન જ ઉપકારી થાય છે. મહામેઘના અમિત જળનો એકધારો છંટકાવ થવા લાગે કે એ દાવાનળ થોડા જ વખતમાં શાંત થઈ જાય છે. શ્રી જિનેશ્વરદેવનાં નામકીર્તનમાં પણ આવો જ ચમત્કાર રહેલો છે. માનતુંગાચાર્ય કહે છે કે હે ભગવન્ ! તમારું નામકીર્તન અસ્ખલિત ધારાએ જળ વરસાવતા મહામેઘ જેવું છે કે જે ગમે તેવા ભડભડાટ બળી રહેલ દાવાનળને પણ પૂરેપૂરો શમાવી દે છે.

જગતના ઇતિહાસમાં એવા દાખલાઓ નોંધાયા છે કે જેમાં બંને બાજુના ઘરોને આગ લાગી હોવા છતાં વચલું ઘર બચી ગયું હોય અને તે ઘર કોઈ ધર્માત્મા કે પ્રભુભક્તનું જ હોય. તાત્પર્ય કે આવા પ્રસંગે શ્રી જિનેશ્વરદેવનું નામકીર્તન જ પ્રાણીઓને શરણભૂત છે.

આ સંસારમાં ચારે બાજુ દૃષ્ટિ કરીએ તો આધિ-વ્યાધિ-ઉપાધિ એ ત્રિવિધ તાપના ભડકા દેખાય છે. સારા યે સંસારમાં આગ જ છે. એટલે જ પ્રતિક્રમણના સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે **"સંસાર દાવાનલ દાહ નીરં".**

પંડિત દૌલતરામજી પણ 'છ ઢાળા'માં લખે છે કે,

**યહ રાગ (સંસાર) - આગ દહૈ સદા,**
**તાતૈં સમામૃત (સમતા) સેઈએ. (૬-૧૫)**

પરમકૃપાળુદેવ મોક્ષમાળા શિક્ષાપાઠ - ૧૯માં કહે છે કે, **"સંસારને અગ્નિની ઉપમા છાજે છે".** ચિંતા, બોજ, તનાવ, તાપ-સંતાપથી સારો યે સંસાર સંતપ્ત છે. તેમાં શાંતિ અને શીતળતા આપનાર પરમાત્માના નામ-મંત્ર-કીર્તન-વાણીરૂપ પાણી છે (યાદ છે ને ? **"છાંટે ત્યારે શીતળ પાણી, એવી મારા વીરની વાણી"**). જીવનમાં લાગેલી આગને ઠારી બાગ બનાવનાર છે પરમાત્માના નામસ્મરણ રૂપ જળસિંચન ! પ્રભુના નામનો મહિમા પણ અપરંપાર છે. હે પ્રભો ! તમારા નામ સ્મરણથી આગ પાણી બને, કાંટા ફૂલ બને, શૂળી સિંહાસન બને, સર્પ ફૂલની માળા બની જાય અને હિંસક પશુઓ પણ શાંત બની જાય છે.

સીતાજીની અગ્નિપરીક્ષા કરવામાં આવી તે સમયે તેઓ પરમાત્માના ધ્યાનમાં તલ્લીન બની ગયા તો અગ્નિના સ્થાને સ્વચ્છ જળ બની ગયું. સુદર્શન શેઠ શ્રાવકને વિના અપરાધે શૂળીએ ચડાવવામાં આવ્યા ત્યારે પણ નવકાર મહામંત્રના ધ્યાનમાં રહ્યા અને શૂળી મટી સિંહાસન થઈ ગયું. તો આ બધો અદ્ભુત પ્રભાવ છે જિનેશ્વર પ્રભુના નામ સ્મરણનો. જે સાધક પ્રભુના નામનું રટણ કરે

છે તેની અંતરમાં જલતી ઈર્ષ્યાનો અગ્નિ પણ શાંત થઈ જાય છે અને ત્યાં પ્રેમના શાંત શીતળ ઝરણા વહેવા લાગે છે.

ભગવાન મહાવીરના નિર્વાણ (ઈ.પૂર્વે ૫૨૭) પછી ૮૯ પખવાડિયા (૩ વર્ષ - ૮.૫ માસ) બાદ આ અવસર્પિણીકાળ ચક્રનો પાંચમો આરો (૨૧,૦૦૦ વર્ષનો) શરૂ થયો. એટલે કે આશરે ૧૮૪૬૦ વર્ષ (૨૧,૦૦૦ - ૫૨૭ - ૨૦૧૭ + ૩.૭) પછી આ ભરતક્ષેત્રમાં કલ્પાંતકાળ આવશે. ત્યારે પાંચમા આરાના અંતે એવા ભયંકર વાયરા વાશે કે ઝાડ-મકાનો-પર્વતો વગેરે બધું ઊડી જશે, પ્રલય થશે. એવા પ્રલયકાળના પ્રચંડ વાયરા વડે મોટી આગ લાગી હોય અને તે ધગધગતી આગના તણખા ચારેકોર ઊડતા હોય - જાણે કે વિશ્વને સળગાવી દેશે ! આવો દાવાનળ સામે હોય તો પણ, હે જિનદેવ ! આપના નામ કીર્તનરૂપી જળ વડે તે શાંત થઈ જાય છે. તેથી જેના અંતરમાં આપ બિરાજો છો તેને અગ્નિનો (બાહ્ય) ભય નથી. જે જીવ આપનું ધ્યાન કરે છે તેના અંતરમાં સંસારનો (આંતરિક) દાવાનળ પ્રવેશી શકતો નથી, શાંતરસના સિંચન વડે ઘોર ભવાગ્નિ પણ ઠરી જાય છે.

આ છે જિનગુણનો મહિમા ! બહારના સંયોગની વાત નથી, ભક્તના અંતરમાં વીતરાગતાનો રસ ઘૂંટાય છે તેનું મહત્વ છે. જ્યાં વીતરાગતા છે ત્યાં ભય કેવો ? જ્યાં રાગ-દ્વેષ-કષાય છે ત્યાં જ ભય છે, વૈરાગ્ય તો અભય છે. મહાયોગી ભર્તૃહરિ વૈરાગ્યશતક શ્લોક-૩૪માં કહે છે કે, **"સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ એવા આ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે"** (શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પૃષ્ઠ - ૩૩). અહીં કહે છે કે હે દેવ ! આપનું નામ લેતા જ અગ્નિનો ઉપદ્રવ શાંત થઈ જાય છે, આત્મા કષાયથી છૂટી જાય છે. પંચપરમેષ્ઠીના સ્મરણ સાથે મહાસતી સીતા જ્યાં અગ્નિકુંડમાં પ્રવેશે છે ત્યાં તેમના પુણ્યોદયે તે અગ્નિ શાંત થઈ જાય છે અને સીતાજીના અણિશુદ્ધ શીલનો મહિમા જગપ્રસિદ્ધ થાય છે.

અહીં એ પ્રશ્ન થાય કે અયોધ્યામાં સીતાજીનો અગ્નિ તો શાંત થઈ ગયો ને શત્રુંજય પર પાંચ પાંડવ મુનિઓનો અગ્નિ કેમ શાંત ન થયો ? તેઓ તો અગ્નિમાં સળગી ગયા !

તેનું સમાધાન એમ છે કે સીતાજીએ તો "જો મારું શીલ અખંડ અને પવિત્ર હોય તો અગ્નિ શાંત થઈ જાઓ" એમ કહીને પુણ્યની ઉદીરણા કરી હતી. તેથી અગ્નિ શાંત થઈ ગયો અને ભવાંતે તેઓ દેવલોકમાં સિધાવ્યા. જ્યારે પાંચે પાંડવોએ તેવી ઉદીરણા ન કરી, વિકલ્પ ન કર્યો અને નિર્વિકલ્પપણે વીતરાગી શુકલધ્યાનમાં એકાગ્ર થઈને, શાંતરસ વડે કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા (આમ્નાયભેદે જ્યેષ્ઠ ત્રણ પાંડવો) ને મુક્ત થયા. એટલે તેમનો તો સમસ્ત સંસારઅગ્નિ શાંત થઈ ગયો. તેમને અગ્નિનો ભય ન હતો. એ પાંડવો અગ્નિમાં બળ્યા નથી, માત્ર તેમના દેહ બળ્યા. તેઓ તો ચૈતન્યના હિમાલયમાં પ્રવેશીને શાંતિમાં ઠર્યા.

પરમાર્થથી અહીં ભોજરાજા પ્રલયકાળના ઉદ્ધત દાવાનળ જેવો છે. આ અગ્નિને પ્રલયકાળનો પવન ઉદ્દીપ્ત કરે તેમ રાજાને અન્ય દરબારીઓ વિશેષ કુપિત કરે છે અને એ ક્રોધની નિશાનીઓ ચારે બાજુ પ્રગટવા લાગે છે. આવો કાળઝાળ થતો રાજા ઉપસર્ગ કરે છે. કુપિત રાજા તેમને કેદખાને નાખીને જંજીરોથી બાંધે છે. પણ માનતુંગાચાર્ય તો આદિનાથ પ્રભુના ગુણગાનમાં લીન બન્યા છે. પ્રભુનું નામસ્મરણરૂપ જળ ભક્તને કશું થવા દેતું નથી.

અત્રે દાવાનળનું દૃષ્ટાંત આપીને (આગળના શ્લોકમાં માન અને ક્રોધ પછી) ત્રીજા માયા કષાયનું વ્યાપક સ્વરૂપ બતાવ્યું છે. માયાનો પાર પોતાના

આત્મા સિવાય બીજું કોઈ પામી શકતું નથી. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'અપૂર્વ અવસર' અધ્યાત્મ કાવ્યમાં **"માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની"** કહી છે. આવી માયા પ્રથમ કોઈ દ્વેષીલા રાજદરબારીના અંતરમાં પ્રગટી છે અને પછી તે માયા રાજા સહિત ધારાનગરીમાં વ્યાપી જાય છે. તેથી રાજા દાવાનળ સરખો બનેલો છે અને ઉગ્રવાયુના સુસવાટા તે દરબારીઓની ભંભેરણીઓ છે. પ્રભુકીર્તન કરનાર આચાર્યશ્રી છે, જે આવી કસોટીમાં સમતાભાવે જરાય ડગતા નથી અને અતૂટ શ્રદ્ધાથી પ્રભુકીર્તન કરે છે. પરિણામે દાવાનળ જેવો કોપેલો રાજા પણ શાંત થઈ જઈ આચાર્યશ્રીના ચરણોમાં ઝૂકી જાય છે. સમભાવ અને શ્રદ્ધા સાથેના આવા પ્રભુકીર્તનથી જીવોના બાહ્ય અને અભ્યંતર બંને તાપ શમી જાય છે.

અહીં નામકીર્તનનો ઉલ્લેખ છે. જૈન પરંપરામાં કીર્તન શબ્દ ભાગ્યે જ વપરાય છે પરંતુ ભક્તિમાર્ગમાં કીર્તનને એક પ્રબળ સાધન માનવામાં આવ્યું છે. कीर्तन विहिनाः निर्जल कूप समानाः । જે વ્યક્તિ કીર્તન કરતો નથી તે પાણી વિનાના કૂપ (કૂવા) સમાન છે. निर्गंधा किंशुकाः समानाः । તે સુગંધ વિનાના કેસુડાના ફૂલ સમાન છે. આત્મસાધનામાં કીર્તનનું સ્થાન શું છે ? આત્મ પ્રદેશમાંથી ઉત્પન્ન થતી નિર્મળ જ્ઞાનપર્યાયનો પ્રવાહ કીર્તન સાથે સંબંધ ધરાવે છે. કીર્તન એક પ્રકારની નાદ બ્રહ્મની સાધના છે. યોગશાસ્ત્રમાં તેને નાદયોગ કહે છે. ચિત્તવૃત્તિના વિકારીભાવોની વ્યાવૃત્તિ (નાશ) થયા પછી તેમાં પ્રભુના ગુણોનું પ્રતિબિંબ પડે છે. ચિત્ત તે દર્પણ છે. તેમાં પ્રતિબિંબ પડ્યા પછી પરમાત્માના નામનો ગુંજારવ થાય છે, ત્યાંથી કીર્તન શરૂ થાય છે. ક્રમશઃ તેનું બાહ્યરૂપ પણ પ્રગટ થાય છે : શબ્દો, ભાવો, વાણી, હાવભાવ અને નૃત્યમાં કીર્તનનું રૂપાંતર થાય છે. પ્રમુદિત થયેલું મન પ્રમોદ પામ્યા પછી નાચી ઊઠે છે. અંતે દેહ પણ કીર્તનથી અલંકૃત થઈ ઝૂલવા લાગે છે. કીર્તન આ રીતે એક પ્રકારની આધ્યાત્મિક પ્રક્રિયા છે. સમુચિત રીતે તેનો લાભ લેવાથી તે અચિંત્ય પરિણામ પ્રગટ કરે છે. નામસ્તુતિથી આપણા ભાવમાં ફેરફાર થવા સાથે પરિણમન (પરિવર્તન)ની ક્રિયા થાય છે. નામકીર્તનથી ધ્યેય સાથે તાદાત્મ્ય થાય ત્યારે ધ્યેય (વ્યવહારથી પરમાત્મા, નિશ્ચયથી મોક્ષ)ના ગુણ ધ્યાતામાં (આપણામાં) આવે છે, પ્રગટે છે.

ભક્તિયોગનો આ ઉત્કૃષ્ટ શ્લોક છે. માનતુંગાચાર્યે એક પછી એક ભયનું નિવારણ કરતા દાવાનળરૂપ મહાભય સ્થાનનું પણ નિવારણ કર્યું છે. શ્લોકના આ બાહ્ય ભાવોને નિહાળ્યા પછી આભ્યંતર ભાવ શું છે તે સમજવું વધારે જરૂરી છે. શું આવું વિશ્વવિખ્યાત ભક્તામર મહાસ્તોત્ર આવા અગ્નિકાંડથી બચવા માટેની એક ચમત્કારિક ઘટના પૂરતું જ સીમિત હોઈ શકે ? આપણા પરમવંદનીય આચાર્યશ્રી સ્થૂળ ભાવોના માધ્યમથી ઘણાં ઊંડા આભ્યંતર ભાવોનું પણ નિર્દેશન કરે છે. તો ચાલો આપણે હવે અભ્યંતર ભાવો વિષે વિચારીએ.

સંસાર બહાર નથી. જ્ઞાનીઓએ જે સંસારને બંધનરૂપ માન્યો છે તે અભ્યંતર સંસાર છે. તે વિષમ તત્ત્વો અને વિકારીભાવોથી ભરેલો છે, કે જેમાં કષાયરૂપી (માયા અને લોભરૂપી) દાવાનળ ભડકે બળી રહ્યો છે. આ પ્રચંડ દાવાનળ રંકથી લઈને રાજા સુધી, તથા એકેંદ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જીવોને બાળી નાખે તેવો છે.

આચાર્યશ્રી આ આંતરિક વિષય-કષાય-વિકારરૂપ દાવાનળથી બચવા માટે કીર્તનની અર્થાત્ શુદ્ધ ભાવોને ઉત્તેજિત કરવાની પ્રેરણા આપે છે. મનુષ્યની વિચારધારા બદલાય તે જ સાચું કીર્તન છે. જુઓ, **'કીર્તન'** શબ્દને ઊંધો / અવળો કરવાથી

**'નર્તકી'** થાય છે. નર્તકી એટલે નાચનારી અને ૮૪ લાખ યોનિના ચક્કરમાં જીવોને નચાવનારી તથા અનંત સંસારપરિભ્રમણ કરાવનારી માયા. તે માયા જેનાથી લોપાયમાન (નાશ) થાય તે કીર્તન. માયાનો લય કરાવી અમાયાવી (શુદ્ધ) ભાવોમાં રમણ કરાવે તે કીર્તન. આ છે આ શ્લોકનો આભ્યંતર પ્રતિબોધાત્મક ભાવ. આખા શ્લોકનો આધ્યાત્મિક સાર એ છે કે જીવાત્માએ (એટલે આપણે) સૂક્ષ્મ ઉપયોગ દ્વારા અંતઃસ્થલ (આપણું અંતરતમ હૃદય અને ત્યાં રહેલ ભાવો)નો અભ્યાસ કરી, શુદ્ધ ઉપયોગમાં રમણ કરી બધા કષાયોને શાંત કરવા, તે જ સાધનાનો શ્રેષ્ઠ માર્ગ છે.

અંતમાં સર્વ જીવ પોતાના અંતરના ઊંડાણમાં રહેલ ભાવો (અભિપ્રાય / માન્યતા અને તેથી પરિણમતી વિચારધારા) બદલીને શુદ્ધ ઉપયોગપૂર્વક કષાયો-વિકારોને શાંત કરી આત્મકલ્યાણ કરે તે મંગલભાવના સાથે, જિનાજ્ઞાથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

## ચાલો, આ ઉત્તરાયણની પહેલા 'કાપ્યો છે'નું પોસ્ટમોર્ટમ કરીએ

ઉદાસીનું મૂળ આનંદમાં છે, પણ એ આનંદ જે અનેકોને ઉદાસી આપે છે, એ આનંદ જે અનેકોના આનંદને કાપે છે. 'કાપ્યો છે' આવી ચિચિયારી જ્યારે પડે છે, કે જ્યારે નથી પણ પડતી, આપણો પતંગ જ્યારે આકાશમાં કિલ્લોલ કરતો હોય છે, આપણી અગાશી જ્યારે ઉત્સવ મનાવતી હોય છે, ત્યારે શું શું થતું હોય છે, ખબર છે ?

આકાશમાં ઉડતી ગભરું અને ભોળી કોઈ કબૂતરીની પાંખ કપાઈ જાય છે, એ મરણતોલ સ્થિતિમાં નીચે પટકાય છે. ત્યારે કોઇ કૂતરો, કોઈ બિલાડી, કોઈ સમડી એને પીંખી નાખે છે. આપણા પતંગના માંજાએ માત્ર એક પાંખને નહીં, એક પરિવારને કાપી નાખ્યો હોય છે. 'મા'ની અને દાણાની રાહ જોઈને અડધા થઈ ગયેલા બચ્ચાઓને કોઈ કાગડો પૂરા કરી નાખે છે. હાથમાં માંજો લો, ત્યારે હજારો કબૂતર-કબૂતરીઓ-ચકલીઓના માળાને યાદ કરજો ને 'કાપ્યો છે' શબ્દ કાને પડે, ત્યારે એનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરજો.

મમ્મીને બાય કરીને રસ્તો ક્રોસ કરતાં 'દર્શ'ના પગમાં માંજો આવી ગયો. એ પછડાયો. એકટીવાને છોડીને એની મમ્મી ત્યાં સુધી દોડે તે પહેલા એક દોડતી કારે એને અડફેટમાં લઈ લીધો. ૨૫ ફૂટ ઘસડાઈને ચૂરો થઈ ગયેલા દર્શના અવશેષોને ભેટીને છાતીફાટ રુદન કરતી મમ્મીની કલ્પના તો કરો, 'કાપ્યો છે'નો અર્થ હજુ વધુ નજીક આવી જશે.

પૂરપાટ વેગે બાઈક દોડી જતી હશે, એક નહીં દેખાતી વસ્તુ ગળામાં આવશે. માત્ર ૨૦ સેકન્ડમાં ગળું કપાઈ જશે. ઘરડા મા-બાપની લાકડી તૂટી જશે. એક કોડભરી નારી વિધવા થશે. બે સંતાનો અનાથ થશે. આઈ થિન્ક નાઉ યુ વેરી વેલ - 'કાપ્યો છે'.

ખૂણેખાંચરે પડેલા ગુલાબી સુતરફેણીનો (દોરીનો) દડો ચાવતી ગાયના મોઢામાંથી લોહીની ધાર વહેવા લાગશે. એના ભોળપણની હદ ત્યારે આવશે જ્યારે એ દડાને એ પરાણે ય ગળા નીચે ઉતારી દેશે. અંતિમ શ્વાસ લેતી એ ગાયને એવી ખબર ક્યાંથી હશે, કે એના શ્વાસની આ અંતિમતા એને કોઇ ભક્તની પ્રસાદી છે. આ શબ્દો એવા છે કે જે ઉછળકૂદ સાથે નહીં, ચિચિયારીઓ સાથે નહીં, જે આનંદ સાથે નહીં, પણ આંસુ સાથે જ બોલવા જોઈએ 'કાપ્યો છે'.

■ ■ ■

# આત્માની નિયતપ્રદેશત્વ શક્તિ (૨૪)

વલભજી હીરજી 'કેવલ'

જ્ઞાનસ્વરૂપી આત્મા અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર-સ્વભાવવાળો છે. તે અસંખ્યપ્રદેશીપણું નિયત છે. તેમાં એક પ્રદેશ કદી ઘટે નહિ, વધે નહિ. નાનો-મોટો ગમે તે આકાર હો, પણ અસંખ્યપ્રદેશીપણું તો સદા એકરૂપ રહે છે. તેથી અસંખ્યપ્રદેશીપણું તે નિશ્ચયથી છે. સંસારદશામાં સંકોચ-વિસ્તારરૂપ અનેક આકારો થવા છતાં પ્રદેશો તો એટલા ને એટલા જ છે. તે દરેક પ્રદેશ પણ એવડો ને એવડો જ છે. પ્રદેશ કાંઈ નાનો-મોટો થતો નથી. તેમજ તેની સંખ્યા વધ-ઘટ થતી નથી. અસંખ્ય પ્રદેશી હોવા છતાં તે ખંડ-ખંડરૂપ નથી. અખંડ છે. અસંખ્ય પ્રદેશોનું સ્વક્ષેત્ર નિયત છે, તેના સ્થાનની રચના કદી ફરે નહિ.

અસંખ્ય સ્વપ્રદેશીપણારૂપ જે આત્મ સ્વભાવ છે તેનું નામ 'નિયતપ્રદેશત્વ' શક્તિ છે. નિયત એટલે ચોક્કસ. આત્માના અસંખ્યપ્રદેશોની ચોક્કસ સંખ્યા છે. તે દરેક પ્રદેશનું ચોક્કસ સ્થાન છે. ભલે આકારોમાં ફેરફાર થાય પણ આત્મપ્રદેશોની સંખ્યા તો નિયત જ રહે છે. સંસારદશામાં કે સિદ્ધદશામાં દરેક વખતે આકાર તો છે, કાંઈ આકાર વગરનો તો નથી. આત્માનું નિજક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે તે નિયત છે. મોક્ષદશામાં તે ચરમશરીરના માપથી કંઈક ઓછા માપ જેવડું અવસ્થિત રહે છે. આવું અસંખ્યપ્રદેશપણું તે નિયતપ્રદેશત્વ શક્તિનું લક્ષણ છે.

લોકાકાશના જેટલા અસંખ્ય પ્રદેશો છે તેટલા એક જીવના પ્રદેશો છે. આત્મા અવયવી છે, ને પ્રદેશ તેના અવયવો છે. જેમ શ્રુતજ્ઞાન પ્રમાણ તે અવયવી અને નિશ્ચય-વ્યવહારનય તેના અવયવ છે તેમ આત્માના અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં પ્રદેશે પ્રદેશે અનંત ગુણ વ્યાપક છે. એક પ્રદેશમાં જ્યાં એક ગુણ છે ત્યાં બીજા અનંતા ગુણ વ્યાપક છે. અસંખ્ય પ્રદેશી આખા ક્ષેત્રમાં દરેક પ્રદેશે અનંત ગુણ રહેલા છે. આત્મા અનંત ગુણનો એક પિંડ છે. નિશ્ચયથી અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં અનંત ગુણની નિર્મળ પર્યાયો પ્રગટ થાય એવું એનું સ્વરૂપ છે. અસંખ્યપ્રદેશી આત્મા નિષ્કંપ-નિષ્ક્રિય સ્વભાવી છે. કર્મના નિમિત્તે તેનું કંપન થાય ને તે કંપનના નિમિત્તે નવા કર્મપરમાણુ આવે - એ બંને આત્માના સ્વભાવની ચીજ નથી.

આત્માના અસંખ્ય પ્રદેશોને અહીં નિયત કહેલ છે. જે પ્રદેશો છે તે નિયત સંખ્યાએ - અસંખ્ય છે. ને તેના સ્વસ્થાન પણ નિયત છે. ભલે સંકોચવિસ્તાર થાય, પણ પ્રદેશોની સંખ્યા નિયત જ છે. **(ક્રમશઃ)**

• • •

## સત્યરૂપાય નમો નમઃ

**- પૂ.આ.૧૦૮ શ્રી કનકનંદીજી મહારાજ**

**સત્યરૂપાય નમો નમઃ, વિશ્વરુપાય નમો નમઃ**
**દ્રવ્યરૂપાય નમો નમઃ, પરમેશ્વરાય નમો નમઃ**
**સનાતનાય નમો નમઃ, ધ્રૌવ્યરૂપાય નમો નમઃ**
**ગુણરૂપાય નમો નમઃ, સર્વાત્મને નમો નમઃ**
**અજરાય નમો નમઃ, અમરાય નમો નમઃ**
**અમૃતાય નમો નમઃ, અવ્યયાય નમો નમઃ**
**સૂક્ષ્મરૂપાય નમો નમઃ, વિશાલાય નમો નમઃ**
**અનંતરૂપાય નમો નમઃ, સર્વવ્યાપ્તાય નમો નમઃ**
**અસ્તિ સ્વરૂપાય નમો નમઃ, નાસ્તિ સ્વરૂપાય નમો નમઃ**
**અવ્યક્તરૂપાય નમો નમઃ, વ્યક્તરૂપાય નમો નમઃ**
**એક રૂપાય નમો નમઃ, અનેક રૂપાય નમો નમઃ**
**જ્ઞાનરૂપાય નમો નમઃ, જ્ઞેયરૂપાય નમો નમઃ**
**પરમરૂપાય નમો નમઃ, અંતિમરૂપાય નમો નમઃ**
**અંતઃરૂપાય નમો નમઃ, બાહ્યરૂપાય નમો નમઃ**
**પ્રજ્ઞારૂપાય નમો નમઃ, પ્રમેયરૂપાય નમો નમઃ**
**ધ્યાનરૂપાય નમો નમઃ, ધ્યેયરૂપાય નમો નમઃ**

# શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્યમાં આધ્યાત્મિક મૂલ્યો

ગુણવંત બરવાળિયા

શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્ય સર્જનમાં આધ્યાત્મિક મૂલ્યોની વાત કરીએ ત્યારે એમના વ્યક્તિત્વની એક વંદનીય છબી આપણી સામે આવે અને આપણને અનુભૂતિ થાય કે શ્રીમદ્‌ના સમગ્ર વ્યક્તિત્વમાંથી સતત અધ્યાત્મ પ્રગટ થાય છે. જાણે અધ્યાત્મ અને શ્રીમદ્ એકબીજાના પર્યાય છે. માટે તેમના જીવન-કવનના આધ્યાત્મિક મૂલ્યાંકન કે વિવેચના ના થઈ શકે, પરંતુ આપણી આકંઠ સરસ્વતીને પાવન કરવા તેમના સર્જનની પરિકમ્મા, અભિવંદના જ કરી શકાય.

તેમના સર્જનમાં ઘણું જ વૈવિધ્ય છે; જેમાં મુખ્યત્વે, તેમનું એક વિપુલ કાવ્યસર્જન, બીજું મુમુક્ષુ પર લખાયેલા પત્રો, ત્રીજું ઉપદેશનોંધ, હાથનોંધ, વેદાંત અને જૈનદર્શન સંબંધી નોંધો, મોક્ષમાળા ઉપરાંત અન્ય સર્જનોનો સમાવેશ થાય છે. જ્યારે આપણે શ્રીમદ્‌જીના સાહિત્યની વાત કરીએ છીએ ત્યારે તેમની સાહિત્ય અંગેની એક નાનકડી નોંધ તપાસીએ.

તેમણે નોંધ્યું છે કે કાવ્ય સાહિત્ય કે સંગીત આદિકલા એ આત્મશ્રેયાર્થે ન હોય તો કલ્પિત એટલે કે નિરર્થક, સાર્થક નહીં, જીવનની કલ્પના માત્ર ભક્તિ પ્રયોજન રૂપ ન હોય કે આત્માર્થ ન હોય તો બધું જ કલ્પિત.

શ્રીમદ્‌જીએ આ એક વાક્યમાં ખૂબ જ ગહન વાત કહી છે. ગાગરમાં સાગર જેવા આ મહત્ત્વના એક વાક્ય ઉપર ચિંતન કરીએ તો, કલા અને સાહિત્યસર્જનની વિચારણાને એક નવી દિશા મળશે.

કૃપાળુદેવ શ્રીમદ્‌જીના કહેવાનું તાત્પર્ય છે કે કાવ્ય, સાહિત્ય કે સંગીત વગેરે કલાઓમાં જો આત્મશ્રેયનું ધ્યેય ભળે, તો સર્જનને આત્મકલ્યાણનું કારણ મળે તો તે કલા સાર્થક બને. કલાનું અંતિમ ધ્યેય, પરમ સમીપે પહોંચવાના હેતુ રૂપ હોય તો જ કલા તે સાધના બની શકે અને તે સ્વ-પરને કલ્યાણકારી બની શકે.

સંગીત, કલા કે સાહિત્યજગતના સાધકો કદાચ આ વાત સંપૂર્ણ રીતે ન પણ સ્વીકારે પરંતુ અનેકાંત દૃષ્ટિએ વિચારતા આ તથ્યનો સ્વીકાર થઈ શકે.

સાંપ્રત સમાજજીવનનો પ્રવાહ, માનવમનની કલ્પનાશક્તિ અને વિવિધ કલાઓના અનેક પાસાઓને લક્ષમાં લઈને જ આ વિધાનનો યથાર્થ સ્વીકાર થઈ શકે. કલાકારને સર્જન સ્વાતંત્ર્યનો અધિકાર છે, સ્વચ્છંદતાનો નહિ. સદ્‌આચરણમાંથી પરાવર્તિત થયેલી કલામાં સાત્ત્વિકતા આવશે, માટે જ ગાંધીજી કહેતા કે શીલ એવું સર્જન.

અહીં એ વાતનું પણ સ્મરણ રાખવું પડશે કે આ વિધાન શ્રીમદ્‌જી કહે છે અને શ્રીમદ્‌જીની દરેક વાત કે વિચાર આત્મલક્ષી જ હોય, અધ્યાત્મ અભિપ્રેત હોય જ.

કોઈ કલાકાર કે સર્જકને કલાકૃતિના સર્જનનું આપણે કારણ પૂછીએ તો મહદ્‌અંશે એ જવાબ દેશે કે, હું મારા નિજાનંદ માટે કલાકૃતિનું સર્જન કરું છું. મારા આત્માના આનંદ માટે રચના કરું છું તો કલાકારની આ નિજાનંદની વાત અને શ્રીમદ્‌જીની આત્મશ્રેયાર્થની વાત તદ્દન સમીપ છે.

કાવ્ય, સાહિત્ય કે સંગીત વગેરે કલાઓ માત્ર ભક્તિ પ્રયોજનરૂપ ન હોય તો તે માત્ર કલ્પિત અને નિરર્થક બની રહેશે. જે કલા દ્વારા આત્મગુણોનો વિકાસ થાય તે કલા જ સાર્થક. જે સર્જનમાં

નિજસ્વરૂપને પામવાની ઝંખના નથી તે કૃતિ ઇન્દ્રિયોના મનોરંજન કરનારી નીવડે છે; જેનું પરિણામ ભોગ-ઉપભોગ અને તૃષ્ણા વધારનારું, રાગ-દ્વેષ અને સંસાર વધારનારું હોય છે. સૂરદાસ, તુલસીદાસ, મીરાં, નરસિંહ, કબીર કે અવધૂત આનંદઘનજીનું સંગીત કે કાવ્યસાહિત્ય, ભક્તિ પ્રયોજનરૂપ કે આત્માર્થે હોવાથી, ચિરંજીવ બની અમરત્વને પામ્યું.

જાણે ઉપર ઉપરથી છીછરા પાણીમાં છબછબિયાં કરાવતી કલા અને સાહિત્ય કૃતિઓ ક્ષણિક આનંદ આપે અને તેનું આયુષ્ય માત્ર પરપોટા જેટલું હોઈ, કાળના પ્રવાહમાં વિસ્મૃત બની જાય. પરંતુ શ્રીમદ્‌જી જેવા સર્જકની કૃતિઓ સ્વપરની કલ્યાણકારી બની ગઈ, કારણ કે તેમાં આત્મત્વના ઊંડાણમાં ડૂબકી લગાવ્યા પછીના નિજ ભાવ કે ઉત્કટ સંવેદના વ્યક્ત થઈ છે. શુદ્ધ આચરણમાં પરાવર્તિત થયેલી સર્જકતાએ આત્માની અમરતાનું ગાન પ્રગટ કર્યું છે.

સાહિત્યનો ઉદ્દેશ માત્ર ધર્મોપદેશ કે નીતિના પ્રસારપ્રચારનો જ નથી પરંતુ સાહિત્યસર્જનનો મૂળ ઉદ્દેશ તો શુભતત્ત્વોના દર્શનનો જ હોવો જોઈએ. માટે જ સત્‌સાહિત્યને જીવનનો અમૃતકુંભ કહ્યો છે.

આ અંગેના કાર્યક્રમોની વિચારણા વખતે શ્રીમદ્‌જીની સાહિત્ય, સંગીત કે કલા આત્માર્થે જ હોય તે વાત દીવાદાંડી સમાન બની રહેશે કારણ કે વિવિધ કલાઓ એ સાહિત્યજીવનનું એક અંગ છે. જીવનને ઘડવામાં, જીવનને સુસંસ્કૃત બનાવવામાં તેનું ઘણું મોટું યોગદાન છે, માટે તે ક્ષેત્રની વિશુદ્ધિ માનવજીવનને ઊંચાઈ પર લઈ જશે.

આપણે જોયું કે શ્રીમદ્‌જીની આ નાનકડી નોંધમાં અધ્યાત્મ અમૃત છલોછલ ભરેલું છે.

શ્રીમદ્‌જીના વિપુલ કાવ્યસર્જનમાં સદ્‌ગુરુ ભક્તિરહસ્ય (વીસ દોહરા), આત્મસિદ્ધિ શાસ્ત્ર, અમૂલ્ય તત્ત્વવિચાર, અપૂર્વ અવસર સહિત અનેક કાવ્યોની રચનામાં આત્મચિંતનનું નિરૂપણ થયું છે.

કાવ્યની એક-એક ગાથા પર એક-એક ગ્રંથની રચના થાય કે એક-એક ગાથા પર એક-એક પ્રવચનશ્રેણી યોજી શકાય એવા અધ્યાત્મ રહસ્યો ભરેલાં પડ્યાં છે.

શ્રીમદ્‌જીના વિચારમંથન પછી જે નવનીત પ્રગટ થયું તેનું આ સર્જન (શાસ્ત્ર) બની ગયું.

શ્રી આત્મસિદ્ધિની ૨૮મી ગાથામાં કહ્યું,

"લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન."

આત્મગુણો પ્રગટ કરવા કર્મોની નિર્જરા કરવાના આ રહસ્યને સમજાવવા માટે શ્રીમદ્‌જીએ ગાથાના પૂર્વ પક્ષમાં એક માર્મિક શબ્દ મૂક્યો - એ છે 'વૃત્તિ', "લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું", વૃત્તિને ઓળખવાની છે. કર્મ સહિત આત્મામાં બે પ્રકારની વૃત્તિઓ વહી રહી છે - એક સ્વાભાવિક વૃત્તિ અને બીજી વૈભાવિક વૃત્તિ.

જ્ઞાનાદિ મૌલિક ગુણો, ક્ષમા, સત્ય, સરળતા, નિર્લોભતા, સમતા, વિવેકનું પરિણામ ધારામાં પ્રગટ થવું તે સ્વાભાવિક વૃત્તિ અને ક્રોધાદિ રૂપ આત્મામાં પરિણમી જવું અને પછી તે રૂપ પ્રગટ થવું તે વૈભાવિક વૃત્તિ છે.

૧૭ અક્ષરના હાઈકુમાં આ વાતને સુંદર રીતે રજૂ કરી છે –

**"મનમાં રામ**
**ને મનમાં રાવણ**
**રામને સીંચો."**

પ્રત્યેક માનવીના મનમાં રામ નામના શુભ વિચારોની એક વેલ ઊગે છે અને રાવણ જેવા દુષ્ટ વિચારોની પણ એક વેલ ઊગે છે. કવિએ અહીં શુભ ચિંતનને પોષવાની, સદ્‌વિચારની વેલને

ઉછેરવાની વાત કરી છે.

શ્રીમદ્જીએ અહીં વૃત્તિના સ્વરૂપનું આત્મનિરીક્ષણ કરવાની વાત કરી છે. આપણી પોતાની વૃત્તિનું પ્રવૃત્તિ અને આસક્તિ સાથે અનુસંધાન છે તેનું આપણે **ઓબજરવેશન** જ નહીં પરંતુ **ઈંસ્ટ્રોસ્પેક્ષન** પણ કરવાનું છે.

વળી, પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલી અને તેમની સાથેના આસક્તિના અનુબંધને પણ તોડવું પડશે.

આ વાતને સરળ રીતે સમજીએ.

એક સંતે તેના ભક્તજનને કહ્યું, "ચા-તમાકુનું વ્યસન છે તે સારું નથી. તેને છોડી દ્યો." થોડા દિવસ પછી પેલા ભક્તજન સંતના દર્શને આવ્યો ને કહ્યું, "બાપજી, ચા-તમાકુ છોડી દીધાં છે." સંત કહે, "સારું કર્યું, પણ દિવસમાં ચા-તમાકુ યાદ આવે ત્યારે શું કરો ?" "ચા યાદ આવે ત્યારે કૉફી પી લઉં અને તમાકુ યાદ આવે ત્યારે ગુટકા ખાઈ લઉં !" પ્રવૃત્તિ બદલી, વૃત્તિ નહીં.

એક સંતની પ્રેરણાથી શિક્ષણસંકુલની સ્થાપના થઈ. મુનિના દસ વર્ષના પ્રચંડ પુરુષાર્થ બાદ સંસ્થા એક આદર્શ સંસ્કારધામ બની. કેટલીક સૈદ્ધાંતિક બાબતોમાં સંચાલકો અને ટ્રસ્ટીઓ સાથે એ સંતને મતભેદ થયો. સંતનું આર્ત્તધ્યાન જોઈ તેમના ગુરુએ કહ્યું, "આ સંસ્થામાં તું આસક્ત થયો છે. તારું આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન તરફ ઝડપથી જઈ રહ્યું છે. આ સંજોગોમાં તું મૃત્યુ પામે તો આ શિક્ષણસંકુલમાં સાપ તરીકે જ જન્મે." સંતને ઝટકો લાગ્યો. પોતાની વૃત્તિ અને પ્રવૃત્તિ પર નિરીક્ષણ કર્યું. આલોચના કરી. આખી રાતના મનોમંથન બાદ ચિત્તમાંથી પહેલા સંસ્થાને અને તેના સંચાલકોને દૂર કર્યા. વહેલી સવારે સંસ્થાના સ્થાનકમાંથી વિહાર કર્યો. સંતની જાગૃત ચેતનાના સમ્યક્ પરાક્રમે અહીં પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલાઈ ગઈ. સંસ્થામાંથી સંતનું મહાભિનિષ્ક્રમણ નિજી સંયમજીવનનો મર્યાદા મહોત્સવ હતો.

નગરમાં એક સંન્યાસી આવ્યા. સંન્યાસીની જીવનચર્યા જોઈ રાજાએ સંન્યાસી બનવાનું નક્કી કર્યું. રાજપાટ, વૈભવ છોડી રાજા સંન્યાસી પાસે આવ્યા અને કહ્યું કે મને સન્યસ્ત દીક્ષા આપો.

સંન્યાસીએ રાજાને દીક્ષા આપી. રાજા તો જંગલમાં કુટિર બનાવી રહેવા લાગ્યા. રાજાને દીક્ષા આપનાર ગુરુ અન્યત્ર ચાલી ગયા. સંન્સાયી બનેલા રાજા માત્ર કુટિરને સ્વચ્છ સુઘડ જ નથી રાખતા, ધીરે ધીરે કુટિરને વિશાળ બનાવે છે. વિવિધ વૃક્ષોનાં રંગીન લાકડાંઓની કલાકૃતિ બનાવી, વાંસની કમાનો બનાવી તે શણગારે છે. વિવિધ રંગીન ફૂલો અને પર્ણોથી કુટિરનું સુશોભન કરે છે. કુટિરના વિશાળ આંગણમાં કેટલાંક પશુ-પંખીને પાળે છે.

એક વર્ષ પછી રાજાને દીક્ષા આપનાર સંન્યાસી ગુરુ તે જંગલના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. રાજાએ ગુરુ સંન્યાસીને પોતાની કુટિરમાં પધારવા આમંત્રણ આપ્યું. રાજાએ કુટિર, આંગણું, પશુ-પંખી અને સુશોભન બતાવી પૂછ્યું,

"ગુરુજી, મારી કુટિર કેવી લાગે છે ?"

ગુરુજીએ કહ્યું, "કુટિર તો મહેલ જેવી સોહાય છે." ગુરુ દ્વારા કુટિરના વખાણ સાંભળી સન્યસ્ત થયેલા રાજાના મુખ પર અહમ્ અને ખુશીના ભાવ જોઈ ગુરુ વિચારે છે કે રાજા મહેલમાંથી તો બહાર નીકળી ગયા, પરંતુ રાજામાંથી મહેલ નથી ગયો. ચિત્તમાં મહેલ મોજૂદ છે જ.

ગુરુ કહે, "અગાઉ મહેલ અને રાજ્યનો વિસ્તાર અને શણગાર કરતા હતા, હવે કુટિરનો. પહેલા મહેલ, રાણી, કુંવરો, સેવકો પ્રત્યે મોહ તો હતો. હવે કુટિર, ફૂલ, ઝાડ, પાન, પશુ-પંખી પ્રત્યે મોહ, આમાં પરિગ્રહ પ્રત્યેની આસક્તિ કેમ છૂટશે ? પ્રવૃત્તિ જરૂર બદલાઈ, વૃત્તિ નથી બદલાઈ. રાજામાંથી રાજર્ષિ થવું હોય તો પ્રવૃત્તિ સાથે વૃત્તિને

બદલવી પડશે.'' સંન્યાસી બનેલ રાજા પ્રમાદ અને મોહની નિદ્રાથી જાગૃત થયા. પશુ-પંખી, ફૂલ-ઝાડ અને કુટિરનો ત્યાગ કરી અન્ય સ્થળે ચાલી ગયા. પૂર્વે સંન્યાસી થવા સમગ્ર સામ્રાજ્યનો અને વૈભવનો ત્યાગ કર્યો હતો તે ત્યાગ કરતાં જંગલની આ કુટિરનો ત્યાગ મહાન હતો, કારણ કે આ ત્યાગમાં ચિત્તવૃત્તિમાંથી આસક્તિનો ત્યાગ અભિપ્રેત હતો. અહીં પ્રવૃત્તિની સાથે વૃત્તિ બદલાઈ હતી. કુટિરમાંથી અન્યત્ર જંગલ તરફ જતી સંન્યાસીની યાત્રા અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા હતી.

આપણે લાખો રૂપિયા ખર્ચી વિદેશ પ્રવાસમાં જઈએ. ત્યાં પણ ગુજરાતી વાનગી શોધીએ. હોટલ છોડતી વખતે શેમ્પુની બોટલ કે સાબુ ન છોડીએ... આ વૃત્તિ.

પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલે અને આસક્તિ સાથેનો અનુબંધ તૂટે તો વૃત્તિ સ્વાભાવિક બની શકે ને પારમાર્થિક બની શકે. માટે જ શ્રીમદ્‌જીએ અધ્યાત્મમાર્ગના સાધકોને વૃત્તિ પર સંશોધન કરવાની શીખ આપી છે.

શ્રીમદ્‌જીના વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પત્ર સાહિત્યનું વિશિષ્ટ યોગદાન છે. મોક્ષમાર્ગનાં સાધકો માટે આ પત્રો અમૂલ્ય નજરાણું છે. આ પત્રોએ અધ્યાત્મ શ્રુતસંપદાને સમૃદ્ધ કરી છે.

સંવત ૧૯૪૩ થી ૧૯૫૭ સુધીના તેર વર્ષના ગાળામાં લગભગ ૯૫૦ થી વધારે પત્રો ઉપલબ્ધ થાય છે. ૩૫૦થી વધારે પત્રો, જૂઠાભાઈ, ગાંધીજી સહિત કેટલાક મુમુક્ષુઓ અને અલગ અલગ વ્યક્તિઓ પર લખાયેલા છે. ૧૨૫ પત્રો અંબાલાલભાઈ પર લખેલા. ૧૮૦ જેટલા પત્રો લઘુરાજ સ્વામી પર લખાયેલ છે. સૌથી વધુ પત્રો એટલે કે ૨૫૦ જેટલા પત્રો તેમના પરમ સખા શ્રી સૌભાગ્યભાઈ પર લખાયેલા છે. ગાંધીજીને હિન્દુ ધર્મમાં થયેલી શંકાનું નિવારણ શ્રીમદ્‌જીના પત્રો દ્વારા થયું. ગાંધીજીએ નોંધ્યું છે કે, આધ્યાત્મિક ભીડ વખતે મને શ્રીમદ્‌જીનો આશરો હતો. એ પરથી આપણે જાણી શકીએ કે શ્રીમદ્‌જીના પત્રો કેટલી આધ્યાત્મિક ઊંચાઈએ હશે. ઉપરાંત ચાર આધ્યાત્મિક પુરુષો આવા વિષમ કાળમાં શ્રીમદ્‌જીથી આત્મજ્ઞાન પામ્યા તે પરથી આપણે સમજી શકીએ કે શ્રીમદ્‌જીનું આધ્યાત્મિક સાહિત્ય કેટલું ઉચ્ચ કોટિનું હશે.

આ તમામ પત્રો અધ્યાત્મભાવોથી સભર છે. સેંકડો વિષયોનું પત્રોમાં સહજ રીતે નિરૂપણ થયું છે. નિશ્ચય અને વહેવારનો અદ્‌ભુત સમન્વય પણ આ પત્રોમાં જોવા મળે છે. એવા જ એક પત્રના કેટલાક અંશ જોઈએ –

પત્ર ક્રમાંક ૭૭૨ : મુમુક્ષુ, સાધુ, સંત, ગુરુ-શિષ્ય, પુત્ર, ગૃહસ્થ દરેકને માર્ગદર્શક આ પત્રનો ભાવાર્થ જોઈએ તો –

કેટલાક રોગાદિમાં ઔષધાદિ પ્રાપ્ત થાય છે અને અસર કરે છે. કેટલાકમાં ઔષધિ પ્રાપ્ત થતી નથી, અસર પણ કરતા નથી. અમુક કર્મબંધ કેવા પ્રકારનો છે તે તથારૂપ જ્ઞાનદૃષ્ટિ વિના જાણવું કઠણ છે. એટલે ઔષધાદિ વ્યવહારની પ્રવૃત્તિ એકાંતે નિષેધી ન શકાય. પોતાના દેહના સંબંધમાં કોઈ પરમ આત્મદૃષ્ટિવાળો પુરુષ તેમ વર્તે તો, એટલે ઔષધાદિ ગ્રહણ ન કરે તો તે યોગ્ય છે, પણ બીજા સામાન્ય જીવો વર્તવા જાય તો એકાંતિક દૃષ્ટિએ હાનિ કરે.

શ્રીમદ્‌જીના પત્રના આ ભાવ સમજતાં વિચારવાનું કે આપણે તો સંતો, સ્વજન, માતા-પિતા કે આશ્રિતોના રોગ કે પીડા સમયે સંપૂર્ણ વૈયાવચ્ચ કરવાની કારણ કે તે સ્વ-પર કલ્યાણકારી છે.

નગરથી ઉપવન તરફ જતાં રાજમાર્ગ પર ચાલી જતી બે સહિયરોએ એક દૃશ્ય જોયું. કૌતુકભરેલા દૃશ્યને નિહાળવા એ બંને સખી આગળ

ચાલી. નગરશ્રેષ્ઠી હાથીની અંબાડી પર બેઠેલા હતા. બાજુમાં મહાવત, આગળ-પાછળ સેવકો ચાલી રહ્યા હતા. રાજમાર્ગથી રસ્તો ફંટાયો. નાનકડો રસ્તો ઉપવન તરફ જતો હતો. ત્યાં શ્રેષ્ઠી હાથી પરથી ઊતર્યા અને ઘોડા ઉપર બેઠા. થોડું આગળ ચાલતા એક પગદંડી આવી. શ્રેષ્ઠી ઘોડા પરથી ઊતર્યા. અનુચરો પાલખી લઈને ઊભા હતા તેમાં શ્રેષ્ઠીને બેસાડી ઉબડ-ખાબડ કેડી પર જરા પણ આંચકો ન આવે તેમ ભોઈ-અનુચરો પાલખી ઊંચકીને ચાલવા લાગ્યા. ઉપવન આવતાં શ્રેષ્ઠી નીચે ઊતર્યા અને બંગલામાં મખમલી તળાઈ સાથેની ફૂલ જેવી શૈયા પર સૂતા. અનુચરો પગ દબાવવા લાગ્યા એ કૌતુકભર્યું દૃશ્ય જોતાં એક સખી બીજી સખીને પૂછે છે :

"હાથી બેઠો, ઘોડે બેઠો, બેઠો પાલખીમાંય;
કિયા દિનકો થકો, સખીરી પડ્યો દબાવત પાય."

સખી જવાબ આપે છે :

"સાધુ સંત કી સેવા કિંની, ચાલ્યો અણવણ પાય;
તા' દિનકો થકો સખીરી પડ્યો દબાવત પાય.
માત-પિતા કી સેવા કિંની, દેખો નવ દિનરાત;
તા' દિનકો થકો સખીરી પડ્યો દબાવત પાય."

માટે જ શ્રીમદ્જીએ પત્રમાં અનેકાંત દૃષ્ટિનો ઉપયોગ કરી વૈયાવચ્ચ કરવાનું માર્ગદર્શન આપ્યું છે.

શ્રીમદ્જીના આ પત્રમાં નિશ્ચય અને વહેવારનો અદ્ભુત સમન્વય જોવા મળે છે. પત્રાંક ૪૬૦, ૬૮૯, ૬૯૨ સમાધિમરણનું કારણ બને તેવા છે. આજે પણ અંતિમ સમયની આરાધના માટે આ પત્રો દિવ્ય ઉપચાર સમાન છે અને અશાતાના ઉદય સમયે સમતા અને પરમ શાતા ઉપજાવનાર છે.

આપણે જોયું કે શ્રીમદ્જીના કાવ્ય સાહિત્ય, પત્ર સાહિત્ય કે ઉપદેશનોંધો અને દરેક પ્રકારના સર્જનમાં આપણને પરમ આધ્યાત્મિક મૂલ્યોના દર્શન થાય છે.

અપૂર્વ અવસરમાં શ્રીમદ્જીએ આત્માના ગુણસ્થાનક આરોહણક્રમ દર્શાવ્યો છે. આત્મ-વિકાસના તબક્કાનું આધ્યાત્મિક નિરૂપણ કર્યું છે. પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ આ કાવ્યને અલૌકિક ઉપલબ્ધિ કહી, આને નિર્ગ્રંથતાથી નિર્વાણ સુધીની યાત્રાનું વર્ણન કરતી આકૃતિ સ્વયં ચેતનાનું જાગરણ કહી આંતરશક્તિ જગાડવા માટેની પ્રાર્થના છે. આ પદના કર્તા રાજચંદ્ર મટીને જ્ઞાનચંદ્ર બની કેવળ જ્યોતિર્મય ભાવે આપણી સમક્ષ ચમકી રહ્યા છે.

આ કાવ્ય વિશે 'સિદ્ધિનાં સોપાન' પુસ્તકમાં મુનિ સંતબાલજીએ લખ્યું છે કે અપૂર્વ અવસરની રચનામાં કવિશ્રી એવા સફળ થયા છે કે આગ્રાનો તાજમહેલ જેમ શિલ્પદુનિયાની અદ્ભુત કળાનો નમૂનો છે તેમ આ ગીતા જેવા સર્વમાન્ય ગ્રંથની હરોળમાં આવે એવો આધ્યાત્મિક જગતના આલીસાન મંદિરનો કળાનમૂનો છે. ગીતાની આસપાસ જેમ આખું આધ્યાત્મિક જગત છે તેમ આની આસપાસ આધ્યાત્મિક જગતમાંથી કાઢી આપેલો કેવળ મલીદો (સાર) છે. એ પચાવવા માટે અમુક ભૂમિકા જોઈએ. એ જો જેને પચે તેનો બેડો પાર.

આમ, સંતબાલજી અપૂર્વ અવસરને ગીતા જેવો મહાગ્રંથ ગણે છે અને તેને અધ્યાત્મમંથન પછી મેળવેલું નવનીત કહે છે.

આધ્યાત્મિક માર્ગ માટે ગુરુનું મહત્ત્વ છે. શ્રીમદ્જીએ ઠેરઠેર ગુરુનો મહિમા ગાયો છે.

શ્રીમદ્જીની કેટલીક રચનાઓમાં મહત્ત્વનો મુદ્દો 'સદ્ગુરુનું મહત્ત્વ' સદ્ગુરુની કૃપા વિના મોક્ષમાર્ગ પ્રાપ્ત ન કરી શકાય. શ્રીમદ્જીએ 'આત્મસિદ્ધિશાસ્ત્ર' 'બિના નયન', 'લોકસ્વરૂપનું રહસ્ય', 'અંતિમ સંદશ', 'મૂળ મારગ' આદિ રચનાઓમાં ગુરુનું મહત્ત્વ બતાવ્યું છે.

બિના નયન પાવે નહિ, બિના નયન કી બાત,

સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્.

પનિહારી કૂવામાંથી પાણી સિંચીને બહાર કાઢતી હોય ત્યારે પનઘટ પાસેથી પસાર થતો કોઈ વટેમાર્ગુ પાણી પીવા આવે તો તે તેને નાત-જાત પૂછ્યા વિના પોતાની ગાગરમાંથી પથિકના ખોબામાં જલધારા કરી તેની તૃષા તૃપ્ત કરે છે એવી જ રીતે સત્પુરુષો પાસે આપણે જ્ઞાનની તરસ લઈને પરમ વિનયભાવથી જશું તો આપણા પર કરુણા કરનારા તે સંતો આપણી જિજ્ઞાસાને જ્ઞાનદાનથી પરિતોષ કરશે.

ગુરુ વિના શાસ્ત્રના રહસ્યો આપણને સમજાય નહીં. માટે જ શ્રીમદ્‌જીએ ઠેરઠેર સદ્‌ગુરુનો મહિમા ગાયો છે. જપ, તપ, વ્રત આદિ શુભ અનુષ્ઠાનો છે, તે આત્માર્થે કર્તવ્ય છે. ગુરુકૃપા અને ગુરુઆજ્ઞાથી જ આ સાધના સફળ થાય છે. વળી, ગુરુ જ સાધનાપંથે શુદ્ધ સાધન પ્રતિ અંગુલિનિર્દેશ કરી શકે છે.

ગુરુશરણમાં જવાથી અહંકાર અને સ્વચ્છંદ દૂર થઈ શકે છે.

શ્રીમદ્‌જીએ જે મંત્રો આપ્યા છે તે સાધકો માટે બહુ જ મહત્ત્વના છે.

**● સહજાત્મસ્વરૂપ પરમગુરુ :**

જે શુદ્ધ સહજાત્મ સ્વરૂપને પામ્યા છે તે પરમગુરુ પાંચ છે — અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. સહજ એટલે સ્વાભાવિક શુદ્ધ, નિર્મળ, સર્વ કર્મમળથી રહિત અને આત્મસ્વરૂપ એટલે આત્માનું મૂળ શુદ્ધ સ્વરૂપ સ્ફટિક સમાન અત્યંત નિર્મળ છે.

આ મંત્રનું ચૌદપૂર્વના સારસમા મહામંત્ર નવકાર સાથે અભેદપણું છે.

**● આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.**

હું દેહાદિ સ્વરૂપ છું, સ્ત્રી-પુત્ર મારા છે એવી ભાવના તે સંસારભાવના. તેથી ચાર ગતિરૂપ સંસારમાં જીવને જન્મ-મરણ કરવાનું વધે છે અને હું દેહાદિ સ્વરૂપ નથી તથા દેહ, સ્ત્રી-પુત્ર મારા નથી. શુદ્ધ, ચૈતન્યરૂપ અવિનાશી એવો હું આત્મા છું એવી આત્મભાવના ભાવવાનું પરમકૃપાળુદેવે આપણને જણાવ્યું છે. કારણ કે આત્મભાવનાથી રાગદ્વેષ ક્ષય થાય અને સંસાર ઘટે. આમ, આત્મભાવના ભાવતાં જીવ અંતે કેવળજ્ઞાનને પામે છે.

આ મંત્રમાં અનુપ્રેક્ષા (ચિંતન) સમાહિત છે.

**● પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ :**

પરમગુરુ એટલે પંચપરમેષ્ઠિ ભગવાન. તેમાં અરિહંત ભગવાન અને સિદ્ધભગવાન તો સર્વજ્ઞ દશાને પામેલ છે. બાકીના ત્રણ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ નિર્ગ્રંથ એટલે ગાંઠ વગરના છે કઈ ગાંઠ ? તો કે રાગદ્વેષ અને અજ્ઞાનરૂપી ગાંઠ જેની ગળી ગઈ છે તે પુરુષાર્થબળે આગળ વધતા અંતે કેવળજ્ઞાન પામી સર્વજ્ઞદશા પ્રગટ કરશે.

પરમકૃપાળુદેવે કરુણા કરી આપણા આત્માના કલ્યાણ અર્થે આ મંત્રની રચના કરી છે.

કોમળ વ્યંજનો દ્વારા રચાયેલ તેમની અનુપમ કૃતિઓમાં સરળ ગુજરાતી ભાષામાં સહજ નવા-જૂના ગુજરાતી શબ્દોનો પ્રયોગ પાઠકનું મન મોહી લ્યે છે. શારદાપુત્ર તરીકે મા શારદાની અનુપમ સેવા બજાવી છે. ગુજરાતી સાહિત્યમાં આવા આધ્યાત્મિક પદોનો ઉમેરો કરી ગુજરાતી અધ્યાત્મ સાહિત્ય સંપદાને સમૃદ્ધ કરી સાહિત્યિક ક્ષેત્રમાં તેઓ ઉત્તમ સ્થાને બિરાજ્યા છે. જેમનું સર્જન શાસ્ત્ર બની ગયું અને જેમના શબ્દો મંત્ર બની ગયા, એવા યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીને અભિવંદના કરી વિરમું છું.

● ● ●

# વાણીની પ્રભુતા

**વિભાબેન એસ. મહેતા**

વાણી એ માનવસૃષ્ટિની અણમોલ સંપત્તિ છે. ઈશ્વરીય ચમત્કૃતિ છે. સામાન્યતઃ બધા જીવોને જીભ હોય છે. મનુષ્ય સિવાયના બીજા જીવો મનુષ્યની માફક બોલીને, પોતાના વિચારો સ્પષ્ટ અભિવ્યક્ત કરી શકતાં નથી. મનુષ્ય પોતાના વિચારોને વાણીના માધ્યમથી વ્યક્ત કરી શકે છે. એટલે વાણીનું માહાત્મ્ય જેવું તેવું નથી.

વાણીની જાગૃતિ વિશે વિચારીએ તો એમ લાગે કે જગતના મોટા ભાગના વિખવાદો અને વિસંવાદો વાણીએ સર્જ્યા છે. વાણી બોલતી વખતે સાવધાની પણ રાખવી પડે છે. કારણ કે આપણી વાણીને કારણે ઘણી કટુતા અને ભેદ સર્જાતા હોય છે. એક બાજુ એમ કહેવામાં આવે છે કે બીજા તમામ આભૂષણોની તુલનામાં વાણીના જેવું બીજું કોઈ ઉત્તમ આભૂષણ નથી તો બીજી બાજુ એ જ વાણી ભાઈ-ભાઈ વચ્ચે વેરઝેરનું સર્જન કરે છે. આપણી પાસે બે આંખ છે. બે કાન છે. શ્વાસોચ્છ્વાસ લેવા માટે બે નસકોરા છે. જ્યારે જીભ એક જ છે. પરંતુ એ એક હોવા છતાં ઘણી પ્રભાવક છે. આપણે જાણીએ છીએ કે દ્રૌપદીના દુર્યોધન પ્રત્યે બોલાયેલા કટુ-વચનો મહાભારતના મહાસંહારનું કારણ બન્યા છે. વાણી પ્રત્યે જાગૃતિ રાખનાર વ્યક્તિ જીવનના કેટલાક અનાવશ્યક કલહોમાંથી ઉગરી જાય છે.

પ્રભુ મહાવીર દેવના સાધના સમયની ઉત્કૃષ્ટતા દર્શાવતા કલ્પસૂત્રમાં એવો ચિંતનનો તિખારો નિહાળીએ કે, જે આપણા વચનને - વાણીને વિવેકતેજથી ઝગમગામી દે તેવો છે. કલ્પસૂત્રમાં લખાયેલ અબ્ભક્ખાણેવાં - અભ્યાખ્યાન નામે ઉતાવળે કોઈના ઉપર મિથ્યા આરોપ લગાવી દેવો. ખોટું આળ ચડાવી દેવું. તેવા વાણીના દોષ આપણને દ્વેષયુક્ત ઉચ્ચારેલી વાણીથી લાગે છે. તીર્થંકરદેવ જ્યારે સંયમ સ્વીકારે તે જ ક્ષણથી ચાર વિશિષ્ટ જ્ઞાનના ધારક બને છે. આમ છતાં તેઓ જ્યાં સુધી પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ બનતાં નથી ત્યાં સુધી કાંઈ ઉપદેશવચનો બોલતાં નથી. પ્રભુએ માયામૃષાવાદ નામે અસત્ય-ભાષણ સંબંધી એક દોષ દર્શાવ્યો છે. અસત્યભાષણ પાપબંધ કરનાર ભયંકર તત્ત્વ છે. વારંવાર વાણીવિલાસ દ્વારા જૂઠું બોલનારને ભવાંતરમાં એ બોધિદુર્લભ બને અર્થાત્ એને ધર્મપ્રાપ્તિ અતિ મુશ્કેલ બને છે. જે વ્યક્તિ વારંવાર દંભપૂર્વકના જૂઠાણા ઉચ્ચારવાની આદતનો શિકાર બને છે તેને લૌકિક નુકસાન પણ થાય છે. ગમે તેટલું સફાઈભર્યું જૂઠું ઉચ્ચારે પરંતુ ક્યાંક અને ક્યારેક તો એ છતું થઈ જતું હોય છે.

આપણે સાવ સાધારણ બાબતો ઉપર વાણીનો દુરુપયોગ કરીને વાણી-વ્યવહાર કરીએ છીએ. પીવાના પાણીને જો આપણે ગાળીને વાપરીએ છીએ તો વાણીને આપણે એક નહિ, બે-બે ગળણે ગાળીને વાપરવી જોઈએ. બે પૈકી એક ગળણું છે ચકાસણીનું અને બીજું ગળણું વિવેકનું. ધારો કે ચકાસણીના અંતે સો ટચના સત્ય પુરાવાઓના બળે કંઈક ગલત પુરવાર થાય તો વિવેકપૂર્ણ અભિગમથી એના લાભ-નુકસાન વિચારીને પ્રેમાળ અભિગમ અપનાવીએ તો આપણે પાછળથી પસ્તાવું પડતું નથી. વ્યક્તિનું જીવન વિચાર, લાગણી અને આવેગ એ ત્રણથી ચાલતું હોય છે. એમાં પણ મનમાં કોઈ આવેગ આવે અને પછી એ આવેગ એના આખાયે ચિત્તને દોરી લે છે. એકવાર મનમાં કોઈ આવેગનો ધમધમાટ જાગે પછી ઉલ્કાપાત જ થવાનો. જે વ્યક્તિ પર આવેગ આવ્યો તેના પર ગુસ્સા અને ક્રોધ સાથે આવેગને વશ થઈ કશુંક એવું બોલી નાંખશે કે જેને કારણે એમનો મધુર સંબંધ ઝેર જેવો બની જશે. એના મનમાં ધૂંધવાતો ક્રોધ જ્યારે વાણી કે વર્તનરૂપે આવેગ સહિત બહાર નીકળે છે ત્યારે તે

આસપાસનું જગત ભૂલી જાય છે. સ્નેહ, પ્રેમ, મૈત્રી જેવા ભાવો એને એ સમયે દેખાતાં નથી. વાણીનો આવેગ એક ઝંઝાવાત જેવો છે; જેમાં સંબંધોમાં વાવેલાં પ્રેમના વૃક્ષોને મૂળિયા સહિત ઉખેડી નાંખે છે. વર્તમાનમાં તો હાનિ થાય છે પરંતુ ભવિષ્ય પણ અંધકારમય બનાવે છે.

તત્ત્વચિંતકો વાસ્તવિક વાત બતાવતાં કહે છે કે મનને શાંત રાખો. તે પહેલાં તમારી જીભને શાંત રાખતાં શીખો. જીભ જો શાંત થઈ જશે તો મનને શાંત રાખવું બહુ આસાન થઈ જશે. સામાન્યરીતે દેશમાં હુલ્લડ થતાં હોય ત્યારે સરકાર 'કરફ્યુ' લગાવી દેતી હોય છે. તેવી જ રીતે જ્યારે જીવનમાં ઉશ્કેરાટ, ક્લેશ, સંઘર્ષ અને અશાંતિમાં જીભ પર કરફ્યુ લગાવી દઈ જીભને અસરકારક રીતે શાંત રાખીએ તો જીવનસંઘર્ષ શાંત થયા વિના ન રહે. વાણી મિત્ત-મર્યાદિત, અદુષ્ટ અને વિચારપૂર્વકની બોલવી જોઈએ કે સામેની વ્યક્તિ એ વાણીથી સંતુષ્ટ બને અને પોતે પ્રશંસાપાત્ર બને. જે વ્યક્તિ મર્યાદિત સંયમપૂર્વક અલ્પ બોલે, કઠોર વાણી ન બોલે, વિવેકપૂર્વક સારાસારનો વિચાર કરી વર્તન કરે તો પ્રશંસાપાત્ર બને છે. વાણી જ વ્યક્તિને સામાના દિલમાં ચડાવી દે છે અને વાણી જ વ્યક્તિને સામાના દિલથી ઉતારી દે છે.

આધ્યાત્મિક માર્ગના યાત્રીને અંતરની કેડી પર પ્રવાસ કરવાનો હોય છે. અંતરની કેડી ત્યારે જ સુલભ અને સ્પષ્ટ બને જ્યારે સાધક અંતર્મુખ બને. આ અંતરની કેડી પર પહોંચવા માટે મૌનની પ્રવૃત્તિ પહેલી જોઈશે. જ્યાં પરમતત્ત્વ સાથે મૌન દ્વારા સંવાદ શક્ય બને છે. મૌન જ મિલનની અને પરમઆનંદની પૃષ્ઠભૂમિ તૈયાર કરે છે. આ ત્યારે જ શક્ય બને જ્યારે સંપૂર્ણપણે વાણીને વિરામ આપી દેવામાં આવે. વાણીને મૌનમાં પરિવર્તિત કરવામાં આવે તો વૃત્તિઓ શાંત થાય છે. ચિત્ત સ્થિર બને છે. અંતર્મુખી દૃષ્ટિ ઉઘડે છે અને આત્માનો પરિચય સાધવાનું સરળ બને છે. આત્મદેવ તો પ્રતિક્ષણ આપણી પાસે જ છે. પરંતુ તેની સાથેનો સાક્ષાત્કાર ત્યારે જ સંભવે જ્યારે આપણે શાંત અને નિર્મળ અરીસા જેવા થઈ જઈએ. જ્યારે મન મૂક થશે અને વાણીની મુખરતા અટકી જશે ત્યારે જણાશે કે જેની શોધમાં આપણે ભટકી રહ્યા હતા તે તો આપણી પાસે જ છે. આપણે પોતે જ વાણી અને મનના જગતમાં એવા અટવાઈ ગયા હતા કે આપણા આત્મદેવનો સાક્ષાત્કાર કે અનુભવ કરી શક્યાં નહિ.

વાણીના સામ્રાજ્યનું સત્ય હવે સમજાય છે કે માણસ પોતાની વાતોથી જ પોતાની અસલિયતને પ્રગટ કરી દે છે. સારા-નરસાના વિવેકને સમજવામાં માણસના મોઢેથી બહાર પડતાં શબ્દો જ અગત્યનો ભાગ ભજવે છે. પોતાની શિષ્ટતા કે અનિષ્ટતાને બોલવાના દ્વારથી ડોકિયું કરાવી દે છે. જેવું જેનું આંતરિક જીવન હોય છે તેવું જ તેનું સ્પષ્ટ ચિત્ર જીભ ઉપસાવી દે છે. કારણ વાણી આપણા હૃદયનું ચિત્ર છે અને લેખની હૃદયની જીભ છે. મીઠાશ એ વાણીનું અમૃત છે. વાણીમાં ગમે તેટલું તત્ત્વ ભર્યું હશે પરંતુ માધુર્યગુણથી શૂન્ય હશે તો ભાગ્યે જ ગૂઢાર્થ ભરેલી તે વાત મહત્તા પામશે. વાણી સદા મીઠાશ સાથે જ પ્રભાવોત્પાદક બને છે. તમો સત્ય બોલો, પરંતુ તેમાં વાણીનું માધુર્ય ભળેલું હોવું જોઈએ. હૃદયની મધુરતા જ્યારે વાણીમાં ઉતરે ત્યારે વાણી પણ વધારે પ્રિય અને પ્રિયતર બની જાય છે. મીઠાશ વગરનું સત્ય પણ ઝેર બની જાય છે. મીઠી વાણીમાં એક પ્રકારનો એવો જાદુ છે કે મીઠી વાણી બોલનાર તરફ સૌ સહજ આકર્ષાય છે.

આપણા સહુના જીવનના સારા-નરસા પ્રસંગોમાં વાણીની પ્રભુતા પોતાનો પ્રભાવ દર્શાવતી રહે છે માટે હે પ્રભો ! મારી વાણી શાંત અને શૂન્ય કરી દો ! મારા મનમાં વાણીને સ્થિર બનાવી દો અને મારા મનને વાણીમાં સ્થિર કરી દો ! અમે સત્યના ઉપાસક છીએ એટલે જ મૌનને ઉપકારક રહીએ, એવો દિવસ વીતે એવી પ્રાર્થના કરીએ છીએ. અમારી વાણી બોલબોલ કરીને લપસી પડી ન જાય, અમારી વાણીમાં તમારા એકાંતનું ઐશ્વર્ય ઉમેરો, અમને ચિંતામુક્ત કરો, ભયમુક્ત કરો અને ભાવયુક્ત બનાવો. ■ ■

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં ડિસેમ્બર માસની ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિર સંપન્ન

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીના જન્મમંગલદિન નિમિત્તે તા. ૧-૧૨-૨૦૧૭થી તા. ૩-૧૨-૨૦૧૭ દરમ્યાન ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગલ પ્રારંભ થયો. શિબિરનું સફળ સંચાલન પ્રજ્ઞાવંત મુમુક્ષુ આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

**સ્વાધ્યાય : પૂજ્યશ્રી આત્માનંદજી**એ હિતશિક્ષા આપતા જણાવ્યું કે ભારતીય પરંપરામાં સદ્‌ગુરુનું પદ અનાદિથી જયવંત વર્તે છે. સદ્‌ગુરુ પ્રત્યે ગુણાનુરાગ અને ગુણગ્રાહક દૃષ્ટિ કેળવીએ. સમય બદલાય પણ સત્‌દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ બદલાતું નથી. પરમાત્મા અને સદ્‌ગુરુની પૂજા દ્વારા તેમના જેવા સદ્‌ગુણોની પ્રાપ્તિનો લક્ષ રાખીએ તો તેઓની પૂજા સાર્થક ગણાય. તેઓની ભક્તિ દ્વારા આત્મા શુદ્ધ થાય છે અને મોક્ષમાર્ગમાં આગળ વધે છે. સંવર + નિર્જરા + પુણ્યાનુબંધી પુણ્ય = સદ્‌ગુરુ. જેના ગુણો હૃદયથી ગાય તે ક્રમે કરીને તેના જેવો બને છે.

બા.બ્ર. **પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહે** વચનામૃત પત્રાંક - ૪૭ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પરમાત્મપદને પ્રાપ્ત કરવાની તીવ્ર જિજ્ઞાસા એટલે તત્ત્વાભિલાષા. ત્રિકાળી શુદ્ધાત્માના આશ્રયે સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થાય છે. પરમપદની પ્રાપ્તિમાં રાગ, દ્વેષ અને અજ્ઞાન આવરણરૂપ છે. આત્મકલ્યાણ માટે સમય કાઢવાનો છે તેને બદલે આરંભ-પરિગ્રહ, વિષય-કષાયમાં સમય વ્યતીત કરી દઈએ છીએ. કીર્તિ અનાદિકાળથી કુંવારી રહી છે ! આત્માનો ઉપયોગ આત્માકાર થાય તે ધર્મ છે. સ્વભાવપરિણમન માત્ર સ્વભાવના આશ્રયે થાય. આપણે પર પદાર્થોમાં સુખ શોધીએ છીએ પણ સુખ તો આત્મામાં છે. તમામ સાધના સ્વરૂપસ્થ થવા માટે છે. જીવે બધા સામે જોયું પણ સ્વ(આત્મા) તરફ ન જોયું ! આત્મપ્રાપ્તિનું પ્રેરણાબળ સત્પુરુષો આપે છે. જાણનારને જાણે તો ક્યાંય નજર ન દોડે. વૈરાગ્ય વિના મોક્ષના અન્ય સાધનો નિષ્ફળ જાય છે. આત્મા સ્વસંવેદનગમ્ય છે. સર્વ પાપનો બાપ તે લોભ છે. તેનાથી પ્રેરાઈને જીવો મનુષ્યભવને વ્યર્થ ગુમાવે છે. સત્સંગ એ પરંપરાએ મોક્ષનું કારણ છે.

શુદ્ધાત્માના લક્ષે બાહ્ય સાધનો કરવાં. તત્ત્વની શ્રદ્ધામાં વિપરીતતા ન હોવી જોઈએ. પ્રથમ પરીક્ષાપ્રધાની થાઓ પછી આજ્ઞાપ્રધાની થાઓ તો આત્મકલ્યાણ થાય. સમ્યક્‌જ્ઞાનરૂપી દીપકથી જગતના પદાર્થો યથાર્થ જણાય છે. આત્માનુભૂતિ માટે અભેદ આત્માને પકડો. સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ પ્રારબ્ધને આધીન છે, જ્યારે મોક્ષમાર્ગમાં પુરુષાર્થની પ્રધાનતા છે. 'ઉપયોગ' એ સાધના છે. આકુળતામાં દુઃખ અને અનાકુળતામાં સુખ રહેલું છે. પ્રશસ્ત રાગ ભૂમિકા અનુસાર હોય છે, પરંતુ તે ઉપાદેય નથી. સગવડો વધે તેમ પરાધીનતા વધતી જાય છે. રાગ-દ્વેષ ઘટાડ્યા વિના આત્મકલ્યાણ સંભવ નથી.

**પદ્મશ્રી ડૉ કુમારપાળ દેસાઈ**એ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે અધ્યાત્મના માર્ગે આવવું, ટકવું અને લાંબો સમય રહેવું કઠિન છે. ભગવાન હૃદયમાં હોય એટલે ચોતરફ આપોઆપ અજવાળા પથરાય.

પૂજ્યશ્રી આત્માનંદજી સાથે મારો દીર્ઘકાળનો પરિચય છે. માતાના વાત્સલ્યનું પ્રગટીકરણ પૂજ્યશ્રી પાસે છે. પારદર્શિતા, બાળક જેવી સરળતા, વિલક્ષણ સમતા, વિશાળ દષ્ટિકોણ, રાષ્ટ્રભક્તિ, ક્રાંતદર્શન, ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો લગાવ, આધ્યાત્મિક ઉડ્ડયન જેવા પૂજ્યશ્રીના અનેક સદ્‌ગુણોએ મને આકર્ષિત કર્યો છે. જાતે દુઃખ સહન કરીને જગતને સુખ આપવું તે સંતોની જીવનરીતિ છે. જ્ઞાનને કોઈ સીમાડા હોતા નથી. જ્ઞાનને સીમિત ન કરો. જે પ્રજા પોતાના ઇતિહાસને ભૂલે છે તે પોતાના જીવનને અંધકાર તરફ લઈ જાય છે. વર્તમાનમાં સૌથી વધારે રાષ્ટ્રભક્તિની જરૂર છે. પૂજ્ય આત્માનંદજીએ રાષ્ટ્રભક્તોનો સદા આદર કર્યો છે. જે પ્રજા પોતાના રાષ્ટ્રને સાચવતી નથી તે ધર્મ, જીવનની ગરિમા અને મૂલ્યોને જાળવી શકતી નથી. ચારે બાજુથી ગ્રંથનું અધ્યયન કરવું, ભીતર સાથે સંવાદ કરવો એટલે સ્વાધ્યાય. ગ્રંથ દ્વારા ગ્રંથિનું ભેદન કરવાનું છે. વૃત્તિઓને ભીતરમાં કેન્દ્રિત કરવાનો રામબાણ ઉપાય સ્વાધ્યાય છે.

**આદ. બા.બ્ર. સુરેશજી**એ વચનામૃત પત્રાંક - ૧૨૮ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પ્રતિક્રમણ એટલે દોષો પ્રત્યેનો ધિક્કારભાવ અને પ્રત્યાખ્યાન એટલે ફરી તે દોષો ન કરવાનો સંકલ્પ. દોષ કરવાની વૃત્તિ ક્ષય કરવા પુરુષાર્થ કરવો. સંકલ્પ-વિકલ્પ એ ભાવપરાવર્તન છે. વૈરાગ્ય માટે પંચ પરાવર્તન યાદ કરવા. વિભાવભાવોનો થાક લાગ્યો હોય તે પરમાર્થબોધને પાત્ર છે. ગાઢ મિથ્યાત્વને લીધે સ્વદોષો પ્રત્યે આકુળવ્યાકુળતા થતી નથી. જ્ઞાનીપુરુષોને અબુદ્ધિપૂર્વકની પણ જાગૃતિ હોય છે. ઉપયોગની ધારાનું પર પદાર્થ તરફ જવું એનું નામ રાગ. પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમભાવ રાખવા પ્રયત્ન કરવો. ક્રિયા કરતાં 'ભાવ' ને વધારે પ્રધાનતા આપવી. અંતરની શાંતિ જળવાઈ રહે તે પ્રકારે વર્તવું.

**ભક્તિસંગીત :** શિબિર દરમિયાન મુમુક્ષુવૃંદ તથા યુવાસાધક ગ્રુપ (કોબા) ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

**'શ્રી જિનેન્દ્ર પૂજા' ડી.વી.ડી.નું વિમોચન :** તા. ૧-૧૨-૨૦૧૭ના રોજ સંસ્થા દ્વારા તૈયાર થયેલ 'શ્રી જિનેન્દ્ર પૂજા' ડી.વી.ડી.નું પૂજ્યશ્રી આત્માનંદજી અને અન્ય મહાનુભાવોના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું. આ ડી.વી.ડી.માં ૫૦ જેટલી પૂજાઓ, અભિષેકપાઠ, સમુચ્ચયઅર્ઘ, આરાધનાપાઠ, શાંતિપાઠ વગેરેનો સમાવેશ થાય છે. બા. બ્ર. સુરેશજી, બા. બ્ર. જનકબેન, બા. બ્ર. અલકાબેન, આદ. કપિલજી વગેરે સંસ્થાના ત્યાગી વર્ગના પ્રખર પ્રેમપરિશ્રમથી ડી.વી.ડી.નું નિર્માણ શક્ય બન્યું છે. આ યુવાસાધકોએ સુમધુર સ્વરમાં ભાવવાહી પૂજાઓ પ્રસ્તુત કરી છે. આ ઉપરાંત રેકોર્ડિંગ માટે સ્ટુડિયોના શ્રી અમિતભાઈનો પણ પ્રેમપૂર્ણ સહયોગ સાંપડ્યો છે. આ સત્કાર્ય માટે આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવોને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

**'શ્રી જિનેન્દ્રપૂજા' પુસ્તકનું વિમોચન :** ઉપરોક્ત ડી.વી.ડી.માં સંકલિત બધી પૂજાઓનું સંકલન કરીને 'શ્રી જિનેન્દ્ર પૂજા'નું પુસ્તકરૂપે પ્રકાશન કરવામાં આવ્યું. પૂજ્યશ્રી અને મહાનુભાવોના વરદ હસ્તે ઉપરોક્ત પુસ્તકનું તા. ૧-૧૨-૨૦૧૭ના રોજ વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તક ત્રણ ભાગમાં વિભાજિત છે : (૧) અભિષેક, (૨) તીર્થંકરની પૂજાઓ, (૩) વિશિષ્ટ પૂજાઓ. પૂજાઓમાં આવતા અઘરા શબ્દોના અર્થ પણ આપવામાં આવ્યા છે. પૂ. ઉપાધ્યાય અનુભવસાગરજી મહારાજ તથા મુનિશ્રી ચંદ્રગુપ્તજી મહારાજે આ પ્રકાશનમાં વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું તે બદલ તેઓને હૃદયપૂર્વક વંદન. પુસ્તક પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવોને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

'શ્રી જિનેન્દ્ર પૂજા' ડી.વી.ડી. તથા પુસ્તકની કુટુંબદીઠ પ્રભાવના નીચેના દાનવીર મહાનુભાવો દ્વારા

કરવામાં આવી : (૧) માતુશ્રી ગુણવંતીબેન મનહરલાલ જશવાણી પરિવાર, મુંબઈ, (૨) શ્રી ભારતીબેન અરવિંદભાઈ કારાણી, મુંબઈ, (૩) શ્રી હીનાબેન હિતેનભાઈ હરિયા, મુંબઈ, (૪) શ્રી દક્ષાબેન નરેન્દ્રભાઈ કાપડી, પૂના, (૫) એક મુમુક્ષુબહેન, અમદાવાદ.

**પ્રકીર્ણ :** શિબિર દરમિયાન જિનાભિષેક, જિનપૂજા, પ્રાતઃકાળની ભક્તિ, શ્રી બૃહદ્ આલોચના જેવા કાર્યક્રમો યોજાયા હતા. સંસ્થાના પ્રકાશનો, ડી.વી.ડી. વગેરે પર ૫૦ % ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું. શ્રી શાંતાબેન અમૃતલાલ સોનેજી પરિવાર, અમદાવાદ તરફથી દરેકને નોટ-બોલપેનની પ્રભાવના તેમજ શ્રી ઈલાબેન શરદભાઈ ડેલીવાળાના જન્મદિવસ નિમિત્તે પેંડાની પ્રભાવના કરવામાં આવી હતી. શિબિર દરમિયાન નીચેના દાનવીર મહાનુભાવો તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું : જેની સાભાર નોંધ લઈએ છીએ.

(૧) શ્રી કુમુદભાઈ એસ. મહેતા, મુંબઈ

(૨) સ્વ. સુભદ્રાબેન જગજીવનભાઈ તુરખિયાના આત્મશ્રેયાર્થે
હસ્તે : મીનાબેન કિરણભાઈ તુરખિયા પરિવાર, ચેન્નાઈ

(૩) શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી, રાજકોટ.

## સંસ્થા આયોજિત બોડી પ્રોફાઈલ (પેથોલોજી) તપાસ કેમ્પ સાનંદ સંપન્ન

સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે તા. ૩-૧૨-૨૦૧૭ના રવિવારના દિવસે બોડી પ્રોફાઈલ (પેથોલોજી) તપાસ કેમ્પ સાનંદ સંપન્ન થયો. પૂજ્યશ્રી આત્માનંદજી અને મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા કેમ્પનો શુભારંભ થયો. બા.બ્ર.પૂ.ગોકુળભાઈએ મંગલાચરણ કર્યું હતું. કેમ્પ અગાઉ સંસ્થાના ટ્રસ્ટી આદ.ડૉ. રાજેશભાઈ સોનેજીએ કેમ્પ અંગેની સુંદર માહિતી તેમજ માર્ગદર્શન પૂરા પાડ્યા હતા.

કેમ્પ માટે ગ્રીનક્રોસ લેબોરેટરી (મણિનગર, અમદાવાદ) તથા ડૉ. દિલીપભાઈ શાહ અને ડૉ. સર્જનભાઈ શાહનો વિશેષ સહયોગ સાંપડ્યો હતો. કેમ્પ માટે શ્રીમતી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવારે (રાજકોટ) આર્થિક સહયોગ આપી પુણ્યાર્જનનો લાભ લીધો, તે બદલ સંસ્થા તેઓનો હૃદયપૂર્વક આભાર માને છે. માત્ર રૂ. ૩૦૦/-ના રાહતદરે લેબોરેટરી તપાસ કરીને સૌને રિપોર્ટ આપવામાં આવ્યા. ૪૨૫ જેટલા લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પને સફળ બનાવવામાં શ્રી દિનેશભાઈ બાવીસી, ડૉ. રાજેશભાઈ સોનેજી તથા શ્રી નીતાબેન લોઢિયાએ લીધેલા પ્રેમપરિશ્રમની સાભાર નોંધ લઈએ છીએ. કેમ્પને સફળ બનાવવામાં સહયોગ આપનાર સૌ કોઈને સંસ્થા તરફથી ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **જ્ઞાનદાન :** (૧) સ્વ. રીખબચંદજી વોરાના આત્મશ્રેયાર્થે — રૂા. ૧૧,૦૦૦/-
  હસ્તે : ખુશ્બૂ C/o મીનરવા ફેન્સી સ્ટોર, કર્ણાટક
  (૨) શ્રી નટવરલાલ હીરાચંદભાઈ શાહ, સુરેન્દ્રનગર — રૂા. ૧૦,૦૦૦/-
- **પુસ્તક પ્રકાશન :** શ્રી હિતેનભાઈ હરિયા, મુંબઈ — રૂા. ૧૧,૦૦૦/-

| | | |
|---|---|---|
| • **સાધકનિવાસ :** | (૧) શ્રી સુવર્ણાબેન જયેશભાઈ જૈન, બેંગ્લોર | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | (૨) શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ, રાજકોટ | રૂા. ૧૧,૦૦૦/- |
| • **ગુરુકુળ :** | શ્રી આરતીબેન બી. પટેલ, અમદાવાદ | રૂા. ૧૮,૦૦૦/- |
| • **મેડિકલ સેન્ટર :** | શ્રી અભયભાઈ મહેતા, યુ.કે. | રૂા. ૧૦,૦૦૦/- |
| • **ધર્મપ્રભાવના :** | શ્રી ગિરધરલાલ મોતીચંદભાઈ વસાણી, બોટાદ<br>હસ્તે : બા. બ્ર. છાયાબેન શેઠ, કોબા | રૂા. ૧૦,૦૦૦/- |

## વર્ષાયોગ પીંછી પરિવર્તન

શ્વેતાંબર આમ્નાયમાં, સંયમજીવનમાં ઓઘાનું જે વિશિષ્ટ મહત્ત્વ છે તેટલું જ દિગંબર આમ્નાયમાં પીંછીનું છે. નિર્દોષ મોરપીંછમાંથી ખાસ બનાવેલ આ પીંછી અહિંસાનું દ્યોતક અને સૂક્ષ્મ જીવદયા પાલનમાં સહાયક છે. પ્રતિવર્ષ વર્ષાકાળ (ચાતુર્માસ) પૂર્ણ થતા મુનિ મહારાજને નવી પીંછી પ્રદાન કરવામાં આવે છે અને તેઓશ્રી તેમની જૂની પીંછી સુપાત્ર જીવોને ધર્મપ્રેરણા અને સ્મરણાર્થે આપે છે.

ચીતરી (રાજ.)માં આદ. મુમુક્ષુ શ્રી ભૂપેશભાઈ અને મોહિતાબેનની, સમસ્ત આચાર્યસંઘની સંપૂર્ણ જવાબદારી લેવા સાથેની, વિનય-વિનંતીને માન આપીને વૈજ્ઞાનિક ધર્માચાર્ય પ. પૂ. શ્રી કનકનંદિજીએ સસંઘ (૩ મુનિ + ૪ આર્યિકાજી) ચીતરીમાં ચાતુર્માસ કરેલ. વર્ષાકાળ પૂરો થતાં, પીંછીપ્રદાન અને પૂર્ણાહુતિના મંગલ પ્રસંગે, કોબાથી આદ. બા.બ્ર. સુરેશજી, બા.બ્ર. અલકાબેન, બા. બ્ર. જનકબેન, બા. બ્ર. ડૉ. રાગિણીબેન તેમજ સર્વશ્રી અનુપમભાઈ, મહેન્દ્રભાઈ, અરૂણભાઈ વગેરે ખાસ ચીતરી ગયા હતા. પ. પૂ. આચાર્યશ્રી પ્રખર સરસ્વતી ઉપાસક અને ધર્મવત્સલ છે. પૂર્ણાહુતિના દિવસે ૨૨ ડિસેમ્બર, પીંછી આદિ ઉપકરણો સાથે, ચીતરી ગામમાં ભવ્ય શોભાયાત્રા પછી પૂજા આદિ માંગલિક પ્રસંગો હતા. બપોરે વિજયમુહૂર્તમાં પ. પૂ. આચાર્યશ્રીને પૂ. શ્રી આત્માનંદજી, પૂ. બહેનશ્રી શર્મિષ્ઠાબેન તથા સમગ્ર કોબા પરિવાર વતી આદ. સુરેશજી વગેરેએ વિનય-વિધિપૂર્વક નવી પીંછી પ્રદાન કરીને ધન્યતા અનુભવી. પ. પૂ. કનકનંદી આચાર્યશ્રીએ પણ ખૂબ વાત્સલ્યભાવથી જૂની પીંછી કોબા પરિવારને આપી તે કોબા આશ્રમનું અહોભાગ્ય હતું. આ શુભ પ્રસંગે આદ. મહેન્દ્રભાઈ ખંધાર, અરુણભાઈ બગડિયા તથા અનુપમભાઈ શાહ તરફથી કોબા આશ્રમના નામે રૂા. ૨૧ હજાર આહારદાન તથા જ્ઞાનદાન માટે આપ્યા. આ સિવાય પ. પૂ. આચાર્યશ્રીએ કોબા પરિવારની ગુરુભક્તિના પ્રતીકરૂપે પ્રશસ્તિપત્ર અને સ્મૃતિચિહ્ન આપ્યા. ચીતરી જૈન સંઘે કોબા પરિવારના હાજર સભ્યોનું શાલ-શ્રીફળથી બહુમાન કર્યું. પ્રસંગને અનુરૂપ બા.બ્ર. સુરેશજી તથા બા.બ્ર. અલકાબેને ઉદ્‌બોધન કરેલ. પ.પૂ. કનકનંદી આચાર્ય ભગવંતે તેમના પ્રવચનમાં, સાધનામાં પ્રેરકબોધ સાથે મંગલ આશીર્વાદ આપ્યા.

## ઈડરમાં સત્સંગ સમારોહ

તારીખ ૧૨-૧૧-૨૦૧૭, રવિવારે ઈડરમાં દિવ્ય સત્સંગ સમારોહમાં કોબા આશ્રમથી પૂ. બહેનશ્રી, આદ.બા.બ્ર. સુરેશજી, સર્વ શ્રી મહેન્દ્રભાઈ, કિરીટભાઈ, પૂર્ણિમાબેન તથા અન્ય મુમુક્ષુઓ ગયા હતા. ઈડર અને આજુબાજુના ગામોમાંથી ૫૦૦થી વધુ સત્સંગી ભાઈ-બહેનો ઉમટી પડેલ. સ્વાધ્યાયમાં પૂ. બહેનશ્રીએ આજ્ઞાપાલન, ગુરુગમ અને તેના માહાત્મ્ય વિષે સુંદર સમજૂતી આપી. આદ. સુરેશજીએ

આહારશુદ્ધિ અને મનશુદ્ધિ વિષે કહ્યું. મહેન્દ્રભાઈએ સુખી જીવનના ૧૦ સોનેરી સૂત્રો વિષે વાત કરી. આદ. કિરણભાઈ, શામળભાઈ વગેરે સ્થાનિક મુમુક્ષુઓએ કાર્યક્રમ અને સત્કારમાં સહકાર આપેલ. ભીખાભાઈ અને અરખીબેન વણકર પરિવારે સત્સંગ યોજેલ. કોબા પરિવાર તેમને ધન્યવાદ પાઠવે છે.

## રાજ-પરિવાર દ્વારા આયોજિત ડો. કુમારપાળ દેસાઈની શ્રીમદ્ રાજચંદ્ર કથા-દર્શન વ્યાખ્યાનશ્રેણી સંપન્ન

રાજ-પરિવાર દ્વારા અમદાવાદમાં સર્વપ્રથમ વાર શ્રીમદ્ રાજચંદ્ર કથા-દર્શનનું આયોજન કરવામાં આવ્યું. સવિશેષ તો પૂજ્યશ્રી ડૉ. શર્મિષ્ઠાબેનની ભાવનાને કારણે અને એ પછી રાજપરિવારની તમામ સંસ્થાઓના સહયોગથી ડૉ. કુમારપાળ દેસાઈની ચાર દિવસીય વ્યાખ્યાનશ્રેણી યોજવામાં આવી. આ વ્યાખ્યાનશ્રેણીમાં શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવન ટ્રસ્ટ (અમદાવાદ-વડવા-ઈડર), શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા, શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા, શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર જેવી રાજપરિવારની ચારેય સંસ્થાઓ ઉપરાંત ગુજરાતમાં શિક્ષણ, સામાજિક સુધારણા અને કેળવણીના ક્ષેત્રે દોઢસો વર્ષથી કાર્યરત એવી ગુજરાત વિદ્યાસભા, તેમજ જૈન ધર્મ, કલા અને સંસ્કારના પ્રચારનું કાર્ય કરતી ભારત અને બ્રિટનની ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી પણ આમાં સામેલ થઈ. વળી, આ વ્યાખ્યાનોમાં જુદા જુદા સંપ્રદાયોના તેમજ શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢીના અગ્રણીઓ ઉપસ્થિત રહેતા એક વિશાળ માહોલ સર્જાયો હતો. બા.બ્ર. પૂજ્ય ગોકુળભાઈની ઉપસ્થિતિ સોનામાં સુગંધ ભળવા સમાન બની ગઈ.

પોતાની પ્રભાવક, પ્રમાણભૂત અને અનેક રસપ્રદ સંદર્ભો ધરાવતી વ્યાખ્યાનશૈલીથી સતત ચાર દિવસ ડૉ. કુમારપાળ દેસાઈએ સહુને અભિભૂત કર્યા. સવિશેષ તો તેના પ્રથમ દિવસે શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબાના પ્રણેતા પૂજ્યશ્રી આત્માનંદજી નાદુરસ્ત તબિયત હોવા છતાં ઉપસ્થિત રહ્યા અને એમના આશીર્વાદ સાથે આ કથાનો પ્રારંભ થયો.

આ વ્યાખ્યાનમાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે શ્રીમદ્ રાજચંદ્રએ દાંભિક ધર્માચરણો અને ક્રિયાકાંડનો વિરોધ કરીને આત્મધર્મનો પુનઃ પ્રસાર કરવા માટે અવિરત પ્રયાસ કર્યો. એમને માત્ર સાત વર્ષની વયે જાતિસ્મૃતિજ્ઞાન પ્રાપ્ત થતાં, આ જન્મ લક્ષ્યસાધક નીવડે તે માટે એમણે મોક્ષમાર્ગ પ્રતિ તીવ્ર ગતિ કરી. એમને જ્યારે એમ લાગ્યું કે આ એમની મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં શતાવધાનના પ્રયોગો અને જ્યોતિષશાસ્ત્ર અવરોધક છે, તો એને તત્કાળ તિલાંજલિ આપી દીધી.

માતાની અનિચ્છાને કારણે એમણે દીક્ષા લીધી નહીં અને જીવનભર એકનિષ્ઠાથી માતાની સેવા કરતા રહ્યા. જુદાં જુદાં નિવૃત્તિક્ષેત્રોમાં રહીને એમણે સાધના કરી અને જૈનધર્મના સિદ્ધાંતોના નિચોડ સમા ગ્રંથો રચ્યા. એમનામાં કવિતા અને તત્ત્વજ્ઞાન એવા લય અને તાલ સાથે પ્રગટ થયા કે અગણિત મુમુક્ષુઓના અંતરમાં આજ સુધી એનું અવિરત ગુંજન ચાલ્યા કરે છે. એમણે રચેલું 'આત્મસિદ્ધિશાસ્ત્ર' આત્માનું ઉપનિષદ ગણાયું અને 'અપૂર્વ અવસર' નામનું એમનું કાવ્ય મહાત્મા ગાંધીજીને ઘણું પ્રિય હતું.

આ વ્યાખ્યાનશ્રેણીમાં ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે, મહાત્મા ગાંધીજીના જીવન પર કોઈનો સૌથી વધુ પ્રભાવ પડ્યો હોય તો તે શ્રીમદ્ રાજચંદ્રનો હતો. એમની પાસેથી ગાંધીજી અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અનેકાન્ત જેવી ભાવનાઓ પામ્યા અને ગાંધીજીએ એનો પોતાની રીતે રાષ્ટ્રકલ્યાણમાં વિનિયોગ

કર્યો. શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી સોભાગભાઈ અને બીજા અનેક મુમુક્ષુઓને પત્ર દ્વારા માર્ગદર્શન આપ્યું ને એમનાં પત્રો આજે અધ્યાત્મસાધકો માટે રાજપથ બની રહ્યા છે.

"મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી" એમ કહેનાર શ્રીમદ્ રાજચંદ્રજીએ સંપ્રદાયની સંકુચિતતા અને મતોના આગ્રહ છોડી આત્મકલ્યાણનો માર્ગ પામવાનો પડકાર કર્યો, તેમજ સમર્પણશીલ ભાવયુક્ત ભક્તિને એમણે સર્વોત્કૃષ્ટ માર્ગ તરીકે બતાવી. એમની ઇચ્છા શુદ્ધ ધર્મમાર્ગનો પ્રકાશ આપવાની હોવાથી એમણે વીતરાગ પ્રણીત માર્ગને યથાર્થ રીતે દર્શાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો. પરસ્પરના શાસ્ત્રોનું સાદર વાંચન થાય, જુદા જુદા ફિરકાઓ વચ્ચે એકતા સધાય તેવો એમનો પ્રયત્ન હતો. મહાત્મા ગાંધીજીની આધ્યાત્મિક ભીડ સમયે હંમેશાં માર્ગદર્શક બની રહેલા અને હિન્દુ ધર્મ વિશે મહાત્મા ગાંધીજીની શંકાઓને દૂર કરનાર શ્રીમદ્જીને કારણે મહાત્મા ગાંધીજીએ નોંધ્યું છે કે એમણે મારા ૨૭ પ્રશ્નોના આપેલા ઉત્તરોને પરિણામે મારું મન હિન્દુ ધર્મમાં ઠર્યું. આ રીતે માત્ર ૩૩ વર્ષના અલ્પ આયુષ્યમાં શ્રીમદ્ રાજચંદ્ર પરમ આત્મકલ્યાણ સાધી અનેક મુમુક્ષુઓને જીવનદૃષ્ટિ આપનારો આત્મકલ્યાણનો માર્ગ બતાવી ગયા.

આ ચારેય દિવસ પોતાની અસ્ખલિત, પ્રવાહી અને ચિંતનશીલ વાણીથી શ્રોતાઓના હૃદયને ભીંજવનારા ડૉ. કુમારપાળ દેસાઈનું છેલ્લે જુદી જુદી સંસ્થાઓએ અભિવાદન કર્યું. પૂ. આત્માનંદજી, પૂ. શ્રી ગોકુળભાઈ, પૂ. શર્મિષ્ઠાબેન, આત્માર્પિત શ્રી અપૂર્વજી, આદ. વિક્રમભાઈ, બા. બ્ર. સુરેશભાઈ જેવા તથા 'રાજસેવા' સંસ્થાના કાર્યકરો અને સર્વશ્રી અરવિંદભાઈ શાહ, શ્રી ભરતભાઈ મહેતા, શ્રી શરદભાઈ જસવાણી, શ્રી દિનેશભાઈ શાહ વગેરેએ આયોજન માટે ભારે જહેમત ઉઠાવી હતી. સર્વશ્રી કલ્પેશભાઈ વી. શાહ, અંબરિષભાઈ શાહ (ગુજરાત વિદ્યાસભા), શ્રીપાલભાઈ શાહ અને ગૌરવભાઈ શેઠ (શેઠ આણંદજી કલ્યાણજી પેઢી), નીતિનભાઈ શુકલ (પૂર્વ સી.ઈ.ઓ. સેલ હજીરા), વિનયભાઈ શાહ (ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, બ્રિટન) વગેરે દ્વારા દીપ-પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી અનામિકભાઈ શાહે ડૉ. કુમારપાળ દેસાઈએ અંગ્રેજીમાં લખેલા "શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી" પુસ્તકનું વિમોચન કર્યું હતું. શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીના સંબંધો દર્શાવતું અંગ્રેજીમાં લખાયેલું આ સર્વપ્રથમ પુસ્તક છે. આદ. વિક્રમભાઈ, શ્રીમતી પિકોલાબેન શાહ, શ્રીમતી મોનિકા શાહ અને અમીબેન ફોજદારે ભક્તિ-સંગીતમાં સાથ આપ્યો હતો.

## વૈરાગ્ય સમાચાર



**[૧] વિસનગર :** સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા મુમુક્ષુ ભાઈ **શ્રી ભીખાભાઈ કિશોરદાસ પટેલ**નું તા. ૧૨-૧૧-૨૦૧૭ના રોજ ૭૫ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ છેલ્લા દશ વર્ષથી આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા હતા. તેઓ પરોપકારી વૃત્તિના સેવાભાવી વ્યક્તિ હતા. તેઓ જીવનમાં સ્વબળે આગળ વધ્યા અને પોતાના સંતાનોને સુસંસ્કારિત કર્યા. આપણી સંસ્થાના ભોજનાલય માટે શાકભાજી, અનાજ, મસાલા વગેરેની ખરીદી કરવામાં તેમજ સંસ્થા સંચાલિત છાશકેન્દ્રો માટે તેઓએ પ્રેમથી સેવાઓ બજાવી હતી. ભક્તિમાં તેઓને વિશેષ રસ હતો. તેઓ ધર્મપ્રેમી, નિખાલસ અને સરળ હૃદયના હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**પૂ. આચાર્ય ૧૦૮ શ્રી કનકનંદીજી મહારાજ સાથે કોબા સંઘ**



**પૂ. આચાર્ય ૧૦૮ શ્રી કનકનંદીજી મહારાજને પીંછીપ્રદાન કરતો કોબા સંઘ**



**ઈડર મુકામે યોજાયેલ સત્સંગ સમારોહ વેળાએ (તા. ૧૨-૧૧-૨૦૧૭)**





**રાજપરિવાર દ્વારા અમદાવાદમાં આયોજિત ડૉ. કુમારપાળ દેસાઈની શ્રીમદ્ રાજચંદ્ર કથા - વ્યાખ્યાનશ્રેણી વેળાએ**







**ડૉ. કુમારપાળ દેસાઈ લિખિત 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજી' (અંગ્રેજી) પુસ્તકના વિમોચન વેળાએ**

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month


## સંસ્થા પ્રકાશિત 'શ્રી જિનેન્દ્ર પૂજા' ડી.વી.ડી.ના વિમોચન વેળાએ (તા. ૧-૧૨-૨૦૧૭)






## સંસ્થા પ્રકાશિત 'શ્રી જિનેન્દ્ર પૂજા' પુસ્તકના વિમોચન વેળાએ (તા. ૧-૧૨-૨૦૧૭)






### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' ડિસેમ્બર - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**સ્વ. પૂ. પિતાશ્રી જયાચંદભાઈ વિપાણીના સ્મરણાર્થે**
હસ્તે : પૂત્રવધૂ ચંદ્રિકાબેન પ્રવીણચંદ્ર વિપાણી પરિવાર C.A. (U.S.A.)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' ડિસેમ્બર - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**સ્વ.શ્રી નથુ ભીમા શાહ તેમજ સ્વ.શ્રી ડાહીબેન નથુ શાહના આત્મશ્રેયાર્થે**
હસ્તે : મોતીચંદ નથુ શાહ પરિવાર, પર્થ (ઓસ્ટ્રેલિયા)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah